
# શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના
# ૨૭ ભવનું
# સચિત્ર જીવન દર્શન




• લેખક •
મુનિ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.



• પ્રકાશક •
સુસંસ્કાર નિધિ પ્રકાશન



-: સંપાદક :-
પૂ. ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મહા.

॥ नमो जिणपवयणस्स ॥

શ્રમણ-ભગવાન મહાવીર-પરમાત્માના ૨૭ ભવનું વર્ણન

# સચિત્ર જીવન-દર્શન

કિંમત ૧૦-૦૦

—: સંપાદક :—

પૂ૦ ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ

: લેખક :

## મુનિ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી

: પ્રકાશક :

—સુસંસ્કાર-નિધિ-પ્રકાશન—

—: સહાય-દાતા :—

શ્રી માલશીભાઇ મેઘજીભાઇ પરિવાર

આધોઇ-કચ્છવાળા

○ પુસ્તક :
**સચિત્ર જીવન–દર્શન**

○ આવૃત્તિ : **પ્રથમ**
નકલ : ૧૫૦૦

○ વિ. સં. ૨૦૩૭
માગસર

○ મૂલ્ય :
રૂ. ૭-૦૦

○ સંપાદક :
**પૂ૦ ગણિવરશ્રી રાજેન્દ્રવિજયજી મહા૦**

○ લેખક :
**પૂ૦ મુનિરાજશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહા૦**

○ સહાયક દાતા :
**માલશીભાઈ મેઘજીભાઇ પરિવાર**
**આધોઇવાળા** (કચ્છ)

○ પ્રકાશક :
**સુસંસ્કાર–નિધિ–પ્રકાશન**
**સોહનલાલ મલુકચંદ** (વડગામવાળા)
૧૩૮, બી. ચંદાવાડી, ૨ જે માળે, રૂમ નં. ૧૧
સી. પી. ટેન્ક, મુંબઇ–૪૦૦૦૦૪

○ મુદ્રક :
ચંદ્રિકા પ્રિન્ટર્સ
(પેજ ૧ થી ૭૨)
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

**શ્રમણભગવાન મહાવીર–પરમાત્માના ૨૭ ભવનું સચિત્ર જીવન–દર્શન**

[ ટાઈટલ ૪ પર ભૂલથી કિંમત રૂા. ૫-૦૦ છપાઈ છે, પણ રૂા. ૭-૦૦ સમજવી ]

# -: લેખકની વાત :-

આ પુસ્તકના લેખન અને પ્રકાશન વચ્ચે લગભગ ૬-૭ વર્ષનો ગાળો લંબાયેલો છે. આજે એમ લાગે છે કે આ પુસ્તક જો વર્ષો પૂર્વે પ્રકાશિત થઈ ગયું હોત તો એનામાં રૂપ-રંગની આવી સજાવટનો સંગમ જોવા ન મળત !

પૂજ્ય ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મ. નો પ્રેરણાદાયી ઉત્સાહ આ પુસ્તકનો પ્રાણ છે. શ્રી ભદ્રેશ્વર વસઈ કચ્છના તીર્થમાં આરસ ઉપર કંડારાયેલા ભગવાન મહાવીર દેવના જીવન પ્રસંગોનો સંક્ષિપ્ત બોધક પરિચય કરાવતું આ લેખન એમના સૂચન મુજબ કર્યું, ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહોતો કે આ પુસ્તક ભગવાન શ્રી મહાવીરદેવના મુખ્ય મુખ્ય તમામ જીવન પ્રસંગોનું ચિત્ર રૂપે દર્શન કરાવશે અને એ ચિત્રોય પાછાં ઓફસેટ પ્રિન્ટીંગથી ચાર-ચાર કલરોનો સૌન્દર્ય દેહ ધારણ કરશે !

ભગવાન મહાવીરદેવનું આદર્શમય જીવન અને કર્મના માર્મિક રહસ્યને સમજાવતું અને ચિત્રોનો પરિચય આપતું લખાણ લખવા પૂરતોજ મારો શ્રમ છે. બાકી તો ચિત્રો તૈયાર કરાવવાના માર્ગદર્શનથી માંડીને આ સચિત્ર ગ્રન્થ પ્રકાશિત થાય તેમાં વિશેષ સહાયક-પરમ પૂજ્ય ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ બન્યા છે. આ રીતે મને સ્વાધ્યાયની તક સાંપડી એ બદલ એઓશ્રીનો જેટલો ઉપકાર માનું, એટલો ઓછો ગણાય !

શ્રી ભદ્રેશ્વર-વસઈ કચ્છતીર્થના જિનમંદિરની ભમતીમાં અંકિત પટ નંબરોમાંથી પાછળના કેટલાક નંબરોનો ફેરફાર કરાયો છે, કલ્પસૂત્રમાં વર્ણિત શ્રી મહાવીર ભગવાનના જીવન પ્રસંગોના ક્રમાનુસાર અહીં જીવન-ચિત્રોને

નંબર આપવામાં આવ્યા છે, ચિત્ર-પટ્ટનું દર્શન કરનારા તીર્થ યાત્રીઓને આ ગ્રંથ પ્રભુના જીવનની હકીકત જણાવવામાં ઉપયોગી થશે.

ભગવાન શ્રી મહાવીરદેવના રોમાંચક ચરિત્રને અને આ ચિત્રોને આદર્શ તરીકે આંખ સામે રાખીને આપણે સૌ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે સમતા યોગને બળવાન બનાવી સકલકર્મનો ક્ષય કરી શાશ્વત પદવીને વરીએ એજ શુભ અભિલાષા

**વાંસદા**
**મૌન એકાદશી**

**- મુનિ પૂર્ણચન્દ્રવિજય**

# સુસંસ્કાર-નિધિ યોજનાના પ્રગતિ-પગલા

'સુસંસ્કાર-નિધિ-પ્રકાશન'ની સ્થાપનાને હજી બહુ સમય થયો નથી. છતાં પૂ. ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન પામવાનું ભાગ્ય ધરાવતી આ સંસ્થાએ ટૂંકા-ગાળામાં પ્રગતિના જે પગલાં ઉઠાવ્યા છે, એ આનંદ સાથે અહોભાવ ઉપજાવે એવા છે. સંસ્થાના ઉદ્દેશ અને પ્રગતિ-પગલાઓનો પરિચય કરાવતો યોજના-પત્ર પાછળના પૃષ્ઠમાં પ્રગટ કરાયો હોવા છતાં એટલું જણાવવાનું દિલ અમે રોકી શકતા નથી કે-પાઠશાળાઓને જાગૃત બનાવવાની અને વિદ્યાર્થીઓમાં અભ્યાસની લગની, તત્વની જિજ્ઞાસા જન્માવવાની આ યોજનાને મુંબઈ તેમજ પરાઓની પાઠશાળાઓએ સારો આવકાર આપ્યો છે.

તત્વજ્ઞાનના ચિત્ર-પટોની યોજનાને ઠેર ઠેરથી હાર્દિક-સ્વાગત સાંપડ્યું છે. તેમજ વિદ્યાદાન-પ્રભાવનામાં આર્થિક સહાયકોનો સુંદર સાથ સાંપડી રહ્યો છે. શ્રી મહાવીર-પરમાત્માના ૨૭ ભવોનું સચિત્ર જીવન દર્શાવતું આ સર્વોપયોગી પ્રકાશન આજે આ સંસ્થા તરફથી થઈ રહ્યું છે, એ એક ગૌરવ લેવા જેવી વાત છે. બાલ માનસને ચિત્રો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરાવનારા અનેકવિધ પ્રકાશનો દુનિયામાં બહાર પડી રહ્યા છે. તેવા સમયે અનંત ઉપકારી મહાવીર પરમાત્માના જીવનનો યથાર્થ ખ્યાલ આવે અને બાળક સાચો પરિચય પામી શકે તેવું આ ૨૭ ભવનું સચિત્ર-ચરિત્ર પ્રથમવાર બહાર પડી રહ્યું છે. ઓફસેટ દ્વારા ચિત્રોને વિવિધ કલરમાં મુદ્રિત કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પ્રકાશનમાં શ્રી ભદ્રેશ્વર-તીર્થના શ્રી મહાવીર જિન પ્રસાદની ભમતીમાં કોતરકામથી કોરેલા રંગીન પટ્ટો ભગવાન શ્રી મહાવીર દેવના જીવન-પરિચય સમજાવવા માટે નિમિત્ત બન્યા છે.

પૂજ્ય મુનિરાજ શ્રી રાજેન્દ્રવિ.મ. ની નિશ્રામાં સં. ૨૦૨૬માં મે વેકેશનમાં ભુજસંઘના સહકારથી ધાર્મિક શિક્ષણ શિબીર શ્રી ભદ્રેશ્વરજી તીર્થમાં થઈ. અનેક યાત્રાળુઓ તીર્થપતિ મહાવીર પરમાત્માના પટ્ટોનું દર્શન કરતા અને પોતાની સમજ મુજબ બીજાને-જૈનેતર વ્યક્તિને સમજાવતાં... આમાં અધુરી સમજના કારણે પ્રભુના જીવનને પૂરો ન્યાય આપાતો નહીં. ક્યારેક ઉલટી પણ સમજ અપાતી જાણમાં આવતાં અંજારના ડો. યુ. પી. દેઢિયાને પૂજ્યશ્રીની પ્રેરણા પામીને લાગ્યું કે આ અંગે સચિત્ર ચરિત્ર ગ્રંથ પ્રકાશન કરવામાં

આવે તો યાત્રીઓને ઘણો લાભ થશે. અસમજ ગેર-સમજ વગેરે દૂર થશે. એક સાચું સમજેલો અનેકને સાચું સમજાવશે. અને આ પુસ્તકનું વિતરણ વિશેષ કચ્છ ભદ્રેશ્વરતીર્થમાં રાખવું, એમ નક્કી થયું.

આ રીતે નિર્ણય લીધા બાદ પ્રયત્ન ચાલુ કરવામાં આવ્યા. એક-બે વાર લખાણ લખાયેલું ગુમાઇ ગયું. એમાં સિદ્ધહસ્ત લેખક પૂ. મુનિરાજશ્રી પૂર્ણચન્દ્રવિજયજીને વિનંતી કરતાં તેઓશ્રીએ કૃપા કરી ચિત્રને અનુસાર ટૂંકા શબ્દોમાં સુંદર ચરિત્ર આલેખન કરી આપ્યું. જેમાં ભગવાન મહાવીરદેવના સમગ્ર-જીવનનો ટૂંક સાર આવરી લેવાનો પ્રયાસ થયો છે.

પૂજ્ય ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મ. નું બાળજીવો માટેનું સુંદર માર્ગદર્શન મળ્યું અને મહેનતના ભોગવાળું આયોજન-ચિત્ર સંકલન તેમજ પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજીમહારાજનો કામણગારો હૃદયંગમ કલમ સ્પર્શ આ પ્રકાશનની મૂડી છે આ તકે અમે પૂજ્યોનો કૃતજ્ઞભાવે ઉપકાર માનીએ છીએ.

સાથે સાથે આ ગ્રંથ તૈયાર કરવામાં અંજાર નિવાસી ધર્મશ્રદ્ધાળુ ડૉ. યુ. પી. દેઢિયાએ શ્રી ભદ્રેશ્વરજી તીર્થમાંથી ચિત્રની ફોટો કોપી કરાવી ચિત્રકાર શ્રી પ્રેમચંદભાઈ મેવાડા પાસે મોટા ચિત્રો સ્વધનના વ્યયથી કરાવી તેને ચાર કલરમાં મુદ્રિત કરવાની ગોઠવણ કરી તેનું નિરીક્ષણ કરવામાં ઘણો પરિશ્રમ લીધો છે, એ ભૂલી શકાય તેમ નથી.

સુસંસ્કારનિધિ યોજનામાં વિશેષદાતા કચ્છ આધોઇ નિવાસી **માલશીભાઇ મેઘજીભાઇ** પરિવારે અમને સારો સહકાર આપ્યો છે જેથી આ પ્રકાશન સરળ અને શીઘ્ર બની શક્યું છે.

આ ગ્રંથનું લખાણ સુંદર રીતે મુદ્રણ કરી આપવામાં 'કલ્યાણ'ના માનદ્ સંપાદક શ્રી **કીરચંદ જે. શેઠનો** તથા અજય ઓફસેટ પ્રેસના કાર્યકર શ્રી વિક્રમ**ભાઈ** તથા **સૂર્યકાંતભાઈ**એ ચિત્રમુદ્રણ કાળજી પૂર્વક કરી આપવા બદલ સુસંસ્કાર નિધિ પ્રકાશન સમિતિ વતી સૌનો આભાર માનીએ છીએ.

**૧૩૮-બી. ચંદાવાડી,**
**બીજેમાળે, રૂમ નં. ૧૧**
**સી. પી. ટેંક, મુંબઇ-૪**
**વિ.સં. ૨૦૩૭, મા.સુ. ૧**

**-: નિવેદક :-**
**સોહનલાલ મલુકચંદ (વડગામવાળા)**
કોષાધ્યક્ષ : **'સુસંસ્કારનિધિ યોજના'**

॥ નમો જિણપવયણસ્સ ॥

મહાપુણ્યોદયે તારક દેવાધિદેવ ત્રિલોકનાથ મહાવીર પરમાત્માના શાસનના યોગને પામેલા જૈનકુળમાં જન્મેલા બાળકોમાં

- સુસંસ્કારના બીજારોપણ તથા સ્થિરિકરણ માટે
- વિનય-સદાચાર-શિષ્ટ સંપન્ન ગુણી બનાવવા માટે
- સર્વજ્ઞોક્ત તત્ત્વમાર્ગના શ્રદ્ધાળુ બનાવવા માટે

## પ્રોત્સાહન-ઈનામ આપવા અર્થે

# સુસંસ્કાર-નિધિ-યોજના

પ્રેરણાદાતા : **પ. પૂ. પ્રભાવક-પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસુરીશ્વરજીમહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મ.**

ઉદ્દેશ :- કલિકાળના વિષમ વાતાવરણમાંથી આપણાં બાળકોને નાનપણથી બચાવી લઇ સંસ્કારના માર્ગે વાળવાની તાતી જરૂર છે. કોમળ બાળને જે બાજુ વાળીએ તેમ વળાય છે. બાળકમાં સારા સંસ્કાર હશે તો પોતાનું જીવન અજવાળશે. અનેકને માટે કલ્યાણમિત્રનું કાર્ય કરશે. બાળકનું જીવન વિનય-સદાચાર શિષ્ટાચારમય અનેક ગુણોથી મઘમઘતું બને, જિનભક્તિ સાથે તત્વમાર્ગનું જિજ્ઞાસુ-શ્રદ્ધાળુ અને શાસન રસિક બને માટે આ સુસંસ્કાર-નિધિની યોજના કરવામાં આવી છે, પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર બાળ સંસ્કારાર્થે વ્યય થશે.

### -: આ નિધિ દ્વારા યોજના :-

- બાળકોની જૈન ધાર્મિક તત્વજ્ઞાન વિષયની, સૂત્ર,-અર્થ, સ્તવન-સજ્ઝાય આદિની લેખિત-મૌખિક પરીક્ષા લેવી. નિબંધ અને વક્તૃત્વ હરીફાઇ યોજવી. તેમાં સારૂં પ્રોત્સાહન ઇનામ આપવું.

- બાળકોને સ્પષ્ટ પદાર્થનો બોધ થાય, એ માટે તત્વજ્ઞાનના ચિત્રમય નકશાઓ કરવા.

- બાળકોના આચારને નષ્ટ કરનારા સાહિત્યની સામે વિચાર અને આચારની રક્ષા થાય તેવું વૈજ્ઞાનિક ધાર્મિક સાત્વિક સાહિત્ય બહાર પાડવું.
- સંસ્કાર-સિંચન કરનારા ધાર્મિક શિક્ષકોનું બહુમાન કરવું.

આ યોજનામાં આપ રૂા. હજાર, પાંચસો કે અઢીસો આપી સંસ્કાર-નિધિમાં પ્રોત્સાહક દાતા બનશો અને અન્યને પ્રેરણા કરશો.

## : વ્યવસ્થાપક સમિતિ :

- પ્રમુખ :– **શ્રી હિંમતમલ રૂગનાથજી બેડાવાળા**
- સભ્ય :– **શ્રી બંસીલાલ અંબાલાલ ખંભાતવાળા**
- ,, :– **શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘી વાળા**
- ,, :– **શ્રી ભાનુભાઇ ચંદુલાલ શાહ** (વીર સેનાધિપતિ)
- ખજાનચી :– **શ્રી સોહનલાલ મલુકચંદ** વડગામવાળા

## : રકમ ભરવાનાં સ્થળ :

**હિંમતમલ વનેચંદ** : સીલ્વર મેન્સન, ૨ જે માળે, પારસી ગલી,
ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૪૦૦ ૦૦૩

o

**સોહનલાલ મલુકચંદ** : ૧૩૮–બી, ચંદાવાડી, ૨ જે માળે,
રૂમ નં. ૧૧, મુંબઇ ૪૦૦ ૦૦૪

o

**ભાનુભાઇ ચંદુલાલ ઝવેરી** : રીઝ રોડ, કૈલાસ નિકેતન, ૩જે માળે,
રૂમ નં. ૯, વાલકેશ્વર, મુંબઇ–૪૦૦ ૦૦૬

પ્રમુખ શ્રી હિંમતમલજી રૂગનાથજીના શ્રેણીતપના પારણા પ્રસંગે રજુ કરાયેલી આ સુસંસ્કાર નિધિની યોજનામાં ચંદનબાળા, લાલબાગ તથા મલાડ-નગરમાંથી પૂજ્ય ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મ. ની પુણ્ય-પ્રેરણા પામી ૭૦ જેટલા પુણ્યશાળીઓએ નાની-મોટી રકમ સંસ્કાર દાનમાં આપી છે. જેમાંથી બૃહદ મુંબઇની સર્વ પાઠશાળાઓમાંથી તથા શિબિરાર્થી વિદ્યાર્થીઓએ 'આહાર શુદ્ધિપ્રકાશ-તત્વજ્ઞાન પ્રવેશિકાની લેખિત પરીક્ષા, મૌખિક અતિચાર સૂત્રની સ્પર્ધા થઇ. જેમાં હજાર જેટલા બાળકોએ લાભ લીધો. તેમજ દીવાળીમાં સેંકડો બાળકોએ હોંશે-હોંશે ફટાકડા ત્યાગની પ્રતિજ્ઞા લીધી.

સર્વે પરીક્ષામાં જોડાએલા વિદ્યાર્થીઓની અલ્પાહારથી ભક્તિ તથા અન્ય શિબિરાર્થીઓને સારા ઇનામો આપ્યા. શિક્ષકોને તથા પ્રતિજ્ઞા લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામો અપાયા. ૨ વર્ષમાં લગભગ રૂા. ૧૬ હજારનો નોંધપાત્ર ખર્ચ કરાયો છે. આ સંસ્કાર-નિધિને બાળકોના સંસ્કારાર્થે વધુ દાનની આવશ્યકતા છે. જેમને આ પુણ્યલાભ લેવાની ભાવના હોય, તેમણે ખજાનચી સોહનલાલ મલુકચંદભાઇનો સંપર્ક સાધવો.

## -: સચિત્ર-તત્ત્વજ્ઞાન રેકઝીનના-પટોની રૂપરેખા :-

માનવને જીવવા જેટલી જરૂર શ્વાસોશ્વાસની છે, તેના કરતા દુર્લભ માનવભવ સફળ કરવા સમ્યગ્‌તત્વજ્ઞાનની છે. તત્વના શ્રદ્ધાળુ જ્ઞાની આત્માઓ પોતાના જીવન ઉદ્યાનમાંથી વાસના વિકાર-આસક્તિના ગંધાતા ઉકરડાઓ સાફ કરી અનેક સદ્‌ગુણોના પુષ્પોની ખીલવણી કરીને જીવન-બાગને મઘમઘતું અને સુવાસિત બનાવી શકે છે. તત્વજ્ઞાનનો મહિમા અપરંપાર છે.

"બહુ ક્રોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ<br>
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ.

અજ્ઞાની આત્મા જે કર્મની રાશિ ક્રોડો વરસ સુધી ભોગવીને ક્ષય કરે છે, જ્યારે તે કર્મરાશિ શ્રદ્ધાળુ ચારિત્રવાન જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

સર્વોચ્ચ મોક્ષના ધ્યેયને સિદ્ધ કરવા માટે, કષ્ટો અને ત્રાસ સામે ઝઝુમીને સરળતાથી કર્મનો અંત લાવવા માટે જીવનમાં ડગલે પગલે સમતા ને પ્રસન્નતાને નિર્માણ કરનારા તત્વજ્ઞાનના અભ્યાસની પાયામાં ખૂબ જરૂર છે.

પ૦ પૂ. ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના પરિશીલન પૂર્વકના દિગ્દર્શનથી સુસંસ્કાર નિધિ યોજક સમિતિના ઉપક્રમે તત્વજ્ઞાનના રહસ્યોને સરળતાથી બોધ પમાડી શકાય તેવા ૧ મીટર × ૧ મીટરની સાઇઝના સ્ક્રીન પ્રિન્ટીંગથી ૧૨ પટો પ્રકાશિત થયા છે.

## -: ૧૨ પટોની વિગત :-

(૧) **૧૪ રાજલોકમાં વિશ્વનું દર્શન** : લોક અલોક, દેવલોક-મનુષ્યલોક-અધોલોક-નરકાવાસ વિગેરે દર્શાવાયા છે.

(૨) **જંબૂદ્રીપ-લવણસમુદ્ર** : વિશ્વમધ્યવર્તી જંબૂદ્વીપ તેમાં રહેલા ક્ષેત્રો-પર્વતો-નદીઓ તથા લવણસમુદ્ર-વિ. છે.

(૩) **નવતત્વ** : જીવ અજીવાદિ ૯ તત્વોને હોડી અને સરોવરના દષ્ટાંતથી આલેખન કરેલ છે.

(૪) **જીવના ભેદો**-ઇન્દ્રિય -અને ગતિના વિભાગોથી જીવના ૫૬૩ ભેદ દર્શાવ્યા છે.

(૫) **કાળચક્ર** : અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના ૬-૬ આરાનું કાળચક્ર તથા પુદ્ગલ પરાવર્ત સમજાવેલ છે.

(૬) **આત્માનો વિકાસક્રમ** : અનાદિકાળથી સંસારમાં ભટકતા જીવોનો નિગોદની મૂળ અવસ્થાથી મોક્ષ–પ્રાપ્તિ સુધીની ભિન્ન ભિન્ન અવસ્થાઓ સાથે ક્રમશઃ વિકાસક્રમ દર્શાવ્યો છે.

(૭) **સમ્યક્ત્વ પ્રાપ્તિ** : મોક્ષપ્રાપ્તિ માટે પાયામાં અતિ જરૂરી એવી ઘન નિબીડ રાગ-દ્વેષની ગાંઠની ભેદનક્રિયા દર્શાવી છે.

(૮) **૧૪ ગુણસ્થાનક** : સામાન્ય જઘન્ય ગુણના વિકાસથી લઇ ઉત્કૃષ્ટ ગુણ સુધીની વિશુદ્ધિને ૧૪ વિભાગોમાં દર્શાવી છે.

(૯) **આઠ કર્મ** : જીવ સૂર્ય : તેના ગુણો અવરાયેલા આઠ કર્મો, પ્રગટેલા વિકારો દૃષ્ટાંત સાથે દર્શાવ્યા છે.

(૧૦) **છ લેશ્યા** : જંબૂવૃક્ષ અને ચોરના દૃષ્ટાંતથી મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ વિશ્વવર્તી સર્વ જીવોના તરતમતાવાળા વિચારો–અધ્યવસાયો ૬ વિભાગથી દર્શાવ્યા છે.

(૧૧) **૨૨ અભક્ષ્ય** : તામસી વિકારી અને જીવોને ક્રુર ઘાતકી અને કઠોર બનાવનારા ત્યાજ્ય ૨૨ પ્રકારના અભક્ષ્યો ચિત્રિત કરાયા છે.

(૧૨) **૧૦૮ નવકાર જાપ** : સમવસરણના ત્રણ ગઢની સાકાર કલ્પનાથી ૧૦૮ નમસ્કાર–મંત્ર જાપનું ચિત્ર છે.

શ્રી જૈનપાઠશાળાઓ માટે, તેમાં અભ્યાસ કરતાં-કરાવતાં વિદ્યાર્થીઓ શિક્ષકો તથા શિબિરો માટે આ તત્વજ્ઞાનના ચાર્ટો ચલચિત્રોની શ્રેણી અસર-વાળા જમાનામાં દિવ્ય મંત્ર ઔષધિની ગરજ સારે તેવા છે. આજેજ આપનો સેટ વસાવી લેશો.

**૧૨ ચિત્રોના એક સેટનું મૂલ્ય રૂા. ૬૦૦-**

પરિમિત સંખ્યામાં સેટો છે. તે માટે ફોર્મ મેળવી લઇ, રકમ ભરવાના તથા ચિત્રના સેટો મેળવવાના સ્થાને નીચે મુજબ છે.

## : શ્રી જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલિ પ્રકાશ :

**તા. ક.— ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના ચિત્રના દિગ્દર્શન યુક્ત ને મુનિશ્રી જયસુંદર વિજયજી મહારાજના સરળ બોધક વિવેચન સાથેનું આ પુસ્તક ઉપરોક્ત નકશાની માહિતીનો**

સુચારૂ બોધક પ્રકાશ પાથરે છે. ભારતીય-પ્રાચ્ય-તત્ત્વપ્રકાશન -સમિતિના ઉપક્રમે પ્રસિદ્ધ થઇ ગયું છે. કિં. રૂા. ૭-૦૦

પ્રાપ્તિ સ્થાનો : **કુમારપાળ વી. શાહ**
૬૮, ગુલાલવાડી, ૩ જે માળે. મુંબઇ-૪

**સેવન્તીલાલ વી. જૈન** : ૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ-૨

**શ્રી વર્ધમાન સંસ્કૃતિ કેન્દ્ર** : ધન મેન્શન, અવંતિકાબાઈ ગોખલે માર્ગ, ઓપેરા હાઉસ, મુંબઇ-૪.

**લલિતભાઇ ધામી** : અખિલ ભારતીય સંસ્કૃતિ કેન્દ્ર, રીલીફરોડ, નિશાપોળ, **અમદાવાદ-૧**

નિવેદક : **સોહનલાલ મલુકચંદ વડગામવાળા**
સુસંસ્કાર નિધિ-પ્રકાશન સંસ્થાવતી

## -: સુસંસ્કાર-નિધિ-યોજનાના દાતારો :-

### એક હજારના દાતાઓ

રસીકલાલ ભંડારી, પારસમલ જૈન, મોતીલાલ જીવરાજ, જીવતલાલ પ્રતાપશી, રમેશચંદ્ર ફુલચંદ, લલીતકુમાર રતનચંદ, દિનેશકુમાર જેસંતાલાલ, છબીલદાસ હીરાલાલ, માલશી મેઘજી આધોઇવાળા, (પાંચ સદ્‌ગૃહસ્થ તરફથી) છબીલદાસ અમુલખદાસ, નીલેશકુમાર ભાનુભાઇ, મોતી મહાજનનો કાંટો, મોતી મહાજનનો કાંટો, કીર્તિભાઇ કચરાભાઇ, પરબતભાઇ મણશીભાઇ, ખીમજીભાઇ હરશી છેડા, નાનચંદ જુઠાભાઇ, અમૃતલાલ પીતાંબરદાસ, સતીશકુમાર ચંપકલાલ.

### પાંચસોના દાતા

મૂળીબેન અંબાલાલ, હરસુખલાલ ઓધવજી, ગીરીશભાઇ હરકીશનદાસ, સાકરલાલ છગનલાલ, અંબાલાલ દલછારામ.

### બસો એકાવનના દાતા

રસીકલાલ બાપુલાલ, પ્રાણજીવન અવિચલદાસ, મોહનલાલ ચંન્દુમલજી ધીરજલાલ રામચંદ, મોતીચંદ હીરાચંદ, લખમશી ખીમજી, અમીબેન હર્ષદરાય, પોપટલાલ વીરપાળ સેવન્તીલાલ કેશવલાલ, વાલચંદ છગનલાલ, વસંતલાલ પુનમચંદ, હિંમતલાલ ભાયચંદ, મદનલાલ જે. પારેખ, ભાણજી વેલજી ગંગર, નાનાલાલ વેલજી ગંગર, રમેશચંદ્ર કાલિદાસ, મંગલાબેન ગીરધરલાલ, શ્રીપતભાઇ બંગડીવાળા.

## એકસો એકાવન, સો-પચાસના દાતાઓ

બાબુલાલ બબલદાસ, અંબાલાલ બબલદાસ, રમણલાલ મફતલાલ, રસિકલાલ બબલદાસ, મણિલાલ જગજીવનદાસ, ચીમનલાલ બબલદાસ, કસ્તુરભાઇ સંઘવી, જયંતીલાલ હરીભાઇ, સેવન્તીલાલ મફતલાલ, ભીખાભાઇ બબલદાસ, મોતીલાલ ત્રિભોવનદાસ, ચાંપશીભાઇ વીરજીભાઇ, બાબુલાલ પોપટલાલ, વ્રજલાલ ચુનીલાલ, ચિમનલાલ ન્યાલચંદ, તલકશીભાઇ મગનલાલ, અનંતરાય મોહનલાલ, કાંતિલાલ છગનલાલ, કાનજીભાઇ ભારમલભાઇ, શ્રી સંઘાણી એસ્ટેટ જૈન સંઘ, લીલાબેન રસીકલાલ, નરેન્દ્રકુમાર બાબુલાલ, મફતલાલ સાકરચંદ, કાંતિલાલ જેસીંગભાઇ, બાબુલાલ વિઠ્ઠલદાસ, લહેરચંદ ભાયચંદ.

## –: મનનીય-સાત્ત્વિક-સાહિત્યની યોજના :–

પૂ. ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની પુણ્ય પ્રેરણાથી આધ્યાત્મિક વિકાસમાં સહાયક તાત્વિક-સાત્ત્વિક સાહિત્ય પ્રકાશનની પ્રાથમિક પંચ વર્ષની યોજના આકાર પામી છે. જેમાં સિદ્ધહસ્ત લેખક પરમ પૂજ્ય મુનિવર શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજની એક કૃતિ પ્રગટ કરવી. જેઓશ્રીએ પોતાની આગવી રોચક શૈલીમાં શ્રમણ ભગવાન મહાવીરદેવના જીવન વિષે પ્રકાશ પાથરતું આ પુસ્તક લખી આપ્યું છે અને જે સંક્ષેપ સાથે ગંભીર-પ્રેરક બોધક રીતે ભગવાન મહાવીરદેવનું ૨૭ ભવનું આદર્શમય ચરિત્ર બન્યું છે.

સાત્ત્વિક સા૦ ગ્રં૦ના ચોથા વર્ષ માટે ૫૦૦ પ્રતિ પ્રગટ કરવામાં આવી છે. જે ગ્રંથમાળાના શ્રુત સભ્યોને ભેટ મોકલવામાં આવશે.

પ્રથમ વર્ષમાં મનનું મંજન પુસ્તક પ્રકાશિત કરાયું, ૨ જા વર્ષમાં તત્વચિંતન સંચય તથા વર્ધમાન તપોનિધિ ૧૦૮ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની જીવનઝાંખી પુસ્તક ભેટ અપાયું. ૩ જા વર્ષમાં આત્મનિરીક્ષણ દ્વારા જીવનશુદ્ધિ તથા ૪ થા વર્ષમાં સચિત્ર મહાવીર ભગવાનના ૨૭ ભવનું ચરિત્ર પ્રગટ કરાયેલ છે. દરેક પ્રકાશનો શ્રુત સભ્યોને ભેટ આપવામાં આવેલ છે તથા પૂજ્ય મુનિભગવંતોને તથા જ્ઞાનભંડારોને ભેટ આપેલ છે.

નવા નોંધાતા શ્રુત સભ્યોની નામાવલિ નવા પ્રકાશિત થતાં પુસ્તકમાં આપવામાં આવેલ છે.

છેલ્લા પાંચમા વર્ષમાં મનનીય બોધક ગ્રંથ તૈયાર થઇ રહ્યો છે. જે પ્રગટ થતાં મોકલવામાં આવશે.

સાત્વિક સાહિત્ય ગ્રંથમાળાની યોજના છેલ્લે ૭૧ મા પાને પ્રગટ કરાઇ છે.

# દિવ્ય-દર્શન

પ્રભાવક પ્રવચનકાર પરમ પૂજ્ય આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની**
વૈરાગ્ય-વાસિત ધર્મવાણીનું પાન કરવા આજે
આ સાપ્તાહિકના ગ્રાહક-વાચક બની જાવ-

: સંપર્ક :
**શ્રી કુમારપાળ વી. શાહ.**
૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે,
મુંબઈ – ૪૦૦ ૦૦૪


**-: પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજીની અન્ય કૃતિઓ :-**

| | | |
|---|---|---|
| [૧] | અમર-ઉપાધ્યાયજી | ( અલભ્ય ) |
| [૨] | વાદળી કાળી, કોર રૂપાળી | ,, |
| [૩] | શાસ્ત્રદૃષ્ટિના દર્પણમાં ગુરુપૂજન | ,, |
| [૪] | પ્રેરણાનો પ્રકાશ | ,, |
| [૫] | સાધના-સુવાસ | ,, |
| [૬] | વેર અને વાત્સલ્ય | (લભ્ય) |
| [૭] | યુદ્ધ વિરામ | ,, |


વાર્તા-સંગ્રહ રૂપે પ્રકાશિત અને લભ્ય છેલ્લા બે પુસ્તકો નીચેના સરનામેથી મળી શકશે.


**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર**
કીરચંદ જે. શેઠ
**વઢવાણ શહેર** (૩૬૩૦૩૦)

૧.રાજાનો નયસારને લાકડા માટે આદેશ.૨.માણસો સાથે જંગલમાં ગમન.૩.ભોજન સમયે અતિથિની રાહ.૪.અતિથિ સાધુ મળતાં ભોજન આદિનું દાન



નયસારે મુનિઓને માર્ગ દેખાડ્યો. મુનિએ નયસારને મોક્ષ માર્ગ બતાવ્યો. ધર્મ શ્રદ્ધાથી સમકિત પ્રગટ્યું. અને અંતે નવકારમંત્રથી સમાધિ મરણ







સૌધર્મ દેવલોકમાં દેવ. ભરતચક્રીના પુત્ર મરીચિ થયા. શ્રી ઋષભદેવ પ્રભુના સમવસરણની ઋદ્ધિ જોઈ વૈરાગ્ય પ્રભુ પાસે દીક્ષાગ્રહણ


ભાવી તીર્થંકર જાણી ભરતચક્રીનું વંદન, કુળમાં પ્રથમ જિન,ચક્રી,વાસુદેવ જાણી કેવું "મારું ઉત્તમ કુળ" મદથી નાચ્યા. કપિલાદિને તાપસી દીક્ષા





ભવ ૪
૫
પ મા બ્રહ્મદેવલોકમાં દસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા





કોલ્લાક સંનિવેશે કૌશિક બ્રાહ્મણ સંસાર સુખ ભોગવી પ્રાન્તે ત્રિદંડી તાપસ•આયુ ૮૦ લાખ પૂર્વનું.





સ્થૂણાનગરીમાં પુષ્પમિત્ર બ્રાહ્મણ તાપસબની તપ જપ-ધ્યાન કરે છે•આયુ ૭૨ લાખ પૂર્વનું.



ભવ-૭
૮
સૌધર્મ દેવલોકમાં મધ્યસ્થિતિવાળા દેવ થયા.





ચૈત્યસંનિવેશે અગ્નિદ્યોત વિપ્ર પ્રાંતે તાપસ • આયુ ૬૪ લાખ પૂર્વનું• ઇશાનદેવલોકમાં દેવ.




મંદર સંનિવેશે અગ્નિભૂતિ બ્રાહ્મણ અંતે તાપસ, આયુ ૫૬ લાખ પૂર્વનું. સનત્કુમારમાં દેવ.






શ્વેતાંબીમાં ભારદ્વાજ બ્રાહ્મણ તાપસ બની તપ કરે છે ▫ આયુ-૪૪ લાખ પૂર્વ ▫ માહેન્દ્રદેવલોકે દેવ.




રાજગૃહીમાં ૩૪ લાખ પૂર્વના આયુષ્યવાળા સ્થાવર બ્રાહ્મણ અંતે તાપસ થયા. ત્યાંથી ૫ મા બ્રહ્મલોકમાં મધ્યસ્થિતિવાળા દેવ થયા


વિશ્વભૂતિ યુવરાજની ઉદ્યાન ક્રિડા. રાણીએ ઈર્ષાથી સ્વપુત્ર વિશાખાનંદી માટે યુદ્ધના બહાને બહાર કઢાવ્યા. વિશ્વભૂતિ માયા જાણી રોષે ભરાયા







વિશાખાનંદીને જોઈને કોઠાના ફળ તોડવા દ્વારા બદલો લેવાનું બળ જાગાવ્યું. અસાર સંસાર જાણી દીક્ષા. ગાયે પાડ્યા. ભાઈએ હાંસી કરી


આવેશથી ગાયને આકાશમાં ઉછાળી, દયાથી ઝીલી. તપના પ્રતાપે સૌથી બળવાન બનવાનું નિયાણું કર્યું. મહાશુક્ર દેવલોકે ગયા. ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા




વાસુદેવે સિંહને જડબાથી ચીર્યો, સારથીનું સાશ્વાસન "આ નરસિંહ છે." યુધ્ધ કર્યાં. વાસુદેવ સૂઈ ગયા છતાં શય્યાપાલકે સંગીત ચાલુ રખાવ્યું.




વાસુદેવ સંગીતના અવાજથી કુપિત થયા. આજ્ઞાભંગ કરનારા શૈય્યાપાલકના કાનમાં ગરમ સીસુ રેડાવ્યું. ત્યાંથી ૭મી નરકમાં. પછી સિંહનો ભવ








સિંહે બાંધેલા અશુભ કર્મના યોગે ૪થી નરકમાં ભિષણ દારૂણ વેદના સહે છે. રથપુરે વિમલકુમાર રાજા પ્રભુભક્તિ દયાદાન-પરોપકાર કરી દીક્ષા લે છે.


પ્રિયમિત્ર ચક્રવર્તી આકાશમાં વાદળની ક્ષણ ભંગુરતા જોઈ વૈરાગ્ય, દીક્ષાનો વરઘોડો, ન દીક્ષા અંગિકાર.







પ્રિયમિત્ર મુનિ આરાધના કરી શુક્રદેવલોકમાં દેવ• નંદનમુનિ લાખવર્ષ તપકરી પ્રાણતદેવલોકે દેવ.


વીશસ્થાનક-આરાધના
૧ અરિહંત પદ
૨ સિધ્ધ પદ
૩ પ્રવચન પદ
૪ આચાર્ય પદ
૫ સ્થવિર પદ
૬ ઉપાધ્યાયપદ
૭ સાધુ પદ
૮ જ્ઞાન પદ
૯ દર્શન પદ
૧૦ વિનય પદ
૧૧ ચારિત્ર પદ
૧૨ બ્રહ્મચર્ય પદ
૧૩. ક્રિયા પદ
૧૪ તપ પદ
૧૫ દાનપદ
૧૬ જિન પદ
૧૭ સંયમ પદ
૧૮ અભિનવજ્ઞાન પદ
૧૯ શ્રુતજ્ઞાન પદ
૨૦ તીર્થ પદ
ભવ-૨૫
નંદન રાજર્ષિ ૧ લાખ વર્ષ સંયમની સાધના સાથે માસક્ષપણના પારણે
માસક્ષપણ ૧૧,૮૦૬૪૫ તપથી વીશસ્થાનક આરાધતાં જિનનામ બાંધ્યું
૨૧





પ્રાણત દેવલોકમાંથી ચ્યવી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતર્યા. ગર્ભના પ્રભાવે માતા સિંહ આદિ ચૌદ મહાસ્વપ્ન જુએ છે.





હરિણૈગમિષી દેવ ભગવાનને દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં મુકે છે. ૧૪ સ્વપ્ન દર્શન

પ્રભુનો જન્મ થતાં દિશાવિદિશામાંથી આવેલી ૫૬ દિક્કુમારિકા દેવીઓ ત્રણ કેળના ઘર રચી ક્રમશઃ તેલમર્દન-સ્નાન-પૂજા-રક્ષા પોટલી, રાસ રમે છે.







સૌધર્મેન્દ્ર પ્રભુને લઈ મેરુ શિખરે, ૬૪ ઇન્દ્રાદિ દેવ દેવીઓ પ્રભુનો અભિષેક કરે છે. નમસ્કાર પૂર્વક માતાને સોંપે છે.






મિત્રોનો વિવાહાર્થે આગ્રહ વર્ધમાનનો વૈરાગ્ય, વિવાહની અનુમતિ માતાએ મેળવી, વર્ધમાનકુમાર નો વિશાળ કુટુંબ-પરિવાર.





બંધુનંદિવર્ધન પાસે દીક્ષાની માંગણી,આગ્રહથી ૨ વર્ષ ઘરમાં સાધુજીવન,૯ લોકાન્તિક દેવોની તીર્થ પ્રવર્તાવવા પ્રાર્થના.

પ્રભુની દીક્ષાનો વરઘોડો:-જેમાં અષ્ટમાંગલિક, ઈન્દ્ર ધ્વજ, વિવિધ વાજિંત્રો, પ્રભુની પાલખી, હાથી, રથ, રાજા વિગેરે વિશાળ જનગણ છે.








ક્ષત્રિયકુંડના ઉદ્યાનમાં દીક્ષાના વરઘોડા સાથે પ્રભુ સ્વહસ્તે અલંકાર આદિનો ત્યાગ, પંચમુષ્ટિ લોચ, જીવનભર સર્વપાપ ત્યાગરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરે છે.





દરિદ્રી બ્રાહ્મણને ધક્કો, યાચનાથી પ્રભુએ અડધું દેવ દુષ્ય આપ્યું, વૈરિણી કટપુટનાનો શીત ઉપસર્ગ




બળદે ૫૦૦ ગાડા ખેંચ્યા, સાંધા તૂટતાં લોકોને ભલામણ, મરીને યક્ષ, ઉપદ્રવે લોક પ્રાર્થના, પ્રભુને વારણ, યક્ષ-ઉપસર્ગ.





સાધુ કાળ કરીજયોતિષમાં, તાપસ અને છેવટે ક્રોધી ચંડકૌશિક સર્પ પ્રભુના "બુઝ બુઝ" શબ્દથી શાંત. ૮માં સ્વર્ગે.





વાછરડાની ભેટ, બળદનું શાસ્ત્ર-શ્રવણ ને તપ, વિના પૂછ્યે મિત્રે દોડાવ્યા, મરણસ્થિતિમાં નિર્યામણા, દેવ તથા પ્રભુની રક્ષા.





કિલષ્ટ કર્મો ખપાવવા પ્રભુ અનાર્ય દેશમાં પધાર્યા, જ્યાં અજ્ઞાન લોકો કૂતરા છોડે છે. લાકડીથી પ્રહાર અને વધસ્થાને ઉભા રાખે છે.





સંગમદેવનો ધૂળની વૃષ્ટિનો, સિંહવાઘનો, ત્રિશલાની પ્રાર્થના, વિંછીનો , હાથીનો, પગમાં ખીર રાંધવાનો પ્રભુ ને ઉપસર્ગ.





સંગમના ઉપસર્ગઃ મહાવાયુ, પાષાણવર્ષા, લોકોપાલંભ, કાલચક્ર, દેવી પ્રલોભન, ભીક્ષા વિઘ્ન, પ્રભુના કરુણા·અશ્રુ.





૫ માસ ૨૫ દિનના તપસ્વી પ્રભુ પાછા ફરતાં ચંદના ધ્રુસકે રડતાં દાનથી અભિગ્રહ પૂર્ણ થયો પંચદિવ્ય પ્રગટ્યા




પ્રભુનો ૧૨ાા વર્ષ ઉગ્ર ચઉવિહાર તપ, તેમાં ૩૪૯ પારણાં, નદી કિનારે ગોદુહિકાસને શુક્લધ્યાને કેવળજ્ઞાન.



બીજા સર્વજ્ઞ જાણી ઇન્દ્રભૂતિ ને ગર્વ ▫ ૫૦૦ શિષ્ય સાથે વાદાર્થે ગમન ▫ આત્મસંશય ભંજન ને દીક્ષા.




મહાવીર પ્રભુની ૧૬ પ્રહરની અંતિમ દેશના, પાવાપુરી માં આસો વદ ૩૦ ના પ્રભુનું નિવાર્ણ-મોક્ષ, દેવતાઓ તથા રાજાઓએ કલ્યાણક ભક્તિ કરી.

શ્રમણભગવાનશ્રીમહાવીરપરમાત્માના ૨૭ ભવનું

# સચિત્ર જીવન-દર્શન

## પટ નંબર : ૧

કળી ખીલીને કમળ બને છે ! આત્માની પૂર્ણતા ખીલતા પરમાત્મ-ભાવ પ્રગટ થાય છે. શ્રમણ-ભગવાન શ્રી મહાવીરદેવ, પરમાત્મા અને પૂર્ણ બન્યા; આ પૂર્ણતાનું બીજ નયસારના ભવમાં વવાયું. આગળ જતા એ બીજ પર વિકાસની તેજી-મંદીઓ આવતી ગઈ. અંતે નયસારના ભવથી સત્તાવીસમાં ભવે એ બીજ વિકસીને વિરાટ-વડલામાં પલટાઇ ગયું અને નયસાર જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન શ્રી મહાવીર-દેવ બન્યા.

આ અવસર્પિણીના આદ્ય ધર્મપિતા ભગવાન શ્રી ઋષભદેવથીય પહેલાના કાળ-સાગરના કિનારે ઉભેલા, નયસારના જીવનમાં આત્મ-વિકાસનું એક દ્વાર એવી અણધારી રીતે ખુલી ગયું કે-એમના અંતરના ઓરડામાં, સમ્યગ્દર્શનને પ્રવેશ મળી ગયો અને મોહની ગ્રંથિ ભેદાઈ ગઈ. નયસારથી જ્ઞાતપુત્ર સુધીની જીવન-કથાને કંડારતા આ ચિત્રપટોના પરિચયના માધ્યમે, એ તારકના જીવન-દર્શનનો એક પુણ્ય-પ્રયત્ન કરીએ. એ માટે સહુ પ્રથમ નયસારને ઓળખી લઈએ :

નયસાર શત્રુમર્દન રાજાના રાજ્યનો ગ્રામ મુખી હતો. એક વખત રાજ્યને શ્રેષ્ઠ-લાકડાંની જરૂર પડી. એ શોધની જવાબદારી નયસારે માથે લીધી. ગાડાઓ આદિના વિશાળ કાફલા સાથે એ ગાઢ-જંગલમાં શોધ માટે નીકળી પડ્યો. યોગ્ય સ્થાન મળતાં તંબુઓ તણાયા અને સહુ પોત-પોતાના કામે વળગ્યા. બપોર થઈ. ભાણાં મંડાયા. નયસારને ભોજન માટે આમંત્રણ અપાયું. આ વખતે હૈયામાં રમતા પરાર્થ ભાવે, એને એક જુદી જ ભાવનાથી ભાવિત બનાવ્યો.

અનંત-નિદ્રામાંથી જાગતા કંઈ વર્ષો નથી જોઈતા! જાગૃતિનો એકાદ સાદ ઝીલાઈ જાય, તો વળતી જ પળે માણસ જાગી જઈને સન્માર્ગે ચાલતો થાય છે!

નયસારના જીવનમાં એક પળ આવી જ આવી ગઈ! ભૂખ કકડીને લાગી હતી, ભાણું ભરેલું પડ્યું હતું. ત્યારે આવા ભર-જંગલમાં એના હૈયામાં એક શુભ ભાવના જાગી થઈ કે-કોઈ અતિથિનો ભેટો થઈ જાય, તો એનો લાભ લઈને પછી ભોજન કરું!

નયસાર ભાણા પરથી ઉભો થઈ ગયો. એણે દૂર-સુદૂર આશાભરી મીટ માંડી. થોડી પળો બાદ દૂરથી આવી રહેલા એક મુનિ-સંઘને જોતાં જ નયસાર નાચી ઉઠ્યો.

સાધુ સંઘ એક સાર્થની સાથે જંગલ વટાવવા નીકળેલો હતો. એમાં સાર્થ એકાએક આગળ નીકળી ગયો અને એ સાધુ-સંઘ પાછળ રહી જતાં અન્ય-માર્ગે વળી ગયો. ભાગ્ય-જોગે આડા-અવળા રસ્તા વટાવતો એ સંઘ ભર બપોરે નયસારના તંબુઓ નખાયા હતા, એ પ્રદેશ પર આવી ઊભો. ભાવભીની આંખે, હાથ જોડીને નયસારે એ સંઘને આમંત્ર્યો.

આ પળ અજબની હતી. સાધુસંઘે નયસારની વિનંતિ સ્વીકારી. દાનનું પાત્ર પવિત્ર હતું. નયસારે મુનિઓને નિર્દોષ આહારાદિ વહોરાવ્યા. જંગલમાં મંગલ રચાઈ ગયું. નયસારનું મન પ્રસન્ન બનીને નાચી ઉઠ્યું. એની ભાવના સાચી હતી, તો શ્રેષ્ઠ સુપાત્ર મળી જ ગયું.

પટ નંબર : ૨

સાધુ-સંઘ માર્ગથી ભૂલો પડીને ભરજંગલમાં આવી ચડયો હતો. આહારાદિથી ભક્તિ કર્યા બાદ નયસારના દિલમાં એમને નગરના માર્ગ સુધી પહોંચાડી આવવાનીય ભાવના જાગી અને મુનિઓને

જાતે જ માર્ગ બતાવવા ચાલ્યો. મુનિઓને થયું કે–આ નયસારમાં કોઈ ભવ્યભાવિ પોઢયું હોવું જોઈએ. નહિ તો આવી ભાવના કયાંથી જાગે ? એ આપણને દ્રવ્યમાર્ગ બતાવી રહ્યો છે, તો આપણે એને ભાવમાર્ગ બતાવવો જોઈએ.

રાજમાર્ગ આવી જતાં નયસારે હાથ જોડીને જ્યારે વિદાય થવાની તૈયારી કરી, ત્યારે મુનિઓએ એને મોક્ષનો ભાવમાર્ગ સંક્ષેપથી કહી બતાવ્યો. સંસારમાંથી કર્મ–મુક્ત થઇને સિદ્ધશિલા ભણી જવાના મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ ગયેલા આત્માના કેવાં બેહાલ થાય છે ! એ કયાં–કયાં ભટકે છે ! એ કઇ–કઈ રીતે અથડાઈ–કુટાઈને લોહી લુહાણ બને છે ! એને જન્મ, જરા, જમ (મરણ)ના કેવા કારમાં દુઃખો સહવા પડે છે અને આ બધાથી મુકત થઇને સર્વ દુઃખ રહિત, સચ્ચિદાનંદ–ઘન સ્વરૂપ પરમાત્મ પદ પામવાનો ઉપાય કયો છે ? એનો હૂબહૂ–ચિતાર મુનિઓએ નયસારની આગળ રજૂ કર્યો. નયસારે દ્રવ્યમાર્ગ બતાવ્યો, તો મુનિઓએ એને ભાવમાર્ગ દર્શાવ્યો.

નયસારે મુનિઓના મુખેથી ભાવભીની આંખે સદ્ધર્મ અને નમસ્કારમંત્રનો સ્વીકાર કર્યો. સર્વ–પાપનો અને સર્વ દુઃખનો નાશ કરીને, સદ્દગતિ આપનારો ધર્મ એણે હૈયાના ઊંડા બહુમાનથી ગ્રહણ કર્યો.

શાસ્ત્ર કહે છે કે–કેવળજ્ઞાન પૂર્ણપ્રકાશ છે. એનો આંશિક–પ્રકાશ સમ્યગ–દર્શનમાં છે. સંસાર પરના નિર્વેદભાવ અને મોક્ષ પરના સંવેગ ભાવના પ્રભાવે પરિણામની વિશુદ્ધિ થઈ, મોહની ગ્રંથિ ભેદાઈ અને આ સમ્યગ્ દર્શનના સૂર્યોદયથી, મિથ્યાત્વના અંધકારથી ભરેલા નયસારના જીવનમાં પ્રકાશ પથરાયો.

ભ૦ શ્રી મહાવીરદેવ તરીકેના ભવમાં, તીર્થંકરત્વના જે તેજ ઝળહળી ઉઠવાના હતા, એની ઉષા, એનો પ્હો, નયસારના અંતરને આકાશે આમ અણધારી રીતે જ ફાટી નીકળ્યો. બસ, દર્શન હવે સાચું મળી ગયું હતું. દૃષ્ટિ હવે સમ્યગ્ બની ગઈ હતી. એના

તેજમાં જીવનને દોરતા-દોરતા નયસારે એક દિ' મહામંત્ર શ્રી નમસ્કારના સ્મરણપૂર્વક દેહ ત્યાગ કર્યો અને નયસાર સૌધર્મ-દેવલોકમાં દેવ તરીકેની કાયાપલટ પામ્યો.

પટ નંબર : ૩

નયસારના જીવનમાં આવી ગયેલી પ્રકાશની એક પળે, એના જીવનને કોઇ નવો જ વળાંક આપ્યો અને એ સૌધર્મદેવલોકમાં દેવ થયો. એક દિવસ દેવલોકનોય વિરાટ આયુષ્ય-કાળ પૂર્ણ થયો અને એ દેવ વિશાળ-વૈભવોથી ભર્યા-ભર્યા મહારાજા-ભરતના ઘર-આંગણે એમના પુત્ર રૂપે જન્મ પામ્યો. એનું નામ મરિચિ જાહેર થયું. પિતાની ઋદ્ધિ-સિદ્ધિ ચક્રવર્તીત્વની હતી: છતાં એક લ્હાવો જાગવાની એક પળને મરિચિએ આવકારી લીધી!

ભગવાન શ્રી ઋષભદેવનું કેવળજ્ઞાન, અજ્ઞાનનું આવરણ ખસી જતા પ્રકાશી ઉઠયું. મહારાજા ભરત પ્રભુ-વંદને આવ્યા. મરિચિ પણ સાથે જ હતા. પ્રભુની પહેલી ધર્મ-દેશનાના શ્રવણે જ એનામાં સંયમની લગન જાગી ઉઠી. પિતા-ભરતરાજની અનુમતિ મળી ગઈ. અને સંસારની દોમ-દોમ ઋદ્ધિને ઠુકરાવી દઈને મરિચિએ મુનિ-ધર્મનો સ્વીકાર કર્યો.

ભગવાનના પગલે પગલું ઉઠાવતા મરિચિ-મુનિ સંયમ-ધર્મની એક પછી એક પગથારને પાવન બનાવતા આગળ વધવા માંડયા. પણ એક એવી પ્રમાદની પળ આવી ગઇ કે, મુનિ મોહે મુંઝાયા : દિવસો ઉનાળાના હતા. ભગવાનનો મુનિધર્મ તો છત્રની છાયામાં માનતો ન હતો. પગરખાંથી પ્રેમ કરવાની એને આજ્ઞા ન હતી. સ્નાન સાથે તો એને સ્નેહ જ ન હતો. વિલેપનની વાત પણ એના મોંમાં કેવી ! મુનિ મરિચિ આ પરિસહથી ટક્કર ન ઝીલી શકયા. ચારિત્રને આવરતી કર્મની ફોજ, પ્રબળ બની અને મુનિએ નવો-વેશ સજ્યો. દિલમાં રહેલી દાક્ષિણ્યતા ઘર ભણી પીછેહઠનું પગલું ભરવા સાફ-સાફ ના ભણી રહી હતી. એથી મુનિ મરિચિએ ત્રિદંડી-સંન્યાસ ધારણ કર્યો.

માથે શિખા રાખીને મુંડન ! હાથમાં દંડ ! થોડા પરિગ્રહ ! ભગવાં-કપડાં ! છાયા માટે છત્ર ! ચંદનનો સુગંધી લેપ ! અલ્પ-જળથી સ્નાન અને પગમાં પગરખાં ! પ્રમાદની પળે મરિચિ-મુનિને મુંઝાવ્યા ને એમણે આ રીતનો નવો-વેશ સર્જ્યો.

આચારથી અળગા થયેલા મરિચિ, વિચારથી ભ૦ ઋષભદેવના જ અનુયાયી રહ્યા હતા. એમનો નવ-વેશ જોઈને લોકો એમને ધર્મ પૂછતા, સાચું સંયમ તો એઓ ભગવાન ઋષભદેવના જ મુનિ-સંઘમાં જણાવતા. પોતાની ત્રુટિ કબૂલતા એમની આંખમાં એક છુપૂં આંસુય ધસી આવતું. આમ, અનેક માણસોને સદ્ધર્મ સમજાવીને એઓ, એમને પ્રભુના શ્રમણ સંઘમાં સામેલ કરતા. વિહાર પણ એઓ પ્રભુની સાથે જ કરતા. થોડા વર્ષો આમ ચાલ્યું. આચારથી અળગા થયેલાં મરિચિ, વિચારથી વેગળા નહોતા થયા. કેઈ ભાવિકોને એમણે પ્રભુનો મુનિ-ધર્મ ચીંધ્યો.

વર્ષો વીત્યા. વિનીતા-નગરીનું ઉદ્યાન પ્રભુની પધરામણીથી પ્રસન્ન બની ઉઠ્યું. મહારાજા-ભરત ધર્મ-દેશના સાંભળવા આવ્યા. ભાવિમાં થનારા તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો અને બલદેવોને જાણવાની ભરતની ઇચ્છા, પ્રભુની વાણીથી સંતોષાઈ. ભરતે છેલ્લે-છેલ્લે પૂછ્યું :

"ભગવન્ ! આ સમવસરણમાં કોઈ એવો જીવ છે ખરો કે-જેના લલાટમાં તીર્થંકરત્વના લેખ લખાયા હોય !'

ભગવાને મરિચિ તરફ આંગળી ચીંધતા કહ્યું :

'ભરત ! આ મરિચિ એ ચરમતીર્થંકર મહાવીરનો આત્મા છે. આ જીવ શુદ્ધ બનતો-બનતો ચોવીસમાં તીર્થંકર તરીકે મહાવીર થશે."

પોતાના પુત્રમાં આવું મહાન-ભાવિ ! ભરતે રોમાંચ અનુભવ્યો. પ્રભુએ ફરી કહ્યું : ભરત ! મરિચિ મહાવીર થશે, એ પહેલાં વચ્ચે-વચ્ચે ઘણી મહાન-ઋદ્ધિઓનું સ્વામિત્વ એ પામશે. પોતનપુરમાં ત્રિપૃષ્ઠ નામના પહેલાં વાસુદેવ અને વિદેહ ક્ષેત્રની મૂકાપૂરી-નગરીમાં

પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થવાના લેખ પણ મરિચિના લલાટે લખાયેલા છે !

પટ નંબર : ૪

દેશના પૂરી થઇ. ભરત-મહારાજાનું દિલ, મરિચિમાં છુપાયેલા ભવિષ્યના મહાવીરને વંદના કરવા તલપી રહ્યું હતું. મરિચિની પાસે આવીને, વંદના કરતા એઓ બોલ્યા :

'મરિચી ! તમે સંન્યાસી છો, ભગવો તમારો વેશ છે. ભરતના પ્રથમ ચક્રવર્તી-પિતાના તમે સંન્યસ્ત સંતાન છો-એથી નહિ. પણ તમે ચોવીસમાં તીર્થપતિ મહાવીર થવાના છો. એથી હું તમને વંદના કરૂં છું. ત્રિપૃષ્ઠ-વાસુદેવ અને પ્રિયમિત્ર ચક્રવર્તીપણું તમારા ચરણમાં રઝળવાનુ છે. પણ મારી વંદના તો તમારામાં છુપાયેલા મહાવીરનેજ છે.'

ભરત વિદાય થયા. મરિચિ, ભાવિની ઋદ્ધિના કલ્પનાદર્શનને પણ પચાવી ન શકયા. એમના હૈયામાં ગર્વભર્યા બોલ ઘૂમરાવા માંડયા : હું વાસુદેવ ! હું ચક્રવર્તી ! ! હુ તીર્થંકર ! ! !

મરિચિ ઊભો થઈ ગયો આનંદની ચપટીઓ અને હર્ષને વ્યકત કરતું ગર્વ-નૃત્ય કરતા એ બોલ્યો : "આદ્યોઽહં વાસુદેવાનાં" વાસુદેવોમાં હું પહેલો ! "પિતા મે ચક્રવર્તીનાં"-ચક્રવર્તીઓમાં મારા પિતા પહેલાં ! "પિતામહો જિનેન્દ્રાણાં" તીર્થંકરોમાં મારા પિતામહ ઋષભદેવ પહેલાં ! "મમાહો ! ઉત્તમં કુલમ્" અહો ! મારૂં કુળ કેવું ઉત્તમ !

આ ગર્વ-નૃત્યમાં મરિચિ ભૂલ્યો. કુળનો મદ કરવાથી એણે નીચ-ગોત્ર નામ-કર્મ બાંધ્યું.

વર્ષો વીત્યા. ભગવાન શ્રી ઋષભદેવનું નિર્વાણ થઈ ગયું. હવે મરિચિ માટે સ્વતંત્ર-વિચરણનો માર્ગ ખુલ્લો હતો. પણ એનામાં રહેલી વિચાર-શ્રદ્ધાએ એને ભ. ઋષભદેવના સાધુ-સંઘ સાથે

જ રહેવા દીધો. પણ એક પળ એવી આવી, જ્યારે મરિચિની વિચાર-જ્યોત આંધીમાં અટવાઈ.

મરિચિ બિમાર પડયો. શિષ્ય તો હતો જ નહિ. સેવા કોણ કરે ? નિર્ગ્રન્થ-સાધુઓની આચાર-સંહિતા, એમને અસંયમી-મરિચિની સેવા કરતા રોકતી હતી. મરિચિના મનમાં વ્યાધિની એક આંધી આવી અને અત્યાર સુધી સ્થિર રહેલી એની વિચાર-જ્યોત ડગમગી ઉઠી.

મરિચિને થયું : આ મુનિઓ કેવા ? આંખની શરમ પણ અભરાઇએ ચડાવી ! મેં કેટ-કેટલાં કુમારોને પ્રતિબોધીને એમના સંઘમાં સામેલ કર્યા છે ! આજે હું બિમાર પડયો છું, છતાં મારી પાસે કોઇ ફરકે પણ છે ?

મરિચિએ નિર્ણય કર્યો કે, હવે કોઇ વૈરાગી આવે તો એને પ્રતિબોધીને પોતાનો જ શિષ્ય બનાવવો !

માંદગી પૂરી થઇ ગઈ. મરિચિ સ્વસ્થ થઈને વિચરવા માંડયો. આ ટાણે જ કપિલ નામનો એક ધર્મ-જિજ્ઞાસુ મરિચિ પાસે આવ્યો. શરૂઆતમાં તો એણે એને ઋષભ-સંઘમાં જ ધર્મ જણાવ્યો. ડગમગેલી વિચાર-જ્યોત હજી સાવ બુઝાઇ નહોતી. કપિલે ફરી પૂછયું : શું ધર્મ ભ. ઋષભદેવના સાધુ-સંઘમાં જ છે ! તો પછી આપે કેમ આ નવો-વેશ સજ્યો છે ?

મરિચિએ અશકિતનો એકરાર કરતા કહ્યું : હું અશકત છું. બાકી ધર્મ તો ત્યાં જ છે !

કપિલ તો કપિલ જ હતો. એણે ફરી પૂછયું : શું ધર્મ ઋષભ-સંઘમાં જ છે ! આપનામાં એનો અંશ પણ નથી ?

મરિચિની આંખ આગળ પોતાનો માંદગી-કાળ તાજો થયો અને ત્યારે મુનિઓએ સેવેલી બેદરકારી તરવરી ઉઠી. કપિલમાં એને શિષ્યત્વની યોગ્યતા ભાસી. પતનની આ પળે સાવધાની ગુમાવીને મરિચિએ જવાબ વાળ્યો :

"કપિલા ! ઇત્થંપિ ઇહયંપિ" –"કપિલ ! સાધુના માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ ધર્મ છે."

કપિલને તો ધર્મની છાપ જ જોઈતી હતી. એની સાચ–જૂઠની પરીક્ષા કર્યા વિના જ કપિલે ભગવા ધર્યા, મરિચિનું દિલ સંતોષાયું. નાનકડા લોભે મિથ્યાત્વના ઉદયને જગાડીને આત્માને અંધકારમાં મૂકી દીધો. આમ, કપિલથી શરૂ થયેલી મિથ્યા–દર્શનની એ કુહાડીનો મરિચિ હાથો બની ગયો. "ઇત્થંપિ ઇહયંપિ" ધર્મ સંયમમાં છે અને અહીં અસંયમમાં પણ છે. માત્ર આટલા જ સત્યમાર્ગથી વિપરીત વચનથી મરિચિએ સંસારનું દીર્ઘ–પરિભ્રમણ ઊભું કર્યું. કવિના શબ્દોમાં–'સરખે સરખો ચેલો, કડવે કડવો વેલો' જેવા ઘાટનો આવો અંજામ આવ્યો.

મરિચિ અને કપિલની સરખે–સરખી જોડી જામી ગઈ. જીવનની છેલ્લી પળ સુધી પણ મરિચિનું વિપરીત–પ્રરૂપણનું આ પાપ અનાલોચિત જ રહ્યું. ને ભગવા વેશમાં જ એણે દેહત્યાગ કર્યો. મરિચિ મરીને પાંચમાં બ્રહ્મ–દેવલોકમા દેવ થયો.

પટ નંબર : ૫

યુગાદિનાથ જેવા પિતામહ મળ્યા ને એમના હાથે દીક્ષા મળી. ભરત જેવા પિતા મળ્યા અને અનુપમ સંયમધર્મ પણ લાધી ગયો. છતાં મરિચિનું ઉર્ધ્વપ્રયાણ બ્રહ્મદેવલોક આગળ આવીને જ અટકી ગયું–આમાં જીવન–મનનની, આચાર–વિચારની જ્યોત બુઝાઇ ગઇ અને એ પાપ અનાલોચિત જ રહ્યું–એ કારણે કંઈ નાનોસૂનો ભાગ નહોતો ભજવ્યો.

મરિચિના ભવમાં થઈ ગયેલી નાની–ભૂલનો ગુણાકાર થતો ચાલ્યો. ને મરિચિને હવે પછી ભવોમાં ભગવાનનું સમ્યગ્દર્શન ન સાંપડયું. કુળના કરેલાં મદે, અનેક ભવમાં બ્રાહ્મણ–કુળમાં જન્મ અપાવીને એના ભાગ્યમાં–ભિક્ષા–પ્રવૃત્તિની સજા ફટકારી. દેવનો

આયુષ્ય–કાળ પૂર્ણ થયો ને એ દેવ કોલ્લાક-સંનિવેશમાં કૌશિક નામના બ્રાહ્મણ તરીકે ઉત્પન્ન થયો.

પટ નંબર : ૬

કૌશિક–બ્રાહ્મણના જીવનનું ૮૦ લાખ–પૂર્વનું આયુષ્ય અર્થ–કામ પાછળ વ્યતીત થયું. અંત–કાળમાં એણે ત્રિદંડી–સંન્યાસ ધરીને ભગવાં પહેર્યાં. કૌશિકે જીવનના વિરાટ–કાળ દરમ્યાન ઘણાં–ઘણા આરંભ–પરિગ્રહ અને હિંસાના પાપોથી જીવનને અંધકારમય બનાવ્યું હતું, એથી આ પાંચમાં ભવ પછી પશુ–પંખી આદિના ઘણાં–ઘણાં ભવોમાં એને ભમવું પડયું. જેની ગણના સ્થૂલ સત્તાવીસ ભવોમાં નથી થઈ. આ ક્ષુદ્રભવોમાં ભમતા–ભમતા ઘણાં કાળ પછી કૌશિકનો એ જીવ મનુષ્ય–જન્મના દ્વારે આવી ઊભો ને એનો જન્મ સ્થૂણા–નગરીમાં પુષ્પમિત્ર નામના બ્રાહ્મણ તરીકે થયો.

પટ નંબર : ૭

૭૨ લાખ પૂર્વના આયુષ્ય–કાળને અંતે પુષ્પમિત્રે, ત્રિદંડી–સંન્યાસ અંગીકાર કર્યો. મિથ્યા દર્શનની પુષ્ટિ અને ગુફાઓમાં રહીને અજ્ઞાન–તપ કરતા–કરતા પુષ્પમિત્રે દેહત્યાગ કર્યો અને સૌધર્મ–દેવલોકમાં મધ્યમ–આયુષ્યના દેવ તરીકે એ ઉત્પન્ન થયો.

પટ નંબર : ૮

સૌધર્મ–દેવલોકનું મધ્યમ–આયુષ્ય પૂર્ણ કરીને પુષ્પમિત્રનો દેવ–જીવ અગ્નિદ્યોત–બ્રાહ્મણ તરીકે જન્મ્યો. ૬૪ લાખ પૂર્વના જીવનના અંતમાં અગ્નિદ્યોતે ત્રિદંડી–સંન્યાસનો સ્વીકાર કર્યો. આ સંન્યાસમાં પણ અનેક જાતના તપ કરીને એ ઇશાન–દેવલોકમાં દેવ થયો.

પટ નંબર : ૯

ઇશાન–દેવલોકનું મધ્યમ–આયુષ્ય પૂર્ણ કરીને અગ્નિદ્યોતનો જીવ, મંદર નામના સંનિવેશમાં અગ્નિભૂતિ–બ્રાહ્મણ થયો.

પટ નંબર ૧૦

અગ્નિભૂતિ–બ્રાહ્મણે, ૫૬ લાખ પૂર્વના આયુષ્ય–કાળના અંત-ભાગમાં ત્રિદંડિક–ધર્મનો સંન્યાસ ધારણ કર્યો. આ ભવમાં પણ અનેક જાતના કાય–કષ્ટો વેઠીને એ સનત્કુમાર–દેવલોકમાં દેવ થયો.

પટ નંબર : ૧૧

સનત્કુમાર–દેવલોકનું મધ્યમ–આયુષ્ય પૂર્ણ થતા, અગ્નિભૂતિનો જીવ, શ્વેતાંબિકા–નગરીમાં ભારદ્વાજ–નામનો બ્રાહ્મણ થયો. ૪૪ લાખ પૂર્વના અંત–ભાગમાં સંન્યાસ સ્વીકારીને ભારદ્વાજ બ્રાહ્મણ માહેન્દ્ર દેવલોકમાં દેવ થયો.

પટ નંબર : ૧૨

માહેન્દ્ર દેવલોકનું મધ્યમ આયુષ્ય પૂર્ણ થતા, ભારદ્વાજનો જીવ, રાજગૃહ નગરમાં સ્થાવર નામનો બ્રાહ્મણ થયો. આ ભવમાં ૩૪ લાખ–પૂર્વના આયુષ્યના અંત–ભાગમાં સ્થાવર વિપ્રે ત્રિદંડિક સંન્યાસ ધારણ કર્યો. મરિચિના ભવમાં સ્થાપેલું મિથ્યા–દર્શન ક્રમે ક્રમે પુષ્ટ થતું ગયું. ચંડિકાના મંદિરમાં કાત્યાયની આદિ મંત્રોથી હોમ કરતા કરતા સ્થાવરનું આયુષ્ય પૂર્ણ થયું અને એ બ્રહ્મદેવ-લોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

પટ નંબર : ૧૩

મરિચિના ભવમાં થયેલી ભૂલનો ગુણાકાર એવો તો ધરખમ આવ્યો કે, મરિચિના ત્રીજા ભવથી સ્થાવર બ્રાહ્મણના ચૌદમાં ભવ સુધી એ જીવને ક્રમશઃ બ્રાહ્મણ જન્મમાં ત્રિદંડિક સંન્યાસ અને દેવલોક મળતો રહ્યો. જે ઋષભદેવ પ્રભુના ચરણે સાધુધર્મનું અંગી-કરણ થયું અને જે ધર્મની પ્રરૂપણામાં વર્ષોના વર્ષો વીત્યા, એનો યોગ આ કાળમાં સાવ દુર્લભ બની ગયો. કુળ–મદનું કર્મ કંઈક ક્ષીણ થયું ને ૧૬ મા ભવમાં સ્થાવર બ્રાહ્મણનો જીવ, બ્રહ્મદેવલોકનું મધ્યમ આયુષ્ય પૂર્ણ કરીને રાજગૃહ નગરમાં વિશ્વભૂતિ નામના રાજકુમાર તરીકે ઉત્પન્ન થયો.

સોળમા ભવમાં નયસારના જીવને, રાજગૃહ નગરનું રાજકુળ ઉછરવા માટે મળ્યું. અહીંનો રાજા વિશ્વનંદી હતો. રાણી પ્રિયંગુ હતી. એમના નાના ભાઈનું નામ હતું, વિશાખભૂતિ ! એમની રાણી ધારિણી હતી. વિશાખભૂતિ ને ધારિણીના પુત્ર તરીકે 'વિશ્વભૂતિ'-નો જન્મ થયો.

વૈભવનો વિશાળ વારિધિ વાંભ વાંભ ઉછળતો હતો. રાજ-કુળમાં ઉછરતા ઉછરતા વિશ્વભૂતિએ યૌવનના ઉંબરે પગ મૂક્યો. રૂપે રંગે એ અજોડ હતો. અનેક રાજકન્યાઓનું એની સાથે પાણિ-ગ્રહણ થયું.

રાજગૃહની બહાર પુષ્પ કરંડક નામનું એક રમણીય ઉપવન હતું. ત્યાં રાજ પરિવાર ટહેલવા આવતો. એક વખત વિશ્વભૂતિ પોતાની રાજરાણીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા પ્રવેશ્યો.

ભાગ્ય જોગે આ ટાણે જ ઉદ્યાનના પ્રવેશદ્વારે વિશાખાનંદી પણ ક્રીડા કરવા માટે આવી ઊભો,—જે વિશ્વભૂતિના કાકા વિશ્વ-નંદીનો પુત્ર અને યુવરાજ થતો હતો. ઉદ્યાનમાં આનંદ પ્રમોદ માટે પ્રવેશેલા વિશ્વભૂતિની ખબર મળતા જ એ બહાર ઊભો રહી ગયો. વિશ્વભૂતિ પોતાની પ્રિયતમાઓ સાથે આનંદ–વિહારે ચડ્યો હોય, ત્યાં શી રીતે જવાય ? એટલામાં જ ત્યાં વિશાખાનંદીની માતા પ્રિયંગુ તર-ફથી ફૂલો ચૂંટવા એક દાસી આવી ઊભી. ઉદ્યાનમાં વિશ્વભૂતિ પ્રમોદ કરતા હતા. એથી એ દાસી ફૂલો લીધા વિના જ પાછી ફરી.

દાસીએ ઉદ્યાનની પરિસ્થિતિ પ્રિયંગુ રાણીને કહી સંભળાવી, વધુમાં એ પણ જણાવ્યું કે, આપના યુવરાજ વિશાખાનંદીને ઉદ્યાન દ્વારે ખોટી થવું–પડે આ કેવું ?

પ્રિયંગુને વિશ્વભૂતિની આ ઋદ્ધિ ન ખમાઈ : મારો પુત્ર–જે યુવરાજ છે એ ઉદ્યાનના દરવાજે હાથ હલાવતો ઊભો રહે ને વિશ્વ-ભૂતિ અમન ચમન ઉડાવે ? એ તરત જ પોતાના પતિ વિશ્વનંદી પાસે પહોંચી. બધી વાતથી એમને વાકેફ કરીને એણે જણાવ્યું કે— વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી હમણાને હમણાં બહાર કઢાવો. ને એ માટે

અત્યારે જ યુદ્ધની રણ ભેરી ફુંકાવો. રણભેરી વાગતા જ એ બહાર આવશે ને આપણા વિશાખાનંદીને માટે અંદર પેસવાની તક ખુલ્લી થશે.

પત્ની પ્રેમી રાજાએ તરત જ યુદ્ધની ભેરી ફુંકાવી. રણભેરીના નાદે વિશ્વભૂતિ સંભ્રમ સાથે તરત જ ઉદ્યાનમાંથી બહાર આવ્યો. મહારાજા વિશ્વનંદીને યુદ્ધ કાજે જતા જોઇને એણે કહ્યું : આપ મને આજ્ઞા આપો. આ યુદ્ધ કોની સામે ખેલવાનું છે ?

મનની માયાને ઢાંકતા રાજાએ કહ્યું : વિશ્વભૂતિ ! આપણો તાબેદાર આ પુરૂષસિંહ જરા આડો ફાટ્યો છે. એને સીધો કરવા માટેની જ આ રણભેરી છે. વળતી જ પળે, વિશ્વભૂતિ રણવાટે સંચર્યો.

રાજા રાણીએ બંધું હાસ્ય કર્યું. ને વિશાખનંદી માટે ઉદ્યાનના દ્વારા ખુલ્લા થયા.

પુરૂષસિંહ નજીકનો જ રાજવી હતો. પોતાની સામે અચાનક ધસી આવતા યુદ્ધથી એનું આશ્ચર્ય નિરવધિ બન્યું. એ આજ્ઞાનિષ્ટ હતો. વિશ્વનંદીની ઝંડી નીચે રહેવામાં એ ગૌરવ અનુભવતો હતો.

વિશ્વભૂતિએ પુરૂષસિંહની સામે પડકાર ફેંક્યો. પણ પુરૂષસિંહની નિષ્ઠા જોતા જ એ શરમાંદો બની ગયો. ને શરમના શેરડા સાથે એ પાછો ફર્યો. એને થયું : આ વળી શું ? નક્કી મને ઉદ્યાનમાંથી બહાર કાઢવાની જ આ કપટ જાળ હોવી જોઇએ ! પોતે ઉદ્યાનમાંથી બહાર નીકળ્યો, ત્યારે દરવાજે પરિવાર સાથે ઊભો રહેલો વિશાખાનંદી એની આંખ સામે ખડો થઈ ગયો.

<u>પટ નંબર : ૧૪</u>

ક્રોધથી ધૂઆપૂઆ થતો વિશ્વભૂતિ પાછો વળ્યો. વચમાં જ પુષ્પ કરંડક ઉદ્યાન આવ્યું. ઉદ્યાનના દ્વારપાલે જણાવ્યું કે, આપના કાકાના પુત્ર વિશાખાનંદી અંદર ક્રીડા કરી રહ્યા છે.

વિશ્વભૂતિની આખમાં ક્રોધના અંગારા જલી ઉઠ્યા : આવી

કપટ જાળ! હું કાકાની પાસે કેવો આજ્ઞાનિષ્ઠ રહું છું ને એઓ મારા તરફ કેવી પારકી નજર રાખે છે! એણે ક્રોધ ઝરતી આંખે દ્વારપાળને કહ્યું : જોયું છે, મારું બળ! ધારું તો આ વિશાખાનંદીને હું સપરિવાર ધડથી છુટા પાડી શકું એમ છું.

ને વિશ્વભૂતિએ નજીકમાં રહેલા કોઠાના ઝાડ પર એક મુઠ્ઠી મારી. એના પ્રહારે જ એની પર રહેલા કોઠાના બધા ફળ નીચે તુટી પડ્યા.

દ્વારપાળ આ બળ આગળ ઝૂકી પડ્યો. દાંત કચકચાવીને પોતાની આ પ્રક્રિયાનું રહસ્ય સમજાવતા વિશ્વભૂતિએ કહ્યું :

'દ્વારપાળ! હું ધારું તો આ કોઠાના ફળની જેમ વિશાખા-નંદીને જીવનથી છુટો કરી શકું છું. પણ, ના. વડિલોનો વિનય કેમ વિસરાય? બાકી કૂડ કપટ તો આ સંસારમાં ચાલે જ!'

વિશ્વભૂતિએ સંસારની માયા–જાળનું ભેદી–દર્શન કર્યું ને એનું દિલ આ દિવાની–દુનિયા પરથી ઉઠી ગયું. એના દિલની દુનિયામાં એક પડઘો પડયો : સર્યું આ સંસારથી! ને એ વિરાગની વાટે હરણફાળે ચાલી નીકળ્યો. નજીકમાં જ વિચરતા સંભૂતિ–મુનિનો એને ભેટો થઈ ગયો અને વિશ્વભૂતિ જૈન–દીક્ષા અંગીકાર કરીને મુનિ વિશ્વભૂતિ બન્યા.

વિશ્વભૂતિના આ અણધાર્યા જીવન–પલટાથી રાજગૃહમાં સોંપો પડી ગયો. વિશ્વનંદી ને પ્રિયંગુ–રાણીને પોતાની માયા–જાળ પર ધિક્કાર છુટયો. રજમાંથી ગજમાં પલટાયેલી પરિસ્થિતિને પાછી થાળે પાડવા આખો રાજ–પરિવાર મુનિ વિશ્વભૂતિની સામે ખડો થઈ ગયો. પોતાની ભૂલની માફી માંગીને રાજા–રાણીએ એમને પાછા સંસારમાં ફરવાની કાકલૂદી-ભરી વિનંતિઓ કરી. પણ મુનિ વિશ્વભૂતિ અડગ રહ્યા. પ્રિયતમાઓનો પ્રેમ એમની પ્રવ્રજ્યાને પીગળાવી ન શકયો. મરિચિના ભવમાં વર્ષો સુધી જે શુદ્ધ–સંયમ પાળ્યું હતું–એના સંસ્કારોનું બળ અત્યારે એમના સંયમની ચોપાસ કિલ્લા રૂપે ગોઠવાઇ ગયું ને એની એક કાંકરી પણ ન ખરી, રાજપરિવાર વિલે મોંઢે પાછો ફર્યો.

વિરાગની વાટે મુનિની હરણ ફાળો ધપતી ગઇ. શ્રુતની ઉપાસના કરવા સાથે મુનિએ તપની વેદી દિનરાત જલતી રાખી. ઉપાવાસમાં છઠ્ઠ–અઠ્ઠમ એમ ક્રમિક સોપાન સર કરતા મુનિએ માસક્ષમણ [૩૦ દિવસના લાગટ ઉપવાસ] ને પારણે માસક્ષમણ કરવા માંડયા. કાયા સાવ કૃશ જણાવા માંડી. કયાં એ રાજકુમાર વિશ્વભૂતિ ને કયાં આ અણગાર વિશ્વભૂતિ ! નજર એમને ઓળખતા છેતરાઇ જાય–એટલું બધું અંતર આ અવસ્થામાં પડી ગયું.

પતનની પળ કયારેક અણધારી રીતે ધસી આવે છે ને શિખરને સર કરતો–કરતો સાધક અચાનક જ પતનની ખીણ ભણી ફંગોળાઈ જાય છે ! આવી એક પળ વખતે રાખવી જોઈતી સાવધાની મુનિ ભૂલ્યા. ને વિકાસનું ચક્ર અવળી–ગતિએ ઘૂમતું ચાલ્યું.

માસક્ષમણનું પારણું હતું. ગુરુની આજ્ઞાથી, આત્માને વધુ બળવાન બનાવવા વિશ્વભૂતિ–મુનિએ 'એકાકી–વિહાર' અંગીકાર કર્યો હતો. મથુરાનો રાજમાર્ગ વીંધીને એઓ ભિક્ષા માટે જઈ રહ્યા હતા.

ભાગ્ય જોગે આ વખતે વિશાખાનંદી ત્યાં જ હતો. મથુરાની રાજ–કન્યાને પરણવા સપરિવાર એ આવ્યો હતો. રાજમાર્ગ પરથી પસાર થતા મુનિને જોતા જ એ એમને ઓળખી ગયો. એની આંખ આગળ વિશ્વભૂતિએ પોતાના બળનો પરચો બતાવવા જે દિવસે કોઠાનાં ફળ એક મુઠીથી પાડી બતાવ્યા હતા, એ દિવસ તરવરી ઉઠયો.

મુનિ વિશ્વભૂતિ પણ વિશાખાનંદીને ઓળખી ગયા. અત્યારે એમની કાયા કૃશ હતી. વિશાખાનંદી મશ્કરીમાં ધીમેથી બોલ્યો : કોઠાના ફળને એક મુઠ્ઠીથી તોડી પાડનારી કાયા શું આ જ છે ! ત્યાં તો મુનિને એક ગાયનો જરા ધક્કો લાગ્યો ને એઓ પછડાઇ પડયા.

આ દશ્યે, વિશાખાનંદીના અભિમાનને પાનો ચડાવ્યો. મશ્કરી–ભર્યું એક લુખ્ખું હાસ્ય કરીને એણે મુનિ તરફ કટાક્ષ કર્યો :

"કોઠાના ફળને એક મુઠ્ઠીથી ભોંય પર પાડનારું તમારું બળ આજે કયાં ગયું ? ગાય જેવી ગાય ! બિચારી એક નિર્બળ પશુ–

જાત! એના સામાન્ય એક ધક્કાથી તમે પછડાઇ ગયા? ?"

—ને વિશાખાનંદી ખી....ખી....ખી હસ્યો.

પટ નંબર : ૧૫

મુનિ હવે મોહે મુંઝાયા. પ્રેમના પરિબળને પગની પાની નીચે પટકીને સંયમમાં સ્થિર રહેનારા મુનિ પોતાના માનની સામે થયેલાં એક કટાક્ષ–માત્રથી પોતાનો મુનિધર્મ વિસરી ગયા. આંખમાં અંગારા જેવી લાલાશ ને મોંમાં જવાળા જેવો લબકાર ભરીને એમણે વિશાખાનંદીને સણસણતો જવાબ વાળ્યો :

"ના, હું નિર્બળ નથી. મારૂં બળ આજે ય એવું છે. જોવું છે, મારૂં બળ ?"

ને જે ગાયે પોતાને પછાડ આપી હતી, એને શિંગડેથી ઝાલીને મુનિ બોલ્યા : વિશાખાનંદી, જોઈ લે મારૂં બળ! ગાયને આકાશમાં ચક્કર-ચક્કર ઘૂમાવીને એ કૃશ–કાયાએ એને આકાશમાં ઉંચે–ઉંચે ઉછાળી. સાવ કૃશ જણાતી કાયા પાછળ સંતાયેલા આ સામર્થ્યને જોઇને સહુ મોંમાં આંગળા નાખી ગયા.

મુનિના માન–મદે આટલેથી સંતોષ ન અનુભવ્યો. વેરના ઠૂંઠા-માંથી પણ વસૂલાતનો વડલો ફૂટી નીકળે–એમ એમણે ક્રોધના આવેશમાં આવી જઇને નિયાણું (સંકલ્પ) કર્યું : વર્ષોના મારા શુદ્ધ સંયમના અને આ ભીષ્મ-તપના ફળ તરીકે હું એક ચીજ જ માંગુ છુ કે–ભવાંતરમાં પણ મને એવું બળ મળો કે, જેથી આ વિશાખા-નંદીને હું મારનારો થાઉં! ના, મારે બીજું કોઈ પણ ફળ ન જોઇએ. વેરની વસૂલાતનું બળ મળે તો મારૂં આ શુદ્ધ–સંયમ ને મારી આ ભીષ્મ તપશ્ચર્યા સફળ!

ખેલ ખતમ! જે સંયમની સિદ્ધિ, અભય અને અહિંસા છે. એનું લીલામ બોલાવી દઈને મુનિએ હિંસા ને વેર ખરીદ્યા.

પ્રમાદની આ પળમાં પતન ભણી પટકાયેલા મુનિએ આ પછી પણ કોડ વર્ષનું સંયમ–જીવન ગાળ્યું પણ અંતરના એક ખૂણે બળી

રહેલી વેરની વસૂલાતની જવાળા પર પ્રાયશ્ચિત્તનું પાણી ન છંટાયું તે ન જ છંટાયું ને આયુષ્ય પૂર્ણ થતા મુનિ વિશ્વભૂતિ મહાશુક્ર-દેવલોકમાં દેવ થયા.

મહાશુક્ર–દેવલોકનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્ણ થયું અને મુનિ વિશ્વભૂતિનો એ જીવ, પોતનપુર નગરમાં ત્રિપૃષ્ઠ–વાસુદેવ તરીકે જન્મ પામ્યા.

પોતનપુર નગરના પ્રજાપતિ–રાજવીની બે રાણીઓમાંથી, ભદ્રા-નામની પટ્ટરાણીથી અચલનો જન્મ થયો, જે બલદેવનું પુણ્ય લઇ આવ્યો હતો અને મૃગાવતી–રાણીથી ત્રિપૃષ્ઠનો જન્મ થયો, જે વાસુદેવનો વૈભવ લઇ આવ્યો હતો.

વાસુદેવ બલદેવ અને પ્રતિવાસુદેવ–આ ત્રણ અરસ પરસ સંબંધિત સંબંધો છે :વાસુદેવ, પૂર્વ જન્મમાં નિયાણું સંકલ્પ કરીને જ આવે. આ સંકલ્પનું સામર્થ્ય એને જેમ ત્રિખંડ પૃથ્વીનું રાજ્ય અપાવે, એમ સાથે સાથે નારકના ઘોર દુઃખો પણ અપાવે જ ! આમ, એનું પુણ્ય, પાપની ભીષણ–પરંપરાથી ગાઢ સંકળાયેલું હોય ! મુનિ વિશ્વભૂતિના ભવમાં નિયાણું કરેલું–એટલે ત્રિપૃષ્ઠને વાસુદેવના વૈભવ તો સાંપડ્યો. પણ સાથે સાથે નરક-ભવનું ગમન પણ એને માટે અનિવાર્ય બન્યું.

બલદેવને માટે આનાથી વિપરિત–પરિસ્થતિ હોય છે. એ વાસુ-દેવના ઓરમાન ભાઈ હોય, છતાં વાસુદેવ–બલદેવ સાથે ચન્દ્ર–ચકોર-રથીય ગાઢી–પ્રીત હોય. એનું પુણ્ય, પનોતા પુણ્યની પરંપરાથી પ્રભાવવંતું હોય, જીવનના અંત–કાળ દરમિયાન કાં તો સંયમી બની ને એ મોક્ષના માલિક બને, કાં તો દેવ લોકની દોલતના એ અધિકારી બને. અપવર્ગ કે સ્વર્ગ–આ બે સિવાય બીજી ગતિ એમને ન હોય. અચલ, બલદેવ હતો.

જ્યારે પ્રાત–વાસુદેવ માટે તૈયાર–ભાણેથી લઈ જઈને, સુખ ભોગવવા જેવો ઘાટ નક્કી હોય છે. વર્ષોની યુદ્ધ–યાત્રા કરીને એ ત્રિખંડ-પૃથ્વીની રાજ ઋદ્ધિ રળે. પછી એના ભોગવટાના ટાણે જ

એનાથી વધુ બળવાન વાસુદેવ, એની રાજઋદ્ધિ સામે રણે ચડે. વાસુદેવ–પ્રતિવાસુદેવ વચ્ચે ખૂનખાર જંગ જામે. આમા અંતે વાસુદેવ વિજયી બને અને પ્રતિવાસુદેવનું રૌદ્ર–ધ્યાન એને નારકના દ્વારે ધસડી જાય !

ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા. એના ઓરમાન–ભાઇ અચળ બલદેવ હતા. આ વખતે પ્રતિવાસુદેવ તરીકે અશ્વગ્રીવની આણ તપતી હતી. વાસુદેવ–બલદેવ ના પિતા ખુદ પ્રજાપતિ–રાજવી અશ્વગ્રીવના તાબેદાર હતા.

અશ્વગ્રીવ રત્નપુરનો રાજા હતો. એની ઉંચાઇ પ્રભાવશાળી હતી. એનું આયુષ્ય વિરાટ હતું. યુદ્ધ–યાત્રા દરમિયાન ત્રિખંડ–ભરત પર એની વિજય–ઝંડી ફરકી ઉઠી હતી. વિદ્યાધરોની બે શ્રેણીઓના અધિપતિઓને એણે નમાવ્યા હતા. માગધ, વરદામ ને પ્રભાસ–તીર્થ એની ઝંડી નીચે હતું. કુલ સોળ હજાર મુકુટ–બદ્ધ રાજાઓ એની આજ્ઞામાં હતા.

અગિયારમાં તીર્થપતિ થનાર શ્રેયાંસ–નાથ પ્રભુનો આ કાળ હતો. વાસુદેવ, બલદેવ અને પ્રતિવાસુદેવના પાત્રો આ ટાણે જન્મીને જોદ્ધા બની ચૂકયા હતા. રાજદરબારના વૈભવી નાચ-ગાન વચ્ચે સહુનો સમય પસાર થઈ રહ્યો હતો.

## પટ નંબર ૧૬ :

પ્રજાપતિનું સાચું નામ તો રિપુ–પ્રતિશત્રુ હતું. પણ એમના જીવનમાં બનેલાં, સનસનાટી–ભર્યા એક બનાવે, એમને પ્રજાપતિ નામ અપાવ્યું. હતું.

આ બનાવની વિગત કંઈક આવી હતી : અચલ અને મૃગાવતી ભાઈ–બહેન હતા. ભદ્રા નામની રાજકુમારી સાથે થયેલાં લગ્નની ફલ-શ્રુતિ તરીકે, અચલ ને મૃગાવતીનો જન્મ થયો. મૃગાવતીનું રૂપ અજોડ તો હતું જ. એમાં વળી એના દેહ પર યૌવનના વસંત-વૈભવ વેરાય. પિતા રિપુ–પ્રતિશત્રુની આંખમાં વાસનાને વિકાર ડોકાઇ આવ્યા. એને થયું : પુત્રી મૃગાવતી પર માલિકી તો મારી જ

છે. પછી એની સાથે લગ્ન કરતા મને રોકી કોણ શકે? ને એણે એક દહાડો ભરી રાજ–સભામાં કપટ–ભર્યો પ્રશ્ન રજૂ કર્યો :

"આ રાજભવનમાં જે જે વસ્તુઓ ઉત્પન્ન થાય, એની માલિકી કોની? પ્રજાજનો મારા આ પ્રશ્નનો જવાબ નિખાલસતા અને નીડરતાથી વાળે, એમ હું ઇચ્છું છું."

પ્રશ્ન પાછળ ડોકાતી વિકારમયી દુનિયાથી અજાણ સહુએ તરત જ સમસ્વરે જવાબ આપ્યો : એમાં વળી પ્રશ્નને અવકાશ જ ક્યાં છે? એના એક માત્ર માલિક આપ જ ગણાવ!

વળતી જ પળે રાજાએ ધડાકો કર્યો : તો સાંભળો! મૃગાવતી મારી પુત્રી છે. માટે એનો માલિક હું છું. ભલે, એ પુત્રી રહી. પણ હું એનો પતિ બનીશ એની સાથે મારા લગ્ન થશે!

બધે સોંપો છવાઈ ગયો. પણ બોલે કોણ? ધણીનો ધણી કોણ? રાજાએ પોતાના સંતાન સાથે સ્નેહ સંબંધ બાંધવાની ધૃષ્ટતા કરી. મૃગાવતીને એ પરણી ગયો. આ પાપી–પ્રેમની સ્મૃતિ રૂપે જ, પ્રજાએ રિપુ–પ્રતિશત્રુનું નામ પ્રજા–પતિ રાખ્યું. પ્રજા ગણાતી પુત્રીનો પતિ એ–પ્રજાપતિ!

આશ્ચર્યનું આશ્ચર્ય તો હવે જોવા જેવું છે. જેના જીવત્વમાં ભગવાન મહાવીરનું શિવત્વ છુપાયું છે. એ ત્રિપૃષ્ઠ–વાસુદેવનો જન્મ આ પિતા–પુત્રીથી થયો. ત્રિપૃષ્ઠ–વાસુદેવની આટલી પીછાણ પછી, હવે જરા પ્રતિ–વાસુદેવ અશ્વગ્રીવના જીવન–ખંડમાં ડોકિયું કરી લઈએ :

ત્રિખંડના એક–માત્ર સ્વામીત્વના ભોગવટાને ટાણે એક દિ' અશ્વગ્રીવને પોતાની ભાવિ–દુનિયા જાણવાની ઈચ્છા થઈ આવી. અષ્ટાંગ–નિમિત્તના જ્ઞાની પાસે ભૂત અને ભવિષ્ય બંને વર્તમાનની પળ જેટલાં જ સ્પષ્ટ હોય છે. આવા એક જ્ઞાનીને એણે પોતાની ભાવિ-આબાદી વિશે પૂછ્યું.

જવાબમાં ભાવિ શંકાસ્પદ આવ્યુ. નૈમિત્તિકે કહ્યું : આપના ચંડવેગ દૂતને જે હરાવશે,–ઉપરાંત આપના શાલિ–ક્ષેત્ર–ચોખાના

ખેતરના રક્ષણ માટે નિયુક્ત થયેલો જે રાજકુમાર, ત્યાંના સિંહને ઊભો ને ઊભો ચીરશે—એના હાથે આપનું મોત લખાયેલું છે.

મરણની કલ્પના પ્રતિવાસુદેવને ધ્રુજાવી ગઈ. મનોમન એ બોલ્યો : જે બાપાઓને મેં મારી આણ નીચે આણ્યા છે—એમાંનો એક બેટો શું મને કમોતે મારશે ?

ભાવિને જાણીને અશ્વગ્રીવ ચિંતાતુર બન્યો. ત્યાં તો એક દિ' ઉપદ્રવના એક સમાચાર આવ્યા. રત્નપુરથી નજીકમાં જ એક યુવાન-સિંહે સંહાર–લીલા આદરી હતી. સિંહ અજેય હતો. ખેડૂતોના પ્રયાસો ફાવ્યા ન હતા. ખેતરોનું રક્ષણ ભયમાં હતું—આ સમાચાર મળતા જ અશ્વગ્રીવને એક આશા બંધાણી. ભવિષ્યની વાણીના ચંડવેગ અને સિંહના—એ પાત્રો એની આંખ સામે તરવરી ઉઠયા. એણે આજુબાજુ મબલખ ચોખા વાવવાની યોજના કરી અને સિંહથી એના રક્ષણ માટે પોતાના આજ્ઞાવર્ત્તી રાજાઓને ક્રમશઃ હાજર રહેવાની આજ્ઞા પાઠવી. પોતાના મૃત્યુદાતાને ખોળીને એને ખતમ કરવા માટેના કેવા આ કાવાદાવા !

પ્રજાપતિ–રાજાના પુત્રો અચલ ને ત્રિપૃષ્ઠ ! એમનાં બળ–કીર્તિની ઘણી–ઘણી વાતો ચોમેર ફેલાયેલી હતી. એક વખત પોતાના ચંડવેગ–દૂતને અશ્વગ્રીવે પોતનપુર રવાના કર્યો. પ્રતિવાસુદેવના મોભા મુજબની સામગ્રી સાથે ચંડવેગ પોતનપુર પહોંચ્યો.

રાજસભામાં સંગીત–ગીત અને નાચ–ગાનના ભવ્ય–કાર્યક્રમો ચાલી રહ્યા હતા. જલસો બરાબર રંગમાં આવી ગયો હતો, ત્યાં જ રંગમાં ભંગ પાડતા ચંડવેગે સભામાં પ્રવેશ કર્યો.

પ્રતિવાસુદેવનો પ્રતિનિધિ ! આની અદબ ન જળવાય તો—પરિણામ કેવું આવે, એ પ્રજાપતિ જાણતો હતો. નાચ–ગાનનો મુજરો મૂકીને, રાજાએ દૂતનું સ્વાગત કર્યું. અશ્વગ્રીવના જયમંગલ પર એણે હર્ષ વ્યકત કર્યો.

ત્રિપૃષ્ઠ, ચંડવેગના દૂત–કાર્યની પાછળ રહેલી વિશાળ–સત્તાથી

અજાણુ હતો. પોતાના પિતાની આ પ્રવૃત્તિથી એને ગુસ્સો ચઢ્યો. સંગીતની ભવ્ય-સુરાવલિઓના કેવા આલાપ અધવચ્ચેથી જ મૂકી દેવા પડ્યા હતા! એની ક્રોધ-રેખાઓ જોઈને મંત્રીએ એને દૂતનું વ્યક્તિત્વ ને રાજ્યની ફરજ સમજાવી. એ વધુ ખીજાયો અને મનોમન બોલ્યો : સ્વામી-સેવકના આ વળી કેવા સંબંધ! તાતી તલવાર તાણી જાણે એ સ્વામી! સ્વામીના ઈજારા કંઈ જન્મતાની સાથે કપાળમાં કોતરાતા નથી.

એ દિવસનો નાચગાનનો મુજરો તો અધૂરો જ રહ્યો. એ દિવસ પછી ચંડવેગે પોતનપુરની વિદાય લીધી. ત્રિપૃષ્ઠનું તપેલું લોહી હજી ઠર્યું ન હતું. રંગના ભંગમાંથી ઊભા થયેલા વેરની વસૂલાત માટેના ખુન્નસને એક તક મળી ગઈ. પિતાને અજાણ રાખીને, થોડા સુભટો સાથે એણે ચંડવેગને આંતર્યો અને પડકાર્યો :

'રે! દૂત! રંગમાં ભંગ પાડનાર ઓ પાપી! એક સામાન્ય સ્વજન પણ ખત-ખબર મોકલાને પછી જ આવે છે. તું અણધાર્યો આવ્યો ને અમારું સ્વર્ગીય-સંગીત લૂંટાઈ ગયું. લે, લેતો જા એનો બદલો!'

ને ત્રિપૃષ્ઠ વજ્રમુઠ્ઠી ઉગામીને દૂતને મારવા ધસ્યો. દૂતના સો વરસ પૂરા થઈ જાય, એવી એ પળે અચલ આગળ આવ્યો. એણે નીતિએ નિરૂપેલી, દૂત તરફ જોવાની અમીદૃષ્ટિ સમજાવીને ત્રિપૃષ્ઠને શાંત કર્યો. પણ વેરની વસૂલાત વિના શાંતિ કેવી? એની આજ્ઞાથી દૂતનો આખો કાફલો લૂંટી લેવામાં આવ્યો. ચંડવેગ વિલે મોંઢે, પહેરેલે કપડે આગળ વધ્યો.

લૂંટના આ સમાચારથી પ્રજાપતિએ ઘણો ખેદ અનુભવ્યો. આ ભૂલ ભયંકર હતી. અશ્વગ્રીવની ઉઘાડે-છોગ થયેલી અવગણનાનું જ બીજું રૂપ હતું, દૂતની અવજ્ઞા!

સમાચાર અશ્વગ્રીવને મળ્યા. પોતાના દૂતની અવજ્ઞામાં

એમને પોતાની અવજ્ઞા જણાઈ. લાલઘૂમ આંખે એમણે બીજી આજ્ઞા કરી : જાઓ, અત્યારે ને અત્યારે એ પ્રજાપતિને કહો કે–આ પળથી જ શાલિક્ષેત્રમાં ઘૂમતા વનરાજની વચ્ચે રહીને તમારે ખેતરોનું રક્ષણ કરવાનું છે! બે છોકરાઓ થોડા–ઘણાં બળવાન પાક્યા–એમાં આટલું બધું અભિમાન!

આજ્ઞા પોતનપુર પહોંચી. પ્રજાપતિએ ધારેલું જ પરિણામ આવ્યું. ક્રોધ–ઝરતી આંખે એણે ત્રિપૃષ્ઠને રાડ પાડીને કહ્યું : ત્રિપૃષ્ઠ! જા હવે સિંહની બોડમાં! પરિણામ વિના ઉપાડેલું પગલું મોત ભણી જ લઇ જાય છે. ભૂલ તારી છે, પણ ભોગવવી પડશે મારે!

ને પ્રજાપતિ રત્નપુર જવા તૈયાર થયા. બે કુમારોને પોતાના અગાધ–બળ પર વિશ્વાસ હતો. પિતાને રોકીને એઓ સિંહની બોડમાં જવા તૈયાર થઇ ગયા.

આ આજ્ઞા પાછળ અશ્વગ્રીવની બેવડી–દૃષ્ટિ હતી : ચંડવેગનું અપમાન કરીને ત્રિપૃષ્ઠે પોતાની ભવિષ્ય વાણીને વિશ્વસ્ત બનાવી હતી. એને વધુ વિશ્વસ્ત બનાવવામાં આ પગલું ઉપકારી હતું જો સિંહ મરે તોય લાભમાં જ હતું. ને ત્રિપૃષ્ઠ મરે તોય લાભમાં હતું. ઘી ખીચડીમાં જ ઢોળાવાનું હતું.

અચલ અને ત્રિપૃષ્ઠ શાલિક્ષેત્રમાં આવી ઊભા. સાથેના સૈન્યને બહાર રહેવાની આજ્ઞા આપીને એ બન્ને સિંહના રહેઠાણ ભણી આવ્યા. વચમાં અસ્થિઓના ઢગ ખડકાયા હતા. રક્ષણ માટે આવેલા જવાંમર્દોની નબળાઇના પ્રતીક એ હાડપિંજરોને જોતા–જોતા બંને ભાઈઓ સિંહની સામે આવી ઊભા. એમના રથના અવાજથી સિંહ એકવાર જાગ્યો. પણ પોતાની સામે બે પુરુષો જ હતા–એની સામે ત્રાડ નાખવામાં એને અન્યાય ભાસ્યો અને એ પાછો સૂઇ ગયો.

રથમાં રહેલાં ત્રિપૃષ્ઠે સિંહની સામે યુદ્ધનો પડકાર ફેંકયો. સિંહ સાબદો બનીને જાગી ઉઠયો. અચલે યુદ્ધની તૈયારી કરવા

માંડી. પણ સિંહ સામે સીધો સંગ્રામ ખેલવાની આ પળને ત્રિપૃષ્ઠ કેમ જતી કરે ? એણે બાંયો ચડાવી.

સિંહ એકલો હતો. એના હાથમાં વળી શસ્ત્ર ક્યાંથી હોય ? એ પાછો જમીન પર હતો. ત્રિપૃષ્ઠને પોતાની યુદ્ધ-રીતિ અન્યાયી લાગી. વળતીજ પળે એ રથમાંથી નીચે ઉતરી ગયો. શસ્ત્રોને ફગાવી દઈને એ સિંહ તરફ દોડયો.

આવી વીરતા જિંદગીમાં આ પહેલી જ વાર સિંહને જોવા મળતી હતી. એ બાબહો બની ગયો. એણે વન-જંગલોને ધ્રુજાવતી એક ત્રાડ પાડી. પોતાના પૂંછડાના પછાડથી એણે આખા શાલિક્ષેત્રને ધ્રુજાવી મૂક્યું.

ત્રિપૃષ્ઠે સામી રાડ નાંખી : રે! વનરાજ ! બળાબળનો નિર્ણય કરવા મેદાને ઝંપલાવ ! આમ રાડો પાડવાથી શું વળવાનું છે !

સિંહ ચાર પગે કૂદ્યો. ત્રિપૃષ્ઠે પણ ઝનૂની ફાળ ભરી. માનવ-પશુ વચ્ચેનો એ સંગ્રામ અજબનો હતો. પણ વાસુદેવની આગળ કોણ જીતી શકે ? વળતી જ પળોમાં ત્રિપૃષ્ઠના નખરાળ-પંજામાં સિંહનું જડબું આવી ભરાયું. ને એ સિંહ ઊભો ને ઊભો ચીરાઈ ગયો. માનવ પાસેથી મળેલી હારનું દુઃખ, એને મોતથીય વધુ પીડા આપી રહ્યું. વનનો રાજા સિસકાર નાખતો ધૂળમાં રગદોળાઈ રહ્યો. ત્રિપૃષ્ઠે હર્ષની ચિચિયારી નાખી.

સિંહના સિસકારની કરૂણતાથી રથનો સારથિ પીગળી ગયો. એણે કહ્યું : સિંહ ! તું જો વનનો રાજા છે, તો આ ત્રિપૃષ્ઠ-કુમાર ત્રિભુવનના રાજા છે. તું ખેદ ન કર. સમાન કે હીન બળથી નહિ, પણ અધિક-બળથી તું મર્યો છે. માટે એનો ખેદ ન હોય ! થોડી પળોમાં સિંહે પ્રાણ મૂકયા. એ નારકની દુખિયારી--અંધિયારી ભોમ ભણી જવા રવાના થયા.

અશ્વગ્રીવના રાજ–દૂતોને, મારેલા સિંહનું ચામડું આપીને બંને ભાઈઓ સીધા જ પોતનપુર જવા રવાના થયા. પ્રજાપતિ પોતાના પુત્રોના આ પરાક્રમ પર વારી ગયા.

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે એ સિંહ–ચર્મ જોયું ને એમાં એને પોતાના મોતના દર્શન થયા. નૈમિત્તિકની આગાહીનો ત્રિપૃષ્ઠમાં બરાબર મેળ મળી જતો હતો. ચંડવેગને પરાભવ આપવા ઉપરાંત, સિંહને એણે જ વિદાર્યો હતો. અંદર ધૂંધૂવાતા યુદ્ધના અગ્નિને પ્રગટ કરવાની પળ શોધતા અશ્વગ્રીવને એકવાર એવી પળ મળી ગઈ.

આ અરસામાં અશ્વગ્રીવના આજ્ઞાવર્તી વિદ્યાધર જવલનજટીએ પોતાની નવયૌવના પુત્રી–સ્વયંપ્રભાનું ત્રિપૃષ્ઠ–કુમારની સાથે પાણિ ગ્રહણ કર્યું. આ પાણિગ્રહણ માટે ત્યારની આજ્ઞાનિષ્ઠા પ્રમાણે અશ્વગ્રીવની સંમતિ આવશ્યક હતી. કારણ જવલનજટી અશ્વગ્રીવનો તાબેદાર હતો. પોતાને પૂછ્યા વિના પોતાના ઢાંકયા–શત્રુ ત્રિપૃષ્ઠની સાથે સ્થપાયેલા આ પ્રેમ–સંબંધની આડ ધરીને પ્રતિવાસુદેવે વાસુદેવ સાથે સંગ્રામ માંડવાનું નક્કી કર્યું. પહેલા તો એમણે સ્વયંપ્રભાના પાણિ–ગ્રહણ માટે એક દૂત પોતનપુર રવાના કર્યો.

દૂત પોતનપુર આવ્યો. એની માંગણી પર સહુએ મશ્કરી કરી કે–ગાંડા! તારા રાજાને એટલુંય શું ખબર નથી? માંગા હોય તો પુત્રીના હોય, પત્નીના કદિ નહિ! સ્વયંપ્રભા સહુની સાખે ત્રિપૃષ્ઠ–વાસુદેવની સાથે પ્રેમને છેડે બંધાઈ ચૂકી છે.

ત્રિપૃષ્ઠકુમારનું લોહી આ અયોગ્ય–માંગથી ગરમ થઇ ઉઠયું. એણે દૂતને તિરસ્કાર્યો. વિલે મોઢે દૂતે રત્નપુરની વાટ પકડી.

વાસુદેવના ઉદયની પળ પાકી ચૂકી હતી. પ્રતિવાસુદેવના અસ્તની પળ પણ પાકી ચૂકી હતી. બંનેના હૈયામાં રહેલા વેરના લાકડાને ભડ–ભડ બળવા માટે જોઈતી ચિનગારી માટે આટલો જ સંઘર્ષ બસ હતો.

બન્ને પક્ષે યુદ્ધની ઝાલરો બજી ઉઠી. રણ ભેરીના આકાશ-ચીરતા ભીષણ-નાદથી ધરતી ધણધણી ઉઠી. ત્રિપૃષ્ઠનું બળ પૂર બહારમાં હતું. અશ્વગ્રીવમાં બળની ઓટ હતી. પણ વિનાશ-કાળે વિપરિત-વિચારો જ આવે છે. બન્ને મોરચે લાખો જવાંમર્દો જાગી ચૂક્યા. વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચેનું આ ખૂનખાર યુદ્ધ દેવતાઇ શસ્ત્ર-અસ્ત્રોથી ખેલાવાતું હતું.

એક સ્ત્રીને આગળ કરીને, સંગ્રામને મેદાને તાતી-તલવારો તણાઈ. વાસુદેવ-પ્રતિવાસુદેવ સામ-સામે ટકરાય. લોહીથી ધરતી લથપથ બની ગઈ. રક્ત-રંગી સરિતાઓમાં જાણે અસ્થિના ઢગ તણાવા માંડયા.

શસ્ત્ર ખૂટયા. અસ્ત્ર બાકી ન રહ્યા. વિજયનો વાવટો વાસુદેવ તરફ ઢળે-એમ જણવા માંડયું. ત્યાં જ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને પોતાનું દેવાધિષ્ઠિત ચક્રરત્ન યાદ આવ્યું. એ હર્ષમાં આવી ગયો. ચક્રરત્નને આંગળીને ટેરવે ઘૂમાવી-ઘૂમાવીને એણે ત્રિપૃષ્ઠ પર એનો મરણતોલ ઘા કર્યો. પણ આ ચક્રરત્નથીતો એના જ સ્વામી અશ્વ-ગ્રીવના મોતના લોહી-લેખ લખાઇ ચૂકયા હતા.

અનુપમ પુણ્ય અને અજોડ-બળના સ્વામી ત્રિપૃષ્ઠને ચક્રરત્ને ખાસ ઈજા ન પહોંચાડી. એક સામાન્ય-મૂર્છામાંથી ઊભા થઈને, ખુન્નસ સાથે એમણે એ જ ચક્રરત્નને આંગળીને ટેરવે જોર-જોરથી ઘૂમરાવ્યું. એની ઘરેરાટી ને એના ચાલકનો ગુસ્સો-જુસ્સો જોતા જ સહુની છાતી બેસી ગઇ. ત્યાં તો ફર....ર....ર કરતું એ ચક્રરત્ન અશ્વગ્રીવ ભણી ઝંઝાવાતી વેગે ધસી ગયું. ને બીજી પળે તો અશ્વગ્રીવનું ધડ ધરતીના-ધૂળમાં રગદોળાવા માંડયું. પોતાના જ શસ્ત્રથી પોતાનો વિનાશ ! ! અશ્વગ્રીવને કર્મરાજે સાતમી નારકમાં ફંગોળી દીધો.

વાસુદેવના વિજય-નાદથી ધરતી ને આકાશ ગાજી ઉઠયા. આકા-શમાં રહીને દેવોએ વિજયની દુંદુભિ વગાડી. અત્યાર સુધી પ્રતિવા-

સુદેવે મેળવેલી બધી રાજઋદ્ધિ હવે વાસુદેવને મળી. ત્રિખંડીવિશ્વ એમની આજ્ઞા નીચે આવી ગયું. આ પછી વાસુદેવ પોતનપુર આવ્યા.

દિગ્વિજયનું કાર્ય હજી બાકી હતું. એક દિવસ યુદ્ધનો શંખ ફુંકાયો. ને વાસુદેવ દિગ્વિજય માટે નીકળ્યા. પૂર્વમાં માગધ–દેવ. દક્ષિણમાં વરદામ–દેવ ને પશ્ચિમમાં પ્રભાસ દેવને પોતાના દાસ બનાવીને, વિજય–યાત્રા વૈતાઢ્ય–પર્વતની શ્રેણીઓ તરફ લંબાઇ. ત્યાં પણ વિજય હાંસલ કરીને એમણે પોતનપુર તરફ પ્રયાણ કર્યું. વચમાં મગધ દેશમાં એક કોટિશિલા (કરોડ માણસથી ઉપડાય એવી શિલા) આવી. એને ડાબી ભૂજાથી ઉંચકીને, છત્રની જેમ એમણે આકાશમાં ઉંચી કરી. આ બળ પર સહુ ધન્યતા અનુભવી રહ્યા. યાત્રા પોતનપુર આવી.

દેવો. વિદ્યાધરો અને દેશદેશના રાજાઓએ ભેગા થઇને ત્રિપૃષ્ઠ–કુમારનો પ્રથમ વાસુદેવ તરીકે અભિષેક કર્યો.

આ કાળ દરમિયાન ૧૧ માં તીર્થપતિ શ્રી શ્રેયાંસનાથ પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ચૂકી હતી અને શાસનનું નાવ આ ભવ–સાગરમાં તરતું મૂકાઈ ગયુ હતું. એઓ વિચરતા–વિચરતા એક દહાડો પોતનપુરના આંગણમાં પધાર્યા.

તીર્થંકર–પ્રભુની ધર્મ–દેશનામાં વાસુદેવ–બલદેવ સહિત સમગ્ર-નગર ઉમટયું. આ અપૂર્વ શ્રવણે ત્રિપૃષ્ઠ–વાસુદેવના અંતરમાં ધરબાયેલો સમ્યગ્–દર્શનનો તેજ–પુંજ ફરી પાછો ઝળહળી ઉઠ્યો. નયસારના ભવમાં પ્રકાશ પ્રગટ્યો. મરિચિના ભવમાં–કપિલની મોહ–માયામાં, એક જ વચન–इत्थंपि इहयंपि–બોલાયું ને એ પ્રકાશ આવરાઈ ગયો. પ્રકાશ પરનું આ આવરણ છેક સોળમાં વિશ્વભૂતિના ભવમા ખસ્યું ને પ્રકાશ પુનઃ ખીલ્યો. પણ, એ જ ભવમાં વિશાખ-નંદીના ઉપહાસની પળે, એ ભૂલ્યા ને પ્રકાશ પાછો છૂપાઈ ગયો આમ, ઉદય–અસ્તની તેજી–મંદી અનુભવતા પ્રભુ મહાવીરના આત્માને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ફરી એ પ્રકાશ લાધ્યો.

વૈભવ એવી માદક–ચીજ છે કે–એમાં ભૂલતા વાર ન લાગે. એમાંય વળી વાસુદેવનો વૈભવ એટલે પૂછવું જ શું? ત્રિપૃષ્ઠના જીવનમાં આવી એક પળ આવી ને એમને ભુલ–ભુલામણીમાં નાખી ગઇ. વૈભવી–જીવનની સાથે સંકળાયેલી ચીજોમાં સુરા, સુંદરી ને સંગ્રામની જેમ સંગીત પણ એક ચીજ છે.

વાસુદેવના શયનખંડમાં આછી–આછી સૂરાવલિઓ રેલાય અને એ નિદ્રાધીન બને! આવી એક રાતે વાસુદેવ ભૂલ્યા.

સંગીતની સૂરાવલીઓ છેડાઈ રહી હતી. પાયલ બજી રહ્યા હતા. અને વાતાવરણ સ્વર્ગીય હતું. ત્રિપૃષ્ઠ–વાસુદેવ આવી સૂરાવલિઓ વચ્ચે શય્યા પર આડા થયા. શય્યાપાલકને એમણે આજ્ઞા કરી કે– હું નિદ્રાધીન બનું. પછી આ ગીત–સંગીત બંધ કરી દેજે!

થોડી પળોમાં વાસુદેવની આંખ મીંચાઈ ગઇ. પણ સ્વરની માધુરીમાં મસ્ત બનેલાં શય્યા પાલકની આંખ એ તરફ ન ગઇ ને સંગીત ચાલુ જ રહ્યું. શું સંગીત હતું! શૈય્યાપાલક એમાં ડોલી રહ્યો. પળો પસાર થઇ રહી.

પટ નંબર ૧૭

વાસુદેવ ત્રિપૃષ્ઠ જ્યારે જાગ્યા, ત્યારે પણ ચાલુ રહેલી સંગીતની સૂરાવલિઓ સંભળાતા જ એમણે ભ્રકુટિ ચડાવીને રાડ પાડી: રે! મારી આજ્ઞા કરતા તને આ સંગીત વધુ મીઠું લાગ્યુ શું? આજ્ઞા–ભંગ! ચાખી લે, એના માઠાં ફળ!

ને વાસુદેવે શય્યાપાલકના કાનમાં ખળખળતું સીસુ રેડાવ્યું. એ રાડો પાડતો ગયો, એમ વાસુદેવ ખુશ થતા ગયા. ને એક કર્મ એમણે એવું તો અચલ બાંધ્યું કે–જે કર્મ ભ૦ મહાવીરના ભવમાં કાનમાં ખીલા ઠોકાવીને જ ખર્યું.

વાસુદેવના વૈભવનો પાપભર્યો ચોરાશી–લાખ વર્ષનો અંત કાળ નજીક આવ્યો. ભગવાન શ્રેયાંસનાથની ધર્મદેશનાએ ઝળહળી

ઉઠેલો. સમ્યગ્દર્શનનો પ્રકાશ આ ટાણે બુઝાઈ ગયો. અને આયુષ્ય પૂર્ણ થતા જ સુખના સિંહાસનેથી પદભ્રષ્ટ કરીને, ત્રિપૃષ્ઠ-વાસુદેવને કર્મરાજે સાતમી નારકની વાટ પકડાવી. સુખના સિંહાસને બેઠેલા વાસુદેવને દુઃખની છેલ્લામાં છેલ્લી કક્ષા સહવા ચાલી નીકળવું પડયું.

ત્રિપૃષ્ઠ માટે નહિ-દરેક વાસુદેવને માટે આ જ ભાવિલેખ નિશ્ચિત હોય છે. નિયાણું બાંધીને, ભિખી માગેલા બળના એ સ્વામી બને અને મરીને સાતમી નારકની સજા ભોગવવા એ ચાલ્યા જાય!

ત્રિપૃષ્ઠનું મરણ થતાં, ભાઇ તરફના સ્નેહાંતુએ અચલ બલદેવના રોમ-રોમમાં વિરહની આગ ચાંપી. ભાઇના મૃત્યુને કબૂલવા એ તૈયાર ન થયા, એ શબનું છ મહિના સુધી એમણે લાલન-પાલન કર્યું, પણ અંતે હકીકત સમજાતા એમની વેદના વધી ગઈ. આ વેદનામાંથી એમને વિરાગની વાટ જડી ગઇ. એક દિવસ શ્રેયાંસનાથ પ્રભુની સાંભળેલી દેશના યાદ આવી ને એ સ્વસ્થ થયા. ત્યાર પછી આચાર્યશ્રીધર્મઘોષસૂરિજીનો યોગ થતાં એ સંયમી થયા.

બલદેવના ભાગ્યમાં બે જ ગતિ હોય! કાં મોક્ષ, કાં સ્વર્ગ! અચલમુનિ મોક્ષગામી હતા. એ કેવળી બન્યા, ને આયુષ્ય પૂર્ણ થતા સિદ્ધશિલાની જ્યોતિર્મય ભોમ પર એમનું આત્મતત્ત્વ પલાંઠી લગાવીને બેસી ગયું.

સાતમી-નારકનો તેત્રીશ સાગરોપમનો કારમો ને વિરાટ આયુષ્ય-કાળ પૂર્ણ થયો અને ત્રિપૃષ્ઠનો એ જીવ ત્યાંથી ૨૦ માં ભવમાં સિંહ તરીકે જન્મ પામ્યો.

એક પગથિયાથી પટકાયેલો માનવ, અધ:પતનના કયા ખાડામાં પહોંચે-એ કહેવું અશકય છે. ત્રિપૃષ્ઠના જીવે સિંહ બનીને અનેકની હિંસાઓ કરી. વિશ્વભૂતિના મુનિભવમાં નિયાણું કરવા દ્વારા, ઊભી થયેલી પતનની પરંપરા હજી આગળ વધવાની હતી. સિંહનો હિંસા-ભર્યો જીવનકાળ પૂર્ણ થયો. એ જીવને ૨૧ માં ભવમાં ૪થી નારકની સજા ફટકારતા કર્મે ક્રુજારી પણ ન અનુભવી.

પટ નંબર ૧૮ :

ચોથી નારકના ૨૧ માં ભવ પછી ૨૨ માં ભવમાં ત્રિપૃષ્ઠના જીવને માનવ-જન્મ અને જૈનધર્મનો સંયોગ સાંપડ્યો. પણ નારકના આ ભવ પછી એ જીવે, વચમાં તિર્યંચ-આદિના ઘણાં-ઘણાં ક્ષુદ્ર ભવો કર્યા-જેની ગણના ૨૭ ભવની અંદર ન થઈ. આ ક્ષુદ્ર ભવોમાં ભમ્યા પછી, એ જીવમાં એવી યોગ્યતા પ્રગટી કે, જેથી સારો ભવ ને સારા ભાવની પ્રાપ્તિ થાય.

ભ૦ મહાવીરના જીવને ૨૨ માં ભવમાં રાજ-કુમારનું જીવન મળ્યું. રથપુર-નગર. પ્રિયમિત્ર રાજા ને વિમલા રાણી. એમના પુત્ર તરીકે એનો જન્મ થયો. રાજકુમાર વિમલ તરીકે એ જાહેર થયો.

રાજ-વૈભવનાં વાયરાં વચ્ચે હૈયામાં કરૂણતાની જ્યોત જલતી રહેવી, એ ઘણી અઘરી વાત હતી. એક વખત વિમલના જીવનમાં કટોકટીને ટાણે પણ આ જ્યોત ટમટમતી જ રહી.

વિમલકુમાર એક વાર વનવિહારે ગયા, ત્યાં શિકારીઓની જાળ વચ્ચે સપડાયેલાં અબોલ ને મૂગા પ્રાણીઓના સિસકાર સાંભળીને એમની કરૂણા ઝાલી ન રહી અને એ જીવોને એમણે અભય-દાન અપાવ્યું. આ અભયદાનથી બંધાયેલાં પુણ્યે, એમને માટે આગામી ભવના મનુષ્યત્વ પર સહી-સીક્કા કરી આપ્યા.

નીતિ ને નેકીથી રાજ્યનું સંચાલન કરીને, જીવનના ઉત્તરકાળમાં વિમલ-રાજવીએ સંયમ-જીવન સ્વીકાર્યું. આ જીવનમાં એમણે એવી તો ભીષ્મ-સાધના કરી કે, એમના લલાટ લેખમાં ચક્રવર્તીત્વની ઋદ્ધિ લખાઈ. અભય-દાનથી મનુષ્યભવ નક્કી થયો! સંયમસાધનાથી ચક્રવર્તીનું પદ નક્કી થયું!

જીવનની સંધ્યાએ વિમલમુનિએ એક મહિનાનું અણુસન આદર્યું અને કાળધર્મ પામીને એઓ, અપર-વિદેહની મુકા-નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી બન્યા.

<u>પટ નંબર ૧૯-૨૦ :</u>

ચક્રવર્તીના વૈભવની વાતો પણ અજબની હોય છે : તીર્થંકરોનો જન્મ જે ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત હોય છે. એ જ ચૌદ મહાસ્વપ્નો ચક્રવર્તીની માતા પણ નિહાળે છે. ફેર એટલો જ હોય છે કે, *તીર્થંકરની માતાને એ સ્વપ્નો સ્પષ્ટ દેખાય, જ્યારે ચક્રવર્તીની* માતાને એ સ્વપ્નો ઝાંખા ઝાંખા દેખાય ! ચક્રવર્તીનું પુણ્ય અજોડ લેખાય છે ! એ પુણ્ય, પુણ્યના અનુબંધથી ઓપતું હોય તો એના સ્વામીને કાં મોક્ષ, કાં સ્વર્ગ અપાવે ! પરંતુ એ પુણ્ય જો પાપના અનુબંધથી કાળું હોય, તો તો એ નરકના દ્વાર જ દેખાડે. ચક્રવર્તી સમસ્ત માનવ-ગણનો ઇન્દ્ર ગણાય છે. છ ખંડ એની આજ્ઞા નીચે હોય છે. બત્રીસ-હજાર મુકુટ-બદ્ધ રાજાઓ એનો પડતો બોલ ઝીલવામાં ગૌરવ અનુભવે છે. ચૌદ રત્નો ને નવ-નિધાન એના ચરણમાં આળોટતા હોય છે. દેવો એના દાસ બનવામાં ગૌરવ અનુભવતા હોય છે.

ભગવાન ઋષભદેવે ભરત-દેવની આગળ ભાખેલા ભાવિ પ્રમાણે મરિચિના જીવને વાસુદેવનું વૈભવી જીવન તો મળી ચૂક્યું હતું. બાકી રહેલી બે પદવીઓમાંથી ચક્રવર્તીત્વના ચામર હવે એના પર વીંઝાવાના હતા.

મુકાનગરીના રાજવી ધનંજય અને રાણી ધારિણી, એક ચક્રવર્તીના પિતા-માતા બનીને ધન્યતા અનુભવી રહ્યા. અજોડ-વૈભવ વચ્ચે ઉછરતા પ્રિયમિત્રે. કૌમાર્ય વટાવીને યૌવનમાં પ્રવેશ કર્યો. સેંકડો રાજકુમારીના એ કંથ બન્યા અને દિગ્વિજય કરીને એ ચક્રવર્તી બન્યા.

રાજ્યધુરાનો ભાર પ્રિયમિત્રને સોંપીને એક દિવસ ધનંજય ને ધારિણીએ સંયમ-પંથે પ્રયાણ કર્યું. આ જન્મ પછીના ચોથા ભવે *જ પ્રિયમિત્ર-ચક્રી, ધર્મ-ચક્રવર્તી પ્રભુ શ્રી મહાવીર બનવાના હતા.* ત્યાં સોળે કળાએ ખીલી ઉઠનારા વિરાગના સૂર્યની ઉષા, જાણે આ

ભવમાં જ ખીલી ઉઠી. આવા વૈમત્રી વાયરા વચ્ચે પ્રિયમિત્રનુ મન, સંસારથી ઉદાસ રહેતું. અંતરના આંગણે જલતો વિરાગ-ચિરાગ વૈભવના આવા વાયરા વચ્ચે જલતો રાખવો. સહેલો ન હતો. પણ પ્રિયમિત્ર પોતાની એ વિરાગ-જ્યોતને બરાબર જલતી રાખી શક્યા.

રાજ ભવનના વાતાયનમાં ઊભીને એક-વાર પ્રિયમિત્રચક્રી આકાશ-દર્શન કરી રહ્યા હતા. નિરભ્ર-આકાશમાં એકાએક વાદળ ચડી આવ્યા. થોડી પળોમાં પછી એ વિખરાઈ ગયા આકાશ પુનઃ નિરભ્ર બની ગયું. પ્રસંગ તો આ સાવ સામાન્ય હતો. પણ પ્રિય-મિત્રને આ પ્રસંગમં-અખિલ-વિશ્વની અનિત્યતાનો હૂબહૂ ચિતાર દેખાયો. મનોમન એ બોલ્યા :

'સંસારના આ આકાશમાં પણ સ્નેહના વાદળ-દળ આમ અચાનક જ એકઠાં થાય છે અને અચાનક જ વિખરાઈ જાય છે ને ? ક્ષણિકતાની આ અસ્થિર-મૂર્તિને રીઝવવા. શાશ્વતના અખૂટ-સૌન્દર્યને કેમ નંદાવા દેવાય ?'

વાતાયનમાંથી ચક્રવર્તી નીચે આવ્યા ને સાંભળ્યું કે, ઉદ્યાનમાં શ્રી પોટ્ટિલાચાર્ય પધાર્યા છે. એઓ ચતુરંગી એના સાથે વંદન માટે નીકળ્યા.

આકાશ-દર્શનથી ખીલેલી વિરાગની વનરાજી માટે, આચાર્યની ધર્મ-દેશના વસંત-ઋતુ બની ગઈ ચક્રવર્તીએ પોતાનો સર્વવિરતિ-ગ્રહણનો નિર્ણય જાહેર કર્યો. પુત્રને માથે રાજ્યનો અભિષેક કરીને, સાપ જેમ કાચળી તજે-એમ વિરાટ વૈભવને વેગળો મૂકીને એ સંયમને પંથે ચાલતા થયા. એક ક્રોડ-વર્ષનું આયુષ્ય હજી ભોગવવાનું હતું. આ કાળ દરમિયાન વિશુદ્ધ-વિશુદ્ધ સંયમને સર કરતા. પ્રિયમિત્ર-મુનિએ એક દિવસ દેહત્યાગ કર્યો ને એઓ શુક્રનામના સાતમાં દેવલોકમાં દેવ થયા.

**પદ નંબર ૨૧-૨૨ :**

શુક્ર-દેવલોકનું સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થતા જ પ્રિયમિત્ર-ચક્રીનો જીવ ૨૫માં ભવે છત્રાનામની નગરીમાં રાજા-જિતશત્રુ ને રાણી ભદ્રાના પુત્ર, નંદનકુમાર રૂપે જન્મ પામ્યો. 'સવિ જીવ કરૂં શાસન-રસી'ની સર્વોત્કૃષ્ટ ભાવ-કરૂણા અહીં જ વિશેષ રૂપે ભાવવાની હતી ને તીર્થંકર નામકર્મની નિકાચનાની પુણ્ય-પળ આ ભવમાં જ આવવાની હતી.

બાવીશમાં ભવથી શરૂ થયેલી આરાધક-ભાવની ક્રમશઃ વધતી જતી પરંપરા આ ભવમાં પૂર બહારમાં ખીલી જવાની હતી. નંદન-રાજકુમાર નવયૌવનને દ્વારે આવી ઊભા. રાજા-રાણીએ રાજ્ય-ભાર નંદનકુમારને સોંપ્યો ને એઓએ સંયમી-જીવનમાં પ્રવેશ મેળવ્યો.

નંદનરાજાનું આયુષ્ય ૨૫ લાખ વર્ષનું હતું. ૨૪ લાખવર્ષનો રાજ્ય-કાળ વીત્યો એ એમનું મન-પંખી મુક્તિને ઝંખી રહ્યું. શ્રી પોટ્ટિલાચાર્યની પ્રેરણા પામીને એઓ સંયમી બન્યા. આ સંયમ જીવનમાં ભીષ્મ-તપ આદરીને સવિ જીવને શાસન રસી બનાવવાની ભાવના ભાવીને તીર્થંકર-નામ કર્મને નિકાચિત બનાવવાનું હતું.

આરાધક-ભાવની વિરાટતા જોવા જેવી બની. નંદન-મુનિએ દીક્ષા દિવસથી ભીષ્મ-અભિગ્રહ ધારણ કર્યો કે-આજથી જ મારે માસક્ષમણને પારણે માસક્ષમણ કરવું. તપની આવી ભીષ્મ-પ્રતિજ્ઞા પછી જ્ઞાનોપાર્જનામાંય એઓ કટિબદ્ધ થયા ને અગિયાર-અંગ પ્રમાણ જ્ઞાનના એઓ ધારક બન્યા.

તીર્થંકર-નામકર્મની દેન કરવાની શક્તિ, વિંશતિ-સ્થાનક તપમ સમાયેલી છે. સાથે-સાથે ભાવદયાની ચરમ-સીમા પણ અપેક્ષિત છે. નંદનમુનિ તીર્થંકર થવાના હતા. એમણે વીસ-સ્થાનક તપની આરાધના કરી. એમના રોમ-રોમમાંથી 'સવિ જીવ કરૂં શાસન-રસી'ના ભાવ કરૂણા ઉછાળા પર ઉછાળા મારી રહી. આ તપની આરાધનામાં અજબ-ગજબના પ્રભાવથી પરિપૂર્ણ જે ૨૦ સ્થાનો હોય છે, એ જાણવા જેવા છે :

**અરિહંત પદ** (૧ ચાર અતિશયો અને આઠ મહા પ્રાતિહાર્યોથી યુક્ત શ્રી અરિહંત સર્વજ્ઞ પ્રભુનો આમાં સમાવેશ થાય છે. સવિજીવ કરૂં શાસન-રસીની સર્વોત્તમ ભાવ-કરૂણા ભાવીને એઓ તીર્થંકર બને છે. તીર્થની સ્થાપના કરીને એઓ સંસાર-સાગરમાં, અતૂટ-તારકશક્તિ ધરાવતું એક ધર્મ-જહાજ તરતું મૂકે છે. જેના સહારે કેઈ જીવો, સંસાર ને સિદ્ધશિલા વચ્ચે ઘઘવતા સાગરને તરી જઈને, સામે કિનારે પહોંચે છે. સર્વજ્ઞતા અને સર્વદર્શિતા સાથેના તીર્થંકરત્વના વૈભવની સદેહા-વસ્થાનો આમાં સમાવેશ થાય છે. વિદેહ બનતા જ એઓ સિદ્ધપદમાં પ્રતિષ્ઠિત થાય છે.

**સિદ્ધપદ** (૨) આત્માની શુદ્ધ-બુદ્ધ અવસ્થાની પ્રતિષ્ઠા આ પદમાં થાય છે. અશરીરી, અરૂપી અને અનામીની અવસ્થા, આ છે. દરેક ભવ્ય-જીવમાં રહેલું સિદ્ધત્વ જ્યારે પૂર્ણ પણે ખુલ્લું થઈ જાય છે, ત્યારે એ આ પદનો અધિકારી બને છે. જન્મ, જરા ને જમ (મૃત્યુ)ના તાપભર્યા ત્રિભેટે ઊભતી જીવ-જાતને અજન્મ, અજરત્વ અને અમરત્વની ત્રિવેણીમાં તરાવતું પદ આ છે.

**પ્રવચન પદ** (૩) પ્રવચન-શબ્દથી જેમ દ્વાદશાંગી રૂપ શ્રુત જ્ઞાન ઓળખાય છે. એમ શ્રમણ-પ્રધાન ચતુર્વિધ-સંઘનો ધ્વનિ પણ આમાંથી નીકળે છે. કારણ દ્વાદશાંગી-ભાખ્યા જીવનને જીવી જાણનાર સંઘ આ જ છે. પ્રવચનપદની પર્યુપાસના વિના, અરિહંત કે સિદ્ધપદની પ્રાપ્તિ અશક્ય છે. પ્રવચન વિના અરિહંત ન થવાય. અરિહંત થયા વિના સિદ્ધ ન થવાય ! આમ સિદ્ધ-પદનું સર્જન-બીજ પ્રવચન પદમાં છે.

**આચાર્યપદ** ૪) તીર્થંકર-દેવનું સૂર્ય શું સાંન્નિધ્ય જ્યારે અસ્ત થાય છે. ગણધરોના નેતૃત્વનો ચંદ્ર પણ જ્યારે ડૂબી જાય છે, ત્યારે દીપક સમું ઉત્તરદાયિત્વ જેને સમાલવાનું હોય છે-એ આચાર્યો આ પદમાં આવે છે. તીર્થંકર-પ્રબોધિત ધર્મતીર્થને હજારો લાખો વર્ષો સુધી વણથંભ્યું ને અડીખમ રાખનાર આ પદ છે.

શાસન પ્રત્યેની અડીખમ-વફાદારી અને એને કાજે માથું મૂકી દેવાની જવાંમર્દી આ પદની આગવી-વિશેષતાઓ છે.

**સ્થવિરપદ** (૫) સ્થવિરના ત્રણ ભેદ છે : વય, પર્યાય અને શ્રુતસ્થવિર! વય-સ્થવિરને આ પદ સાથે ઘણો સંબંધ નથી. પર્યાય એટલે-ચારિત્રનો કાળ! ચારિત્રથી અને શ્રુતજ્ઞાનથી જે મોટો હોય-એ આ પદમાં આવે છે વીસ વર્ષથી અધિક સંયમ-કાળ પછી એની ગણના પર્યાય-સ્થવિરમાં થાય છે. સ્થવિરો, નવા સંયમીને ચારિત્રમાં સ્થિર કરીને, મહાન ઉપકાર કરે છે. ખીલતા છોડ માટે જે આવશ્યકતા વાડ ને માળીની છે-એથીય વધુ આવશ્યકતા નવ-સંયમી માટે સ્થવિરની છે.

**ઉપાધ્યાયપદ** (૬) આચાર્યના રાજ-પદની આગળ જેનું ગૌરવ યુવરાજનું છે-એ ઉપાધ્યાયને સમાવિષ્ટ કરતું પદ આ છે. દ્વાદશાંગીનું પઠન-પાઠન એ જ એમનું જીવન છે. સાધુ-સંઘની શુદ્ધિ વૃદ્ધિ માટે સ્થવિર ને ઉપાધ્યાયની અનન્ય આવશ્યકતા છે. આ બંને પદોની પૂજામાં તીર્થંકરની સર્વોપરિ પુણ્યાઈ બક્ષવાની તાકાત ભરી પડી છે.

**જ્ઞાન પદ** (૮) અરિહંત-આદિ પદોમાં ગુણીની ઉપાસનાનું મુખ્યત્વ હતું. આ પદથી હવે ગુણની ઉપાસના મુખ્ય બને છે. સાચા-જ્ઞાનની પ્રાપ્તિ તો ઘણી દોહ્યલી છે. જે જ્ઞાનનો ઉદય થાય અને અજ્ઞાન-અવિધિના અંધકારનો એક કણ પણ ટકી શકે-એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી. જ્ઞાનની ઉપાસના ગુણની ઉપાસના છે. એનું પદ આ છે.

**દર્શન પદ** (૯) પ્રભુ-ભાખ્યા તત્ત્વ સિવાય બીજે શ્રદ્ધાનો છાંટોય ન હોવો-એ દર્શન-પદનું ધ્યેય છે. આચારમાં અહિંસા ને વિચારમાં અનેકાન્તવાદ આપે એ જ ધર્મ! રાગ ને આગ વિનાના હોય એ જ દેવ! અને વીતરાગ-દશાના આદર્શને આંબવા, વિરાગની

જ્યોતિ ધરીને જે પંથ કાપતા જાય, એ જ ગુરુ! શ્રદ્ધાના આ ત્રિભેટે ઊભવાની શક્તિ આપવાનું અપ્રતિમ સામર્થ્ય આ દર્શન-પદમાં છે.

**વિનય પદ** (૧૦) ગુણોનું પ્રવેશ-દ્વાર વિનય છે. જ્યાં વિનય છે, ત્યાં બધા ગુણોનો સમન્વય છે. વિદ્યાને જ નહિ, જીવનને ય શણગારવાની શક્તિ વિનયમાં છે.

**ચારિત્ર-પદ** (૧૧) જ્ઞાનનું ફળ આ પદ છે. જ્ઞાન, વિચાર આપે છે, ચારિત્ર આચાર! વિચારની વાટ, આચારના અજવાળ વિના ઝળહળાટ વેરી શકતી નથી. આ પદની સ્પર્શના વિના સિદ્ધ-શિલાનું સ્વામિત્વ મળવું અશક્ય છે.

**બ્રહ્મચર્ય પદ** (૧૨) આ પદની પૂર્ણ-પૂજા પ્રાયઃ મુનિ-જીવનના સ્વીકાર સાથે જોડાયેલી છે. ચારિત્રના દેહની કરોડ-રજ્જુ કે એનો પ્રાણ આ પદ છે. બ્રહ્મ એટલે આત્મા! આત્મામાં ચરવું-વિચરવું એ બ્રહ્મચર્ય! ઈંદ્ર જેવા ઇંદ્રને પણ આ પદની અદબ જાળવતા ગૌરવની અનુભુતિ થાય છે. આ વ્રતની કડકાઈ અજોડ છે. પંચ-મહાવ્રતોમાં દરેક વ્રતને માટે અપવાદ-ઉત્સર્ગના વિધાન છે. સિવાય આ બ્રહ્મ-વ્રત!

**શુભ-ધ્યાન પદ** (૧૩) અનંત-અનંત કાળથી ખડકાયે જતાં કર્મના કચરાને ઉલેચવા જતા તો અંત આવે એમ નથી. એના દૂરી-કરણનો ઉપાય-એના મૂળમાં અગ્નિ ચાંપવા સિવાય બીજો કોઈ નથી. શુભ-ધ્યાન એ જ્વલંત જ્વાળા છે, અનંત-અનંત કચરાને જે બાળીને રાખ-ખાક કરી મૂકે. ધ્યાનના બે વિભાગ છે, શુભ અને અશુભ! શુભના બે ભેદ છે: ધર્મધ્યાન ને શુક્લધ્યાન. આનો ધ્યાતા મોક્ષ મેળવી શકે. અશુભના બે ભેદ છે, આર્ત ને રૌદ્ર, આ ધ્યાન સંસારમાં રખડાવે.

**તપ-પદ** (૧૪) જે તપાવે એ તપ! આત્માનું સુવર્ણ મલિન છે. એ મેલ દૂર કરવા, એને તપાવવો પડે. તપના તાપમાંથી

હેમખેમ બહાર આવેલું સુવર્ણ એટલે જ પરમાત્મા! આ તપ, બાહ્ય અને અભ્યંતરના વિભાગમાં છ-છ ભેદ સાથે વહેંચાયેલો હોવાથી, એના કુલ ભેદ ૧૨ છે.

**સુપાત્ર-દાન પદ** (૧૫) દાનની ફલશ્રુતિ પાત્રને આધારે છે. વાદળનું જળબિંદુ તો એકનું એક જ હોય છે. છતાં કો' બિંદુ સ્વાતિનો સંયોગ પામીને છીપમાં પડે છે ને મોતી બને છે. કો' બિંદુ સાપના મોંમાં જઈ વિષમય બની જાય છે, દાનનું આવું જ છે : એ સુપાત્રમાં પડે, તો એની ફળશકિત મુકિતને અપાવી જાય છે. કોઈ ગ્રંથોમાં ૧૫ માં પદ તરીકે -ગોયમ-પદનું નામ આવે છે, સમન્વય-દષ્ટિથી વિચારીએ તો બંનેનું કહેવું એક જ છે. એકમાં ગુણની મુખ્યતા છે, બીજામાં ગુણીની! ધર્મના ચાર ભેદમાં દાન આગલી હરોળમાં છે-આ એની સર્વોપરિતાનું સીમા-ચિન્હ છે.

**વૈયા-વચ્ચ પદ** (૧૬ વૈયા-વચ્ચની ફલશ્રુતિ પર શાસ્ત્ર, અપ્રતિપાતી-ગુણની શાખ મારે છે. બીજા ગુણો ફળ આપે કે ન પણ આપે. જ્યારે આ પદની ફળ આપવાની તાકાત અમોઘ છે. એની નિષ્ફળતા કદિય ન થાય. ભરતરાજ ચક્રવર્તી હતા, છતાં એમના ભાઇ બાહુબલિની સામે બળમાં એ ટક્કર ન ઝીલી શકયા. ચક્રવર્તી જેવાને ચોળી નાખવાની તાકાત બાહુબલિની બાહુમાં પૂરનાર પદ આ હતું.

**સમાધિ-પદ** (૧૭) આધિ, વ્યાધિ ને ઉપાધિઓની ઝીંકાતી આંધી વચ્ચે સમાધિના દીપને જલતો રાખીને-આત્માને સમભાવમાં સ્થિર રાખવાની પ્રેરણાનું પદ આ છે. દર્શનની પૂર્ણતા જ્ઞાનમાં છે. જ્ઞાન, સંયમ અપાવીને પૂર્ણ બને છે. તો સંયમની પૂર્ણતા સમાધિમાં છે.

**અભિનવ-જ્ઞાનપદ** (૧૮) અભિનવ એટલે નવું! નવું-નવું જ્ઞાન પામવાની ઝંખના જગવનારૂં પદ આ છે. પગલે-પગલે પંથ

કષાય છે. કેવલજ્ઞાન, જ્ઞાનનો અંતિમ પરમ અને ચરમ મુકામ છે, બસ, આની આગળ જ્ઞાનની કેડી જ વધતી નથી, જ્યાં પહોંચ્યા પછી પ્રવાસ બાકી ન રહે એવું જ્ઞાનતીર્થ મેળવવાં. નવું-નવું જ્ઞાન પામવાની લગની પેદા કરવી, એ આ પદની પ્રેરણા છે.

**શ્રુત–પદ** (૧૯) વીતરાગની વાણીના વહી ગયેલા પાણીને આપણી સુધી ખેંચી લાવનાર શ્રુત છે. શ્રુત એટલે શાસ્ત્રો-આગમો! એનું સંવર્ધન, સંરક્ષણ ને સર્જન આ પદમાં પ્રતિષ્ઠિત થાય છે. જે અમૂલ્ય શ્રુત વારસો આપણે આજે સાંપડ્યો, એ વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવા માટેની પુણ્ય પ્રેરણા દેતું પદ આ છે.

**તીર્થ–પદ** (૨૦) તારે તે તીર્થ! ચતુર્વિધ-સંઘ. પ્રભુનું શાસન. જિનેશ્વરોની કલ્યાણક ભૂમિઓ. હજારોને પ્રેરણા પાતી ભવ્ય જિનપ્રતિમાઓ અને લાખોને સમ્યગ્દર્શનનો સાદ દેતા જિન-મંદિરો. જૈન-જગતની જાહોજલાલીમાં ચાર-ચાર ચાંદ ખીલવી જતા-એના અનુષ્ઠાનો-આ બધામાં સંસાર-સાગરથી તારવાની આવી શક્તિ છે. એ શક્તિની ભક્તિ કરવી-એની અનુમોદના કાજે અહોભાવનાં આંસુ વહાવા-આ પ્રેરણાનું ઉદ્દગાતા પદ આ છે. આવા અનુપમ છે આ વીસ પદો! માટે જ એની આરાધના અદ્ભુત ફળને આપનારી બની શકે છે.

એક લાખ-વર્ષનો આયુષ્ય-કાળ નંદન મુનિએ, અનેક જાતના ઉપસર્ગોને ઉપદ્રવોને સહવામાં ને આ વીશ-સ્થાનક તપની આરાધનામાં ગાળ્યો. માસખમણને પારણે માસખમણની ભીષ્મ પ્રતિજ્ઞા તો દીક્ષાના દહાડે જ લેવાઈ ગઈ હતી.

આયુષ્યના અંતકાળે, લાખ વર્ષની આ સાધના મુનિની વહારે ધાઈ, એમણે સર્વ-જીવોની સાથે હાર્દિક-ક્ષમા યાચી. બાર-ભાવનાનું સ્મરણ, એમની વિરાગ ભાવનાને વર્ધમાન બનાવી રહ્યું. અતિચારોની આલોચના થઈ ગઈ. પંચ-પરમેષ્ઠિના પ્રતિ-પળના સ્મરણે,

એમનામાં અખૂટ-બળ પૂર્યું અને પ્રતાપી–મહાપુરૂષોની યાદ, એમના અંતરમાં આનંદનનનું આંદોલન જગવી ગઈ. આમ, સમાધિ–મરણની સિદ્ધિ મેળવીને નંદન મુનિનો જીવ ૨૬માં ભવે, ૧૦માં પ્રાણત દેવલોકના પુષ્પોત્તરા વતંસક–નામના વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

સવિજીવને શાસન રસી કરવાની ભાવના, નંદનમુનિએ એવી તો જોરદાર ભાવી હતી કે–એ ભાવના ભવ–નાશિની બનીને તીર્થંકરત્વની દેન દઈ જવાની હતી. એથી ૧૦ માં દેવલોકના દામ–દોમ વૈભવ વચ્ચેય એ તારક અલિપ્ત રહ્યા. એ વિરાગ–દીપને ભોગની ભીષણ–આંધી બુઝવી ન શકી. ઉત્પન્ન થતાંની સાથે જ એ દેવની આંખ સામે, નંદનમુનિ તરીકેનું પોતાનું સંયમી–જીવન અને ભ. મહાવીર તરીકેનું પોતાનું આગામી જીવન ખડું થઈ ગયું. લાખ–લાખ વર્ષ લગી, માસક્ષમણના ભીષ્મ–તપ સાથે અકલંક અણગાર–જીવન ગાળ-નારને દેવલોકના આ ભોગ–પ્રચુર વિમાનો શે ગમે ? ભલે, સોનાનું પણ હતું તો આ બંધન જ ને ? મુક્તિના મનોરથને કેદ કરતુ, સુવર્ણ–પિંજર પણ ભયંકર નથી શું ? ઉદાસ–ઉરે નંદન–મુનિનો દેવ–જીવ દેવલોકમાં રહ્યો.

વીસ સાગરોપમનો વિરાટ આયુષ્ય–કાળ પૂર્ણ થયો. તીર્થંકરત્વની ઋદ્ધિ હવે દ્વાર નજીક ઉભી હતી. દેવલોકના દોમ દોમ વૈભવને થૂ કરતી વિરાગ ભાવના પ્રતિપળ જાગૃત રહી હતી. છતાં મરિચિના ભવમાં કરેલો કુળ મદ, અને એનાથી બંધાયેલું નીચગોત્ર કર્મનું ખાતુ કર્મ રાજને ચોપડે હજી ચોખ્ખું નહોતું થયું. ભોગવી ભોગ-વીને ક્ષીણ–પ્રાયઃ થયેલાં આ કર્મે પાછો પીછો પકડયો. ને એ દેવ–જીવ એક બ્રાહ્મણ–જાતિની સ્ત્રીની કુખમાં અવતર્યો.

તીર્થંકર જેવા તીર્થંકર, એક બ્રાહ્મણ જાતિમાં અવતરે ! કુદ-રતના કાનૂનને આ માન્ય ન હતું. પોતાના કાનૂનની સામે બહારવટે ચડેલા કર્મ–રાજની સામે પડવા, જાણે એણે ઇન્દ્રરાજની કુમક યાચી.

ને ઇન્દ્ર-રાજનું સિંહાસન ડગ્યું. એમણે અવધિના અજવાળામાં જોયું તો એક મહાન અનર્થ સરજાવાના સંયોગો ઘડાઈ રહ્યા હતા! એમણે મનોમન એક સખેદાશ્ચર્ય અનુભવ્યું કે-શું તીર્થંકર ક્ષુદ્ર-કુળમાં અવતરે! એક હુંકાર થયો અને હરિણગમેષી દેવ હાજર થયો. ગર્ભ સંક્રમણનું ઉત્તરદાયિત્વ એણે સ્વીકાર્યું.

## પટ નંબર ૨૨ :

કર્મની પાસે અન્યાય નથી. એમ અનુકંપા પણ નથી. અન્યાય વિનાનો અનુકંપાનો અભાવ દોષ-પાત્ર નથી. મરિચિના ભવમાં ઉપાર્જેલું કર્મ છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું. બ્રાહ્મણ-કુંડ નગર. ત્યાં વસે ઋષભ-દત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી! ત્રણ અનુપમ જ્ઞાનની સાથે, પ્રભુ આ દેવાનંદાની કુખે અવતર્યા. આ જન્મ ચૌદ-મહાસ્વપ્નોથી સૂચિત હતો, પણ આ સ્વપ્નનું અપહરણ પણ એણે જોયું હતું. ગર્ભાવતારના ૮૨ દિવસ પછી, એનું સંક્રમણ મહારાણી-ત્રિશલાની કુંખે થયું. આ સંક્રમણ પણ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત હતું.

ક્ષત્રિય કુંડ-નગરમાં વસે-સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણી! રાણી ને દેવાનંદાના અરસપરસના ગર્ભ-પલટા પછી. રાજકુળમાં હરેક રીતે વૃદ્ધિ થતી રહી-એથી પુત્રનું નામ 'વર્ધમાન' રાખવાનો એમણે સંકલ્પ કર્યો. ગર્ભસંક્રમણ પર સાડા છ મહિના વીત્યા, ત્યારે પોતાની માતાની કુશલતા માટે પ્રભુએ હલન-ચલન બંધ કર્યું. પણ, આની અસર વિપરીત થઈ. ત્રિશલાને પોતાના ગર્ભની કુશળતામાં સંદેહ ઉત્પન્ન થયો ને આખું રાજ કુળ રોવા માંડયું. પ્રભુએ આ જોયું ને એ હસ્યા. ત્યાં જ એમણે એક સંકલ્પ કર્યો કે-મારા જન્મ પહેલાં જો માત-પિતાને મારા પર આટલો બધો રાગ છે, તો જન્મ પછી તો એ રાગની માત્રાનું પૂછવું જ શું? માટે એમની હયાતિમાં હું સંયમ નહિ ગ્રહણ કરૂં!

ચૈત્રની અજવાળી તેરસ આવી. ને ત્રણે લોકમાં પ્રકાશની રેખા દોરતો પ્રભુ-મહાવીરનો જન્મ થયો.

પટ નંબર ૨૩ :

પ્રભુનું સૂતિકર્મ કરવા, ૫૬ દિક્કુમારીઓ આવી. રાસ રમાયા. કેળના ત્રણ ઘરો રચાયા. એક કદલીગૃહમાં મર્દન-લેપની, બીજામાં સ્નાનની અને ત્રીજામાં શણગારની વિધિ થઇ. ગીત-ગાન ને ધનવૃષ્ટિ પણ થઇ ગઈ ને આમ દિક્કુમારિનો ઉત્સવ પૂર્ણ થયો.

પટ નંબર ૨૪ :

દેવરાજનું સિંહાસન ડગમગી ઉઠયું. અવધિના અજવાળામાં એમણે જોયું તો : વિશ્વના ઉદ્ધારકનો જન્મ થઈ ગયો હતો ! ઇન્દ્ર-ઘોષણા થઈ. ને દેવો મેરૂ-પર્વત પર જન્મ-મહોત્સવ ઉજવવા તૈયાર થઇ ગયા. સુઘોષા-ઘંટના સાદે, સૌધર્મ-દેવલોક થનથની ઉઠયો. 'પાલક' વિમાન તૈયાર થઈ ગયું. ને દેવ-સંઘ સિદ્ધાર્થના રાજ-આંગણે આવી ઊભો.

પોતાનો પરિચય આપીને સૌધર્મેન્દ્રે, ત્રિશલા-માતા પર અવસ્વાપિની નિદ્રાનો પ્રયોગ કર્યો. મહાવીર પ્રભુનું પ્રતિબિંબ ત્યાં મૂકીને, એઓ જગદ્ઉદ્ધારક બાળ-મહાવીરને લઇને મેરૂગિરિ તરફ રવાના થયા.

સૌધમેન્દ્રે પાંચ રૂપો કર્યો. મૂળ-રૂપે એમણે પ્રભુને ધારણ કર્યા. બીજા બે રૂપથી એઓ ચામર ઢાળવા માંડયા. ને બીજા બે રૂપથી આગળ-પાછળ વજ્ર અને છત્રને એમણે ઉઠાવ્યું. ને સહુ મેરૂ-પર્વત પર આવી પહોંચ્યા.

જન્મ-મહોત્સવ આરંભાયો. ૬૪ ઇન્દ્રોના હાથમાં જળકળશાઓ હતી. અભિષેકના ધોધ જોતા થયેલા ઈન્દ્ર-સંશયને છેદવા, પ્રભુએ પોતાના ડાબા અંગુઠાથી મેરૂને જરાક ચાંપ્યો ને એની શિલાઓ ધણધણી ઉઠી. ઇન્દ્ર નિઃશંક બન્યા. ભક્તિ-ભાવ-ભર્યા નાચ-ગાન

થયા. અષ્ટ-મંગલ ને આરતીની વિધિઓ થઈ ને પ્રભુને લઈને ઇન્દ્ર પુનઃ જગ-માતા ત્રિશલાની પાસે આવ્યા. પુત્ર-સમર્પણ થયું. રત્નની રાશિનો વરસાદ થયો. ને આમ, જન્મ-મહોત્સવ અંગેનો ઈન્દ્રનો આચાર પૂર્ણ થયો.

પટ નંબર ૨૫ :

પ્રભુનો શૈશવ-કાળ આરંભાયો દેહથી જ પ્રભુ બાળ હતા. વિરાગ, વિજ્ઞાન અને વાણીથી તો પ્રભુની વય સંખ્યાતીત હતી. માતપિતાએ પ્રભુને 'વર્ધમાન' નામ આપ્યું.

વર્ધમાન-કુમાર એકવાર રમવા ગયા. આ ટાણે જ ઇન્દ્રરાજે દેવ-સભામાં એમના બળની પ્રશંસા કરી. એક દેવને આમાં અતિશયોક્તિ ભાસી કે-દેવ કરતા શું માનવ વધુ બળવાન? એ નીચે આવ્યો. આમલકી-ક્રીડામાં એ આબાદ ગોઠવાઈ ગયો. ત્યાં રમતમાં અચાનક જ ભંગ પડયો. ઝાડની ડાળ, એક ભયંકર-સાપના ફુંફાટથી ધ્રુજી ઉઠી. સહુ નાઠા. અડોલ રહ્યા એકલા વર્ધમાન. દોરડું ઉપાડે-એમ નાગને ઉપાડીને એને દૂર મૂકી દીધો. દેવ મનોમન ઝંખવાણો પડી ગયો. નાગની માયાનો ખેલાડી એ પોતે જ હતો. વળી પાછી રમત ચગી. હાર-જીતની શરતો આકરી હતી : જીતનાર, હારનારની કાંધે સવાર થાય ને એની પર સવારી કરે! દેવ-માયાના બાળકે હાર સ્વીકારી. વર્ધમાન એ બાળકની પીઠ પર ચડી બેઠા પળ બે પળમાં બાજીએ અણધાર્યો પલટો ખાધો. દેવ, દેવ ન રહ્યો એણે દાનવ જેવું ભીષણ રૂપ ધર્યું. વિકરાળ મોં. આગ ઓકતી આંખો. વડની વડવાઈ જેવી લુખ્ખી-લુખ્ખી કેશ-લટો. સહુ આ દેવમાયા જોઇને ગભરાઈ ઉઠ્યા. અડોલ વર્ધમાન અભય જ રહ્યા. દેવ પોતાનું શરીર વધારતો જ ગયો. સાત-સાત તાડ જેવી એની ઊંચાઇ આગળ ભલ-ભલાની છાતી બેસી ગઇ. વર્ધમાનકુમારે એના માથે એક મુઠ્ઠી મારી ને એ દેવ ઠીંગણો બનીને બેસી ગયો. સહુએ વર્ધમાનનો વિજય પોકાર્યો. દેવ, દિલથી કુમારને ચરણે ઢળી પડ્યો. એણે કહ્યું : દેહથી તમે બાળ છો, છતાં દિલથી તમે વીર જ નહિ,

મહાવીર છો ! આમ ત્યારથી વર્ધમાન-કુમાર, મહાવીરના નામે ઓળખાવવા માંડ્યા.

આસોપાલવના ઝાડને વળી તોરણ શા ! મોરના પીંછાને વળી રંગ-રોગાન શા ! જન્મથી જ મતિ-શ્રુત-અવધિના ત્રિભેટે ઊભતા પ્રભુને વળી ભણવાનું શું ! છતાં પુત્રના મોહે, માતપિતાએ વર્ધમાન-કુમારને નિશાળમાં ભણવા મૂકયા.

ઈન્દ્રરાજે આ દૃશ્ય જોયું. પ્રભુના પ્રભાવને પ્રગટ કરવા એઓ નીચે આવ્યા. બ્રાહ્મણનો વેશ ધરીને, એ નિશાળમાં ગયા. અધ્યાપકના મનમાં વર્ષોથી ઘર કરી ગયેલી શંકાઓ પૂછીને એમણે વર્ધમાનનો મહિમા વધાર્યો. આમાંથી 'જૈનેન્દ્ર-વ્યાકરણ' રચાયું. વયે વધતા 'વધર્માન કુમાર' યૌવનને આંગણે આવી ઊભા.

રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલા હવે મુંઝાયા. આજન્મ વિરાગી વર્ધમાનની આગળ વિવાહની વાત કેમ મૂકાય ? અંતે એમણે મિત્રોના માધ્યમે વાત મૂકવાનો નિર્ણય કર્યો. મિત્રોએ વિવાહની વાત મૂકી. મહાવીર-દેવે ટૂંકો જવાબ વાળ્યો : બંધનમાંથી મુક્તિ ઝંખતા મને વળી આવી બંધન-બેડીમાં તમે વધુ જકડવા માંગો છે ?

અંતે એક દિવસે માતા-ત્રિશલાએ જ કુમારની આગળ વિવાહની વાત મૂકી. પ્રભુએ વિચાર્યું કે ભોગ-કર્મ હજી બાકી છે. માત-પિતાના અંતરને આઘાત ન પહોંચે, એ માટે તો હું આ સંસારમાં રહ્યો છું. એઓ મૌન રહ્યા. એ મૌનનો અર્થ માતાએ સંમતિ માન્યો. ને સમરવીર-રાજાની પુત્રી યશોદાનું શ્રીફળ સ્વીકારાઈ ગયું. એક દિવસ યશોદા સાથે પ્રભુનું પાણિગ્રહણ થયું.

ભોગનું ભાગ્ય ભોગવટા વિના ખરે એવું ન હતું. પ્રભુ ભોગમાં પણ અનાસક્તિના જ આરાધક રહ્યા. લગ્ન-વેલ પર એક પુત્રીનું ફૂલ ખીલી ઉઠયું. એનું નામ પ્રિય-દર્શના પ્રસિદ્ધ થયું.

કાળની ફાળને આગળ વધતા વાર શી ? પ્રિયદર્શના યૌવના બની. રાજકુમાર જમાલિ સાથે એના લગ્ન થયા. એને ય એક પુત્રી થઇ. શેષવતી એનું નામ પાડવામાં આવ્યું.

પટ નંબર ૨૬ :

વર્ધમાનની વય ૨૮ વર્ષની થઈ, ત્યારે એક તક એવી આવી કે, એમને મુક્તિ માટે પિંજરનું દ્વાર ખુલ્લું ભાસ્યું : આ અરસામાં સિદ્ધાર્થ ને ત્રિશલા અવસાન પામ્યા. જળમાં કમળની કળાથી રહેતા પ્રભુ, વડિલબંધુ નંદિવર્ધન પાસે આવ્યા. એમણે કહ્યું: ભાઈ ! મને હવે રજા આપો. સંસારના બંધનમાંથી છુટવા ઝુરતી આ પાંખો માટે હવે તો આ પિંજર અકારૂં બન્યું છે.

આંસુની ધાર બેવડી બની. માત પિતાના વિરહનો આઘાત તો હતો જ ! એમાં વળી વર્ધમાન–મહાવીર જેવા વહાલ સોયા ભાઇની વિયોગ–કલ્પના નંદિવર્ધનને ખળભળાવી ગઈ. એમણે કહ્યું :

'વહાલસોયા વર્ધમાન ! માર પર મીઠું કાં ભભરાવો ! માત-પિતાનો આઘાત છે, એમાં વળી તમે જવાની વાત કરો છો ? વધુ નહિ, બે વર્ષ તો તમારે સંસારમાં રહેવું જ પડશે.'

વર્ધમાન–કુમારે જ્ઞાનથી જોયું : બે વર્ષની સોનાની બેડી હજી બાકી હતી. એમણે મૌનભાવે બંધુના સ્નેહને જાણે આવકાર્યો. પણ આ બે વર્ષનો 'ગૃહવાસ' એમણે ખૂબ અલિપ્ત–ભાવે ગાળ્યો. આ વર્ષો દરમિયાન એઓ બહુધા આત્મધ્યાન ને એકાન્તજ પસંદ કરતા. પોતાને માટે બનાવેલું ભોજન, સુંદર અલંકારો, શરીરની શોભા-આ બધાંથી એઓ અળગા રહ્યા.

બે વર્ષ પૂર્ણ થયા. લોકાન્તિક–દેવો પોતાનો આચાર અદા કરવા નીચે આવ્યા. એમની વિનંતિ હતી : વિશ્વનાથ ! જગતના ઉદ્ધાર કાજે ધર્મ–તીર્થની સ્થાપના કરો !

પ્રભુ તો સ્વયંબુદ્ધ જ હતા. આ વિનંતિ તો મર્યાદાનું પાલન

માત્ર હતું. વર્ધમાન વડિલબંધુ પાસે આવ્યા. એમણે પોતાનો સર્વ ત્યાગનો સંકલ્પ ખુલ્લો કર્યો. નંદિવર્ધનની અવધિ હવે પૂર્ણ થઈ ગઈ હતી. સાંવત્સરિક-દાનની શરૂઆત તો કયારનીય શરૂ થઈ ગઈ. હતી. એક ક્રોડ ને આઠ લાખ સુવર્ણ-મુદ્રાઓનું દૈનિક દાન દેતા-દેતા એક વર્ષ પૂર્ણ થયું ને વર્ધમાન-કુમાર વન-વગડાની વાટે વિહરવા તૈયાર થયા.

પટ નંબર : ૨૭

ક્ષત્રિયકુંડ-નગર મહોત્સવોથી ધમધમી ઉઠયું. ૩૮૦ ક્રોડ, ને ૮૦ લાખ સુવર્ણ-મુદ્રાઓના દાનથી, દરિદ્રતાના કેઈ દાવાનલો શાંત થઈ ગયા હતા. રાજકુળ આનંદિત થઈ ઉઠયું હતું. રાજકેદીઓને, દીક્ષા-કલ્યાણકના માનમાં મુક્તિ મળી ગઈ હતી.

પટ નંબર : ૨૮

વર્ષ ત્રીસની વયે, વર્ધમાન સંસાર-ત્યાગી બનવા તૈયાર થયા. ઈન્દ્રોના આસનો કંપ્યા. ૬૪-૬૪ દેવરાજો, દેવાધિદેવનું દાસ કાર્ય સંભાળવા ક્ષત્રિયકુંડમાં આવી ઉભા. રાજ-રજવાડાઓની તો કોઇ સંખ્યા જ ન રહી !

રાજવી નંદિવર્ધન તરફથી ને ઈન્દ્રરાજ તરફથી દીક્ષા-યાત્રાની તૈયારી થઈ. ચંદ્રપ્રભા નામની શિબિકા શણગારાઈ ગઇ. બીજી પણ જાત-જાતની તૈયારી થઇ. શોભાયાત્રા નગરના મધ્ય-રાજમાર્ગો વટા-વીને જ્ઞાત-વનખંડમાં આવી ઊભી.

ઇન્દ્રરાજે કોલાહલ શાંત કરાવ્યો. પ્રભુએ અલંકારો તજી દીધા. સાપે જાણે કાંચળી ઉતારી ! ઈન્દ્રે દેવ દૂષ્ય ધર્યું. માથે-મુખે શોભતા કાળા-ભમ્મર કેશને પાંચ જ મુઠીથી ખેંચી કાઢીને, વર્ધમાને એ કેશને દેવદૂષ્યમાં નાખ્યા. સર્વત્ર 'જય-જય નંદા-જય-જય ભદ્દા'ની મંગલ સૂરાવલિઓ રણકી ઉઠી.

પટ નંબર : ૨૯

શાંત વાતાવરણમાં પ્રભુનો કોયલ-ધ્વનિ રણક્યો : કરેમિ સામાઈઅં ! ને દુંદુભિઓ બજી ઉઠી. શંખો હર્ષ-ધ્વનિ કરી રહ્યા. વાતાવરણમાં કોઇ જુદી જ જાતનું નવયૌવન નૃત્ય કરી રહ્યું.

ભર્યા-ભર્યા સંસારને છોડીને, એ જ સાંજે શ્રમણ ભ૦ મહાવીર એકલવાયા બનીને ચાલી નીકળ્યા, વન-વગડાની વાટે! ઇન્દ્ર-દીધાં દેવ-દૂષ્ય સિવાય એમના દેહ પર દીપતી અકિંચનતા જોઈને, કેઇની આંખોમાં આંસુ ઘેરાયા.

સર્વ-ત્યાગની પ્રતિજ્ઞાની પળેજ, શ્રમણ ભગવાન મહાવીરને મનઃ પર્યવ-જ્ઞાન ઉત્પન્ન થયું. હવે શ્રમણ-જીવન આરંભાયું. ઉપસર્ગો ને ઉપદ્રવોને સામે પગલે ભેટવા જવાથી પગને પ્રભુએ પ્રસન્નતાથી વધાવી. દીક્ષા-દિવસની સાંજથી જ શરૂ થયેલાં નાના-મોટા ઉપસર્ગો લગભગ ૧૨-૧૨ વર્ષ સુધી ચાલ્યા. શૂલપાણિ ને ચંડકૌશિક જેવી આગ ઓકતી શક્તિઓ સામે, પ્રભુના ક્ષમા-જળનું એક બુંદ વિજયી જાહેર થયું. આવા અનેકાનેક પ્રસંગોમાં અહિંસા, અવેર અને અભયની પ્રતિષ્ઠા વિજયી નીવડતી રહી.

પટ નંબર : ૩૦

દ્રાક્ષ પાકે ત્યારે જ કાગડાની ચાંચ રોગી બને છે. ક્ષત્રિય કુંડના એક બ્રાહ્મણને માટે આવો જ ઘાટ રચાયો. પ્રભુએ જ્યારે વર્ષી-દાન દીધું, ત્યારે એ ધન કમાવા ગામ-ગામની ખાક છાણવા ગયેલો. પણ અભાગિયાનું પરિભ્રમણ કોરૂં-ધાકોર નીવડયું. ખાલી-ખિસ્સે એ પાછો ફર્યો. પણ જ્યારે એણે જાણ્યું કે, ભગવાન તો સર્વસ્વ ત્યાગીને ચાલી નીકળ્યા છે, ફક્ત એક દેવદૂષ્ય જ ખભે છે. આ દેવદૂષ્યની વાત સાંભળીને એના મોંમાં પાણી છુટયું. ને એ પ્રભુની પરિશોધમાં નીકળી પડ્યો.

ઘણી-ઘણી મથામણ પછી, બ્રાહ્મણને પ્રભુદર્શન લાધ્યું. એણે કહ્યું : પ્રભો ! મુજ રાંકનો શો અપરાધ, કે હું જ ગરીબ રહ્યો !

મોહ-મમતા વિનાના પ્રભુએ અર્ધદેવદૂષ્યનુ દાન આપીને બ્રાહ્મણને પાછો વાળ્યો. પણ લોભને કાંઈ થોભ હોય ? બ્રાહ્મણે એ અડધું દૂષ્ય તૂણનારને બતાવીને મૂલ્ય પૂછયું. તૂણનાર આભો જ રહી ગયો. એણે કહ્યું :

'ભૂદેવ ! આ તો છે દેવદૂષ્ય ! આના મૂલ્ય તો અમૂલ્ય હોય ! બીજું અડધિયું લઈ આવો, તો આપણે બંને ન્યાલ થઈ જઈએ. એવું તૂણીશ કે, એના લાખે લેખાં લાગશે !'

ભૂદેવે પાછી દોટ મૂકી. ઘણાં-ઘણાં વન-વગડા વીંધ્યા પછી એને પ્રભુના પદચિહ્નો જણાયા. પણ આંખમાં રહેલી શરમ આડે આવી : પ્રભુ પાસેથી હવે મંગાય શી રીતે ?

આશમાં ને આશમાં ભૂદેવ ભગવાનની પાછળ-પાછળ ભમતા રહ્યા. એક દિવસ, વાયરો એવો વાયો કે-દેવાધિદેવના દેહ પરનું એ અડધું દેવદૂષ્ય ઉડીને કાંટાની વાડમાં ભરાયું. પ્રભુએ એક નજરથી એને જોયું ને એઓ ચાલતા થયા.

ભૂદેવનું હૈયુ આશા-નૃત્યથી થનથની ઉઠયું. એણે કાંટામાંથી હળવે-હાથે એ દૂષ્ય ખેંચી કાઢયું. ને એને હૈયે ચાંપીને ભૂદેવ વતન ભણી ચાલતા થયા. પ્રભુ આગળ વધ્યા. દિવસો વીતવા માંડયા.

અંતરમાં ધરબાયેલું વેરનું બીજ કયારે ઉગી ફૂટે, એ કહેવું અશકય છે. ત્રિપૃષ્ઠ-વાસુદેવના ભવમાં અપમાનિત થયેલી એક રાજ-રાણી આજે રાક્ષસી બની હતી. અચાનક એને વાસુદેવ પરનું વેર યાદ આવ્યું ને વેરની વસુલાત માટે એ નીચે આવી.

દિવસો, શિયાળાના હતા. કડકડતી ટાઢનો સવારનો સમય હતો. એક જંગલમાં—સરોવરની પાળે, નિર્વસ્ત્ર-અવસ્થામાં પ્રભુ કાઉસ્સગ્ગ-ધ્યાને ખડા હતા. આ ટાણેજ એ કટપૂતના-રાક્ષસી વેરની વસૂલાત લેવા આવી પહોંચી. પોતાની જંગી-જટામાં એણે બરફ જેવું ઠંડુ પાણી ભર્યું અને પ્રભુના નિરાવરણ-દેહ પર એણે એ પાણી છાંટવા માંડયું.

એક તરફ શિયાળાના સૂસવાટા ! બીજી તરફ ખુલ્લો–દેહ ! ત્રીજી તરફ વેગથી વરસતો હિમ શો શીતળ જળ પ્રવાહ !

આ જીવલેણ–ઉપસર્ગમાં પણ પ્રભુ અડોલ રહ્યા. એમની અભય ને અવેર–સ્થિતિમાં પરમાણુ જેટલીય હાનિ ન થઈ. ને પ્રભુનું અવધિજ્ઞાન–'લોકાવધિ'નો ઉત્કૃષ્ટ–અવસ્થાને પામ્યું.

પટ નંબર : ૩૧

શ્રમણ-જીવનનું પ્રથમ–ચાતુર્માસ ચાલતુ હતું. પણ અષાઢ પૂરો થઈને શ્રાવણ શરૂ થાય–એ પહેલાં જ વિહાર કરી જવો પડે–એવા સંજોગ પ્રભુ માટે ઉપસ્થિત થયા.

મોરાક–સંનિવેશની નજીકમાં આવેલા એ આશ્રમના કુલપતિ જો કે પ્રભુના પિતા–સિદ્ધાર્થના મિત્ર થતા હતા. એમના આગ્રહથી જ પ્રભુએ ચાતુર્માસ–વાસ સ્વીકાર્યો હતો. પણ દુકાળના ઓળા ધરતી પર ઉતરી પડયા. ગાયો ઘાસ ચરવા માટે, આશ્રમની તૃણ–કુટિઓ તરફ વળી. તાપસો એને હાંકી કાઢીને જ જંપ્યા.

પ્રભુને એક અલગ–ઝુંપડી રહેઠાણ માટે મળી હતી. થોડાં દિવ-સો સુધી તો તાપસોએ એ ઝુંપડીની રખેવાળી કરી. પણ આખરે એ કંટાળ્યા : રે ! આ રાજર્ષિ વળી કેવાં ! પોતાની ઝુંપડીથી પણ બેતમા ! પોતાનો માળો તો પક્ષીઓ પણ સાચવે !

પ્રભુ તો ધ્યાની હતા. એઓ ધ્યાનનું ધ્યાન રાખે કે ઝુંપડીનું ! જ્યાં આત્મના નકલી રહેઠાણ શી કાયાથીય પ્રભુ બે–પરવા હતા, ત્યાં કાયાના રહેઠાણની વળી ચિંતા કોણ કરે ? કુલપતિએ પ્રભુ સામે સ્વરક્ષાની સાવધાની માટે સૂચના મૂકી.

પ્રભુને થયું : અહીં રહેવાથી અપ્રીતિ થશે. મારે ને વળી આ ઝુંપડીને શી લેવા–દેવા ? ચાલુ–ચાતુર્માસમાં પ્રભુ બીજે વિહરી ગયા.

આટાણે જ પ્રભુએ પાંચ સંકલ્પો કર્યા : (૧) અપ્રીતિ થાય ત્યાં રહેવું નહિ. (૨) પ્રતિમા ધારણ કરીને રહેવું. (૩) ગૃહસ્થોનો વિનય ન કરવો (૪) કરપાત્રી બનીને આહાર કરવો (૫) પ્રાયઃ મૌન જ રહેવું !

ચાતુર્માસમાં વિહાર કરીને પ્રભુ અસ્થિક–ગ્રામમાં પધાર્યા.

અસ્થિક–નામની પાછળ જ વેરનો એક દર્દીલ–વિપાક કણસી રહ્યો હતો. શૂલપાણિ યક્ષના દેરી–દ્વારે પ્રભુ આવ્યા, ત્યારે સાંજ ઘવા આવી હતી. ઇન્દ્રશર્મા–પૂજારી હાંફળો–ફાંફળો થતો દોડી આવ્યો. એણે પ્રભુને વિનવ્યા :

'પ્રભો ! મોતને કાં નોંતરો ? આ દેરી–દ્વાર સમીસાંજ પછી મૃત્યુ–દ્વાર બને છે. એમાં પ્રવેશનારો કદી હેમખેમ પાછો ફરતો નથી.'

શૂલપાણિ–યક્ષનો ઈતિહાસ રોમાંચક હતો. ઘણાં વર્ષો પહેલાં આ ગામમાં એક સાર્થ આવેલો. સાર્થની પાસે પાંચસો ગાડાં હતા. વચમાં નદી આવી. ગાડાં નદીમાં ખૂપી ગયા. બળદો હાંફી ગયા. ત્યારે એક બળદ પાંચસો ગાડાંની ધૂંસરી ઉઠાવીને અગ્રેસર થયો અને જીવસટોસટની બાજી લગાવીને, પાંચસો ગાડાંને એ હેમખેમ બહાર તાણી લાવ્યો. ખેલ જીવસટોસટનો નીવડ્યો. સાર્થપતિએ જોયું કે–પાંચસો ગાડાંઓનો તારણહાર શરીરથી મૃતપ્રાયઃ થઇ ગયો હતો. એના સાંધે–સાંધા તૂટી ગયા હતા. એમણે ગામ-મુખીને બોલાવીને કહ્યું : લો, આ પૈસા ! પાંચસો ગાડાંનો તારણ-હાર આ બળદ મને પ્રાણપ્યારો છે, પણ એનું શરીર હવે ડગ ભરવાય સમર્થ નથી. તમે આની સારસંભાળ લેજો. હું જાઉં છું, પણ મને લાગે છે કે–મારા હૈયાનો એક ટુકડો હું અહીં મૂકતો જાઉં છું !

સાર્થ વિદાય થઇ ગયો. પૈસા હાથમાં આવી ગયા હતા.

હવે એ અબોલની સારસંભાળ કોણ લે ? કોઇ વાર ચારો નીરાય તો કોઇ વાર ન નીરાય ! ચારા–પાણીની આવી બેદરકારી અને શરીરનું તૂટું–તૂટું થઇ ગયેલું બળ ! મનમાં ને મનમાં ગામ પર ગુસ્સે ભરાતો બળદ મરીને વ્યંતર થયો. એ જ શૂલપાણિ! જન્મતાં વેંત જ એને પોતાના પૂર્વભવનું વેર યાદ આવ્યું. એણે દાંત પીસ્યા : પૈસાના પ્રેમી વિશ્વાસઘાતીઓ ! જોઇ લો, હવે એનો દારૂણ–અંજામ ! સાર્થપતિ પાસેથી પૈસા લઈને તમે-લોકોએ મને દાણા–પાણી પણ ન નીર્યા–એમ ! ભોગવી લો હવે એ વેરનો વસમો વિપાક !

—ને ગામમાં ટપોટપ માણસો મરવા માંડયા. ઊભી બજારે હાડકાંઓનો ખડકલો રચાયો. કોણ કોને બાળે ? કોઇ કેટલાંને દાહ દે? શબોની બદબૂ ઓકતી દુર્ગંધથી આખું ગામ ખદબદી ઉઠયું. લોકોએ ગામનું નામ પણ નવું પાડયું. 'અસ્થિક–ગ્રામ'! હાડકાઓનું ગામ !

ગામમાં સન્નાટો બોલાઈ ગયો. એક દિવસ શૂલપાણિએ પોતાનો પુણ્યકોપ ઠાલવતાં આકાશમાંથી કહ્યું : હું શૂલપાણિ ! પેલો બળદ–જે તમારી બેદરકારીથી મરી ગયો–એ જ હું ! એ વેરની વસૂલાત લેવા, મેં જ આ પ્રલયનૃત્ય આરંભ્યું છે !

આખું અસ્થિક–ગ્રામ ટોળે વળીને શૂલપાણિને નમી રહ્યું ને જીવન કાજે એ કાકલૂદી-ભરી પ્રાર્થના કરી રહ્યું: વિનય તો વેરીનેય વશ કરે ! શૂલપાણિએ કહ્યું :

'તમે મારૂં એક મંદિર ચણાવો, એમાં મારી મૂર્તિ બેસાડો આખો દિવસ એમાં પૂજા–ભક્તિ કરવાની તમને છુટ ! રાતે એમાં જે પેસશે–એ પ્રાણથી જશે.'

લોકોએ શૂલપાણિનો 'જય–ધ્વનિ' કર્યો. આનુ નામ ચમત્કાર ત્યાં નમસ્કાર ! પારકે પૈસે ચારો–પાણી નીરવામાં બેતમા બનેલા લોકો, પોતાના પૈસે મંદિર બંધાવવા હસતે મોંઢે તૈયાર થઇ ગયા.

શૂલપાણિનું મંદિર તૈયાર થઈ ગયું. ઉપદ્રવ શાંત થઇ ગયો. સાંજ ઢળે એ પહેલાં જ પૂજારી ઈન્દ્રશર્મા મંદિરને તાળા લગાવીને જતો રહેવા માંડયો

બસ, આ જ મંદિરને પગથારે પ્રભુ પધાર્યા. એમણે ચાતુર્માસ ગાળવા 'સ્થાન'ની માંગ મૂકી. લોકોએ બીજા ઘણાં ઘણાં સ્થાન બતાવ્યા. પણ, શૂલપાણિના ઉદ્ધારની કરૂણાએ તો એ રાતે મંદિરમાં પ્રવેશ લઈને, ત્યાં જ શેષ–ચાતુર્માસ વીતાવવાનો સંકલ્પ કર્યો.

રાત પડી–ન–પડી, ત્યાં તો મંદિરની ભીંતો વચ્ચે ભયંકર અટ્ટહાસ્ય, ભીષણ–પડઘા પાડી રહ્યું. આભ જેવું આભ તૂટી પડે–એવા અવાજો સંભળાવા માંડયા! આખું ગામ ભયભીત હૈયે પ્રભુનું કુશળ મંગળ ઝંખી રહ્યું.

ઘણાં વર્ષો પછી થયેલાં આ આજ્ઞા–ભંગ શૂલપાણિ ખુન્નસ સાથે મેદાને પડયો. આજે કેટલાં–વરસે–રાતને ટાણે અહીં એક માનવ–મૂર્તિ આવી હતી ને જાણે પોતાને મહાત કરવાની મર્દાનગી સાથે ખડી હતી. પણ, એ અટ્ટહાસ્ય બાળકના સ્મિત જેવા નીવડ્યા પ્રભુ તો અડોલ રહ્યા. વ્યંતર ગુસ્સે ભરાયો. હાથી, પિશાચ યમરાજ ને કાળોતરા–સોરિંગ આદિના જીવલેણ–ઉપસર્ગો તૂટી પડ્યા. પણ અડોલ મહાવીર ન તો ડોલ્યા, ન તો ડઘાયા! એ તારક ન તો બોલ્યા, ન તો ચાલ્યા!!

શૂલપાણિએ પોતાની તમામ શક્તિઓને, માનવી સામેના આ સંગ્રામમાં ઉતારી દીધી હતી. પણ. મહારથીએ મચક પણ ન આપી. આખરે શૂલપાણિ શરણે આવ્યો. એ બોલ્યો :

"આપ કોઇ સામાન્ય વીર નથી જણાતા. મહાવીર વિના આવી ટક્કર કોઈ ઝીલી ન શકે. મને ક્ષમા આપો."

ક્ષમા–સાગર પ્રભુની કરૂણા–ભીની આંખોમાંથી નીકળેલું એક કૃપા–કિરણ, શૂલપાણિના અંતરને અજવાળ આપી ગયું. એઓના મૌનમાંથી ઉઠતી પ્રેરણાથી વેરની વાટ છાંડીને, શૂલપાણિ વાત્સલ્યનો પ્રેમી બન્યો. એણે પ્રભુ ભક્તિ કાજે નાચ–ગાન શરૂ કર્યા.

નાચ–ગાનના સુરો ગામમાં રેલાતાં જ સહુની છાતી બેસી ગઇ: નક્કી, પ્રભુને પરાજિત કરીને, શૂલપાણિ જીત્યો હશે? એની આનંદની ખુશાલીના જ આ નાદ હોવા જોઈએ. સહુ પ્રભાતને પ્રતીક્ષી રહ્યા.

શૂલપાણિના ઉપસર્ગો સહવાથી શ્રમિત–પ્રભુને પ્રભાતને પહોરે બે ઘડી–૪૮ મિનિટની નિદ્રા આવી ગઈ. જેમાં પ્રભુએ ૧૦ સ્વપ્નો નીહાળ્યા.

પ્રભાતે મંદિર ખુલ્યું. બહાર આખું ગામ ઉમટયું હતું. મંદિરમાં ઘૂમરાઈ રહેલી મૈત્રી–મૃદંગના ધ્વનિ સાંભળીને સહુના આશ્ચર્યને સીમા ન રહી. પોતાના ઉદ્ધારક પ્રભુને ચરણે સહુ નમી રહ્યા. શૂલપાણિના શાપમાંથી એ દહાડે અસ્થિક–ગામને મુક્તિ મળી.

## પટ નંબર : ૩૨

વેરની વણઝાર પંજો લંબાવતી કેટલી વિરાટ બની ઉઠે છે! ને મુનિ જેવા મુનિને એ કેવી અંધારી–ખીણમાં ગોથા ખવડાવે છે. એનો દિલ–દ્રાવક ને હૂબહૂ ચિતાર એટલે જ ચંડકૌશિકની કથા! ચંડકૌશિક પૂર્વ–જન્મોમાં એક તપસ્વી–સાધુ હતા. એક વખત એમના પગ નીચે એક દેડકો અજાણતા ચંપાઇ ગયો. એક નાના સાધુએ પ્રાયશ્ચિત માટે એમને સાવધ કર્યા. પણ મુનિને માન નડયું : પાપની કબૂલાત હું કરૂં! એ બોલ્યા : અહીં આટલાં બધા દેડકાં મરેલાં પડયા છે! શું આ બધાં મેં જ માર્યા છે?

બાળ–શ્રમણ મૌન રહ્યા. સાંજ થઈ. પ્રતિક્રમણમાં દેવસિક–પાપની આલોચના વખતે બાળ–શ્રમણે દેડકાનું પાપ ફરી યાદ કરાવ્યું. મુનિનું મગજ ગયું. આગ ઓકતા અંતરે એ ઊભા થયા. બાળ–શ્રમણને બે તમાચા ઠોકી દેવાના ઝનૂન સાથે એમણે દોટ મૂકી. બાળ મુનિ બચાવ માટે દોડયા. ઉપાશ્રયમાં અંધારૂં હતું. તપસ્વી–મુનિ એક થાંભલા સાથે જોરથી અફળાયા. ખોપરી તૂટી ગઈ. એ મુનિ, મરીને દેવ થયા. દેવનું આયુષ્ય પૂર્ણ થયું ને ત્યાંથી મુનિનો જીવ, કનકખલ–આશ્રમના કુલપતિના પુત્ર–કૌશિક રૂપે જન્મ્યો.

કૌશિક નાનપણથી જ તીખું-મરચું હતો. સહુ એને ચંડ-કૌશિક કહીને બોલાવે. પિતાના અવસાન પછી, એના હાથમાં આશ્રમના સત્તા-સૂત્રો આવ્યા. આશ્રમ પર એને પુત્ર પુત્ર-પ્રેમ હતો. કોઇ એક પાંદડુ પણ તોડે, તો એના બાર વાગી જાય. ધીમે-ધીમે બધા તાપસો વિખરાઇ ગયા ભર્યો-ભાદર્યો આશ્રમ ખાલી થઈ ગયો. આખા આશ્રમમાં કૌશિક એકલો જ રહ્યો. એની પ્રચંડ-ધાક ચોમેર ફેલાઇ ગઈ.

મુનિના ભવમાં સંકુચિત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવમાં બંધાયેલું વેર આ ભવમાં કેવું વિસ્તૃત થઈ ગયું! મુનિના ભવમાં, મારવાના દ્રવ્ય તરીકે એક ઓઘો જ હતો. ક્ષેત્ર તરીકે એ ઉપાશ્રય જ હતો. કાળ તરીકે એ સંધ્યા-સમય જ હતો ને ભાવ તરીકે બે તમાચા જ મારવાના હતા.

ચંડકૌશિકના ભવમાં વેરની વણઝાર વિસ્તરી. મારવાના દ્રવ્ય તરીકે તીક્ષ્ણ-કુહાડી આવી. ક્ષેત્રમાં વિરાટ આશ્રમ આવ્યો. કાળમાં દિવસ-રાતના કોઈ ભેદ ન રહ્યાં. ને ભાવમાં જિવલેણ-ઘા આવ્યો.

એક વખત કેટલાક રાજકુમારો આશ્રમમાં પેઠા એમની ધમાલથી કૌશિકનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. ધારદાર કુહાડો લઇને એ નાઠો. આગળ રાજકુમારો. પાછળ કુહાડો ઉછાળતો કૌશિક! વચમાં એક ખાડો આવ્યો. કૌશિક એમાં પટકાઇ પડયો. પોતાની કુહાડીએ જ પોતાનો પ્રાણ લીધો. કુહાડી બરાબર મર્મ-સ્થાનમાં ખૂંપી ગઈ. કૌશિક મરીને ચંડકૌશિક સાપ તરીકે એ જ આશ્રમમાં ઉત્પન્ન થયો.

મારવા માટે દ્રવ્ય તરીકે હવે રજોહરણ કે કુહાડી જરૂરી ન રહી,-ચંડકૌશિક-સાપની આંખમાં એક એવી મારક શક્તિ પેદા થઇ કે, સૂર્ય સામે જોઇને એ દ્દષ્ટિ જ્યાં પડે ત્યાં બધું જ રાખ-ખાખ! ક્ષેત્રથી એ ઉપાશ્રય ને એ આશ્રમ પણ ગયો ને આશ્રમની ચોમેરનો વિસ્તાર વધ્યો. જ્યાં દ્દષ્ટિ પહોંચે ત્યાં સ્મશાન! કાળમાં અપરાધી-નિરપરાધીની વિચારણા ગઈ ને ગમે ત્યારે દ્દષ્ટિ પડે એટલી જ વાર!

ભાવથી તમાચો ને કુહાડીના ઘાવ તો કયાંય રહી ગયા. હવે તો નજર પડે ને બધું રાખ–ખાક થઈ જાય !

ચંડકૌશિક–સાપના જન્મ પછી આશ્રમ જ નહિ, આજુ-બાજુનો ઘણો ઘણો વિસ્તાર વેરાન થઈ પડ્યો. આશ્રમની શોભાની એ શબયાત્રા તો કયારનીય નીકળી ગઈ. આશ્રમમાં કોઇ ફળ-ફૂલ ન રહ્યા. ઘટા–દાર વડલા રૂપે શોભતી વૃક્ષ–શ્રેણીઓ એક ટૂકડામાં પલો-ટાઇ ગઈ. કોઈ માળોજ ન રહ્યો, ત્યાં પંખીના ગાનની વાત કેવી ! કારણ એક જ હતું–ચંડકૌશિકની એક ઝેરીલી–નજર ને બધું જ ખેદાન–મેદાન ! મોતના મોંમાં જાણી જોઈને વળી જાય પણ કોણ ?

શ્વેતાંબીનગરી તરફ જતી ટૂંકી પગવાટ આ કનકખલ- આશ્ર-મને વીંધીને જ જતી હતી. એ પગવાટને સૂની પડ્યાને આજે વર્ષો વીત્યા હતા. એક વખત શ્વેતાંબી જવા નીકળેલા પ્રભુ આ સૂની પગવાટના રસ્તે આવી ચડ્યા. ગોવાળોએ ગોકીરો મચાવી દીધો : પ્રભુ ! પાછા પધારો ! ત્યાં તો મોત મહેફિલ માણે છે !

પણ ચંડકૌશિકના ઉદ્ધારની પળ જાણે પાકી ગઈ હશે ! એથી પ્રભુના અભય–પગલા એ આશ્રમમાં આવીને જ અટકયા. એક ખંડેરમાં પ્રભુ કાઉસ્સગ–ધ્યાને ખડા રહી ગયા.

સાપ ચારો ચરવા ગયો હતો. થોડી વાર થઈ. એ પાછો ફરવા માંડયો. પણ કોઈ માનવ–ગંધ આજે એને અકળાવી રહી હતી. ખોજનું એનું પગલું ખંડેર ભણી આવ્યું. પોતાની સામે, અડોલતા ને અભયતાની ધૃષ્ટતા સાથે ઉભતી એક માણસ–જાત જોઈને, ચંડકૌશિકનો ક્રોધ સાતમે આસમાને પહોંચ્યો. મધ્યાહ્નના સૂરજ સામે નજર કરીને એણે પોતાની નજર પ્રભુ–મહાવીર ભણી ફેંકી અને તરત જ પોતે પાછો હઠી ગયો.

દૂર જઇને કૌશિકે આંખ ખોલી તો મહાવીર–પ્રભુ અડોલ હતા. એનો ગુસ્સો ઓર વધ્યો : શું મારી નજર નિષ્ફળ ! કોઇ દહાડો નહિ ને આજે જ દૃષ્ટિનો આવો દગો ! એણે છેલ્લો દાવ

ફેંકયો. એક ફુંફાટ-ભર્યો ડંખ, પ્રભુચરણે દઈને તરત જ એ પાછળ હઠી ગયો. એને ભય હતો કે-ઘાયલ વ્યક્તિ પોતાની પર પડી જાય, તો કદાચ પોતાને નુકશાન થાય !

કૌશિકે વિશ્વાસ-ભરી આંખો ખોલી. રે ! પણ આ શું ! દૂધની ધાર ! લોહી વિનાનો માણસ ! મળેલી હાર ને હતાશાએ એના ગુસ્સાને કાબૂમાં લીધો. એ જરા શાંત-ચિત્તે વિચારે ચડયો. ત્યાં જ વાત્સલ્યની વેણુ રણકી :

"બુજ્ઝ-બુજ્ઝ ચંડ કોસિઅ" !

શું વાણી ! શું વાત્સલ્ય ! કૌશિકને દુનિયા નવી-નવી લાગવા માંડી. જાતિનું એને સ્મરણ થઇ આવ્યું. મુનિજીવનના શિખરેથી પોતે પટકાયો-એ પળની યાદ એને ધ્રુજાવી ગઈ. કુહાડીની ધારે-પોતાનો જ જીવ લીધો-એ પળનું સ્મરણ એને રોમાંચ આપી ગઈ. આંખમાંથી પશ્ચાતાપની પાવની-ધારા વહી નીકળી.

જાતિ-સ્મરણની એક પળ એવી પુનિત આવી ગઇ કે-સાપનું જીવન અણધાર્યો પલટો લઇને આત્માભિમુખ થઈ ગયું. પ્રભુને ત્રણ-પ્રદક્ષિણા આપીને એણે અનશનનો સ્વીકાર કર્યો. પ્રભુ ત્યાંજ કાઉસ્સગ-ધ્યાને ખડા રહી ગયા પણ અવતાર એવો અવળો મળ્યો હતો કે, પ્રભુ-દર્શનની આ પળનો વધુ લાભ લેવો એના માટે શકય ન બન્યો. દરમાં મોં સંતાડીને એ પ્રભુનું કલ્પના-દર્શન કરી રહ્યો.

સૂની-વાટે થઈને ગયેલા પ્રભુની પાછળ સાપની સંહાર-લીલાનો તમાશો જોવા માટે લોકોને તેડાં મોકલવાની જરૂર ન રહી. ધીરેધીરે સહુએ એક દિ' જોયું કે પ્રભુ ધ્યાનમાં ખડા છે. સાપ દરમાં મોં નાખીને નિશ્ચેષ્ટ જેવો થઈ પડયો છે. સાપ પર વેરની વસૂલાત લેતી કેઈ આંખોએ ઝેર ઓકતા કહ્યું : ઢોંગી સાપ ! આટલી બધી સંહારલીલા પછી હવે તને ધ્યાન ને ધર્મનું ધતીંગ સૂઝયું. સો ઉંદર ખાઇને, બિલ્લી-બાઈ હવે હજે નીકળ્યા !

થોડા દિવસ આમ ચાલ્યું. કોઈ પથ્થર મારે, કોઈ લાકડીથી મારે. પણ સાપની સમતા વધતી જ ગઇ.

સત્ય અંતે સમજાયું. સહુને થયું : આ યોગીએ કોઈ ભૂરકી નાંખી ને આ સાપ સાધુ બની ગયો ! દુનિયા તો અજબ છે. ગઈ કાલે પથ્થરની સજા ફટકારતી દુનિયા આજે સાપને દહીં-દૂધ ને ઘીની પૂજા આપવા માંડી. પણ આ પૂજા જ કૌશિક માટે કારમી સજા નીવડી. એની ગંધથી ખેંચાઇને આવેલાં કીડીના કટકોએ સાપના શરીરને ફોલી-ફોલીને ચાળણી જેવું બનાવી દીધું. કૌશિક આ બધું સમ-ભાવે સહતો ગયો. આમ, બરાબર ૧૫ દિવસના અનશન પછી મૃત્યુ પામીને ચંડકૌશિક સહસ્રાર નામના આઠમા દેવલોકમાં દેવ થયો. કૌશિકની કાયા પડી ને પ્રભુ શ્વેતાંબી તરફ વિહાર કરી ગયા. ક્ષમા ને કરૂણાના વિજય-નાદથી એ હડાડે ધરતી ગુંજી ઉઠી.

પટ નંબર ૩૩ :

સુરભિપુર અને રાજગૃહ વચ્ચેની ગંગા-નદી ઉતરતા એક વખત પ્રભુને મહાન ઉપસર્ગ નડયો. પ્રભુ નાવમાં બેસીને નદી ઉતરી રહ્યા હતા. આ ટાણે આકાશમાં અણધાર્યું તોફાન જાગી ઉઠયું. સુદંષ્ટ નામનો નાગકુમાર-દેવ દાંત પીસીને જાણે બોલ્યો : મહાવીર ! વેરની વસૂલાત લેવા હું આવ્યો છું. ત્રિપૃષ્ઠના ભવમાં તું વાસુદેવ હતો, હું એક પશુ હતો, ત્યારે તેં મને મારી નાખેલો. આજે હું તને ન મારૂં તો મારૂ નામ સદંષ્ટ નહિ !

ને આખી ગંગા નદી ખળભળી ઉઠી. તરંગોમાં તોફાન, પ્રચલ નૃત્ય લેવા માંડયું. સઢ તૂટ્યા. સુકાન ભાગ્યા. નાવમાં કરેરાટી બોલાવા માંડી. જીવન-મોત વચ્ચે આંગળ અધ-આંગળનું ય છેટું ન રહ્યું. સહુના જીવ તાળવે ચોટી ગયા.

ભગવાનનો જીવ જ્યારે ત્રિપૃષ્ટ-વાસુદેવ તરીકે હતો, ત્યારે એમણે એકલ હાથે સિંહને ચીરી નાખ્યો હતો-એ સિંહ વેરની વણઝારને વેંઢારતો-વેંઢારતો સુદંષ્ટ-નાગકુમાર થયો હતો અને પ્રભુને જોતા જ એનો વૈરાગ્નિ આજે ભભુકી ઉઠયો હતો.

આમ, સાગરમાં એક તરફ પ્રલયની ક્ષણ આવી, તો બીજી તરફથી, આ ટાણે કંબલ-સંબલ નામના પ્રભુ ભક્ત બે દેવો એ નૈયાની વહારે ધાયા. એકે નૈયાની રખેવાળી માથે લીધી, તો બીજાએ સુદૃષ્ટની સામે સંગ્રામ માટે પડકાર ફેંક્યો.

કંબલ-સંબલનો ઇતિહાસ રોમાંચક હતો. હજી ગયા જ ભવમાં તો એમનું જીવન પશુનું હતું. પણ, ધર્મની ભભૂતિ માથે પડી ને પશુમાંથી એ દેવ બની ગયા.

જિનદાસ-શેઠના કામ, નામ પ્રમાણે હતા. એઓ જિનના અદના દાસ હતા. એમનું જીવન સંતોષી હતું. એક ભરવાડ કંઈક બડભાગી કે, એને જિનદાસ-શેઠ સાથે સ્નેહ બંધાઈ ગયો. ભરવાડને આંગણે એક વખત લગ્ન-પ્રસંગ આવ્યો. લગ્ન-પ્રસંગમાં શેઠે એને જોઇતી થોડી સામગ્રી એકઠી કરી આપી. બસ, આટલી મદદથી ભરવાડનો લગ્ન-પ્રસંગ ખૂબ-ખૂબ વખણાઇ ગયો.

ખુશ થયેલો ભરવાડ, બે સુંદર વાછરડા શેઠને ભેટ કરવા લઈ આવ્યો. પર્વતિથિ હોવાથી શેઠ પૌષધમાં હતા. વાછરડાને પાછા લઇ જવા શેઠે ઘણું કહ્યું. પોતાને પશુ-પરિગ્રહ ન રાખવાનો નિયમ હતો. પણ ભરવાડ એકનો બે ન થયો, તે ન જ થયો. બે સુંદર વાછરડાંનું ભાગ્ય જ જાણે એમને શેઠને ત્યાં તેડી લાવ્યું હતું.

બીજે દિવસે શેઠે વિચાર કર્યો : મારે ભલે નિયમ છે. પણ હવે આ કુમળા-પશુઓને હું પાછા સોંપીશ, તો એ લોકો આને કાં ગાડામાં જોતરશે, કાં હળમાં બાંધશે ! કેટલું દુઃખ ! માટે ભલે હવે આ મારે ત્યાં જ રહ્યા. ને જાણે બે સાધર્મિક પધાર્યા હોય-એમ શેઠના પરિવારે એ પશુઓ તરફ વ્યવહાર રાખ્યો.

શેઠ રોજ પશુઓને ધર્મનું પુસ્તક સંભળાવે. રાતે ખાવા-પીવાનું મૂકે તોય,-વાછરડા મોં ન લંબાવે-એવા સંસ્કાર એમનામાં ધીમે-ધીમે જાગી ઉઠ્યા.

એક દિવસ શેઠ પૌષધમાં હતા. ગામમાં એક યક્ષની યાત્રા માટે આજે લોકો જતા હતા. શેઠનો એક મિત્ર આવ્યો. વાછરડાં હવે તો જુવાન થઈ ગયા હતા. શેઠને પૂછયા વિના જ મિત્રે વાછરડાને ગાડીમાં જોતર્યા અને ખૂબ-ખૂબ દોડાવ્યા. હતું તો યૌવન! પણ, બળદોને દોડવાની તો શું, ચાલવાની ય કયાં ટેવ હતી! દોડ સ્પર્ધા પૂરી થઇ. બળદો ખૂબ જ થાકી ગયા. એમના સાંધાઓ તૂટી ગયા. જીવનની આશથી એઓ આંખ મીંચી જાય-એટલી હદ સુધીની અવદશા એમને ઘેરી વળી. મિત્ર તો બળદ મૂકીને ચાલતો થયો.

બીજે દિવસે શેઠે જોયું તો, બળદો જીવનને આરે પહોંચવાની સ્થિતિ સુધી મૂકાઈ ગયા હતા. મિત્ર પર દ્વેષ કરવો હવે નકામો હતો. જિનદાસે બળદોની ભાવિ-દુનિયા તરફ નજર દોડાવી. શેઠે એમને નવકાર આપ્યા. બળદો શાંત થઈને એ સાંભળવા માંડ્યા. શેઠે અનશનની પ્રતિજ્ઞા આપી. આરાધનાની આ પળોમાં જીવનની રંગભૂમિ પર કર્મના સૂત્રધારે મૃત્યુનું ભરત-વાક્ય પોકાર્યું. ને કંબલ-સંબલ નામનાએ બે બળદો ખૂબજ સમતા પૂર્વક મરીને નાગકુમારમાં કંબલ-સંબલ નામના દેવ બન્યા. આવી રોમાંચક હતી, કંબલ-સંબલની જીવનકથા !

જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી નૈયાને જોતા જ કંબલ-શંબલની ભગવદ્-ભક્તિ જાગી ઉઠી ને એઓ નીચે આવ્યા. એકે સુદ્રષ્ટને મારી હઠાવ્યો ને બીજાએ નૈયાને સામે કિનારે મૂકી. ભગવાનની ભક્તિ કરીને બંને દેવ અદ્રશ્ય થયા. એક સંસર્ગે કેવો રોમાંચક ઇતિહાસ આપ્યો? સંસર્ગની સુવાસ પશુને દેવ બનાવી ગઈ. દેવ દેવાધિદેવની સેવા પામીને ધન્ય બની ગયા !

**પટ નંબર ૩૪ :**

આર્ય-દેશ ગમે તેમ તોય સંસ્કારી-દેશ ગણાય ! એથી આ દેશમાં પ્રભુ મહાવીરને રાજપુત્ર કે તીર્થંકર તરીકે નહિ, સામાન્ય

સાધુ તરીકે જાણીનેય કોઇ ઉપસર્ગ કરે, તોય એ કેટલા અને કેવા કરે! જીવલેણ તો નહિ જ ને? પ્રભુએ એક વખત વિચાર કર્યો: આ દેશ આર્ય છે. જોઈતા પ્રમાણમાં જીવલેણ-દુઃખો અહીં મળવા સંભવિત નથી. હા, અનાર્યદેશ એક એવો છે-જ્યાં દુઃખો જ દુઃખો! કર્મને ખપાવવા મારે ત્યાં જવું જોઈએ!

ને પ્રભુ દુઃખોની દોસ્તી વધુ ગાઢ બનાવવા અનાર્યદેશ ભણી ચાલી નીકળ્યા.

અનાર્ય દેશ એટલે ધરતીથી જ ખરબચડો ને જંગી-જંગલોનો દેશ નહિ! માણસના મન પણ અહીં રાક્ષસી. તનનું તો પૂછવું જ શું? વચન ને જીવન તો એકલા સંતાપ-પાપ ભર્યા!

પડેલે પગલે જ પ્રભુને ભાવતું દુઃખનું ભોજન મળી ગયું. લાટ દેશ અને વજ્રભૂમિને વીંધીને છેક અનાર્ય દેશમાં પ્રભુ આવી ઉભા. અહીં તો કોઈને પ્રભુની ખ્યાતિની ગંધ પણ આવી ન હતી. સિદ્ધયાર્થ, ત્રિશલા ને તીર્થંકર જેવા શબ્દો અહીં વળી કોને સાંભળ્યા હોય?

પ્રભુને સાવ અપરિચિત અળગા જોઇને કોઇ એમને અપશુકનની દૃષ્ટિએ જોતું ને લાકડીએ-લાકડીએ પીટતું. ક્યારેક શિકારી ને ડાઘિયા કૂતરાઓની કતારો પ્રભુ પાછળ પડતી. ક્યારેક ધ્યાનમાં રહેતાં પ્રભુને લોકો ફાંસીને માંચડે ચડાવવા સુધીની ક્રૂરતા કરી બેસતા.

અનાર્ય-દેશનો આવો વિકટ વિહાર પ્રભુએ બે-બે વાર સામે પગલે ચાલીને આવકાર્યો અને કેટલાય કર્મોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો.

**૫ટ નંબર : ૩૫-૩૬** **કેટલાંક ઉપસર્ગો :**

જીવમાંથી શિવને ભેટવા નીકળેલા પ્રભુ મહાવીરને વચગાળામાં ઉપસર્ગો ને ઉપદ્રવો તો કેઇ આવ્યા. પણ એમાં સંગમનો ઉપસર્ગ તો ઘણો જ ભયંકર હતો.

પ્રભુ–મહાવીરના પરાક્રમની ઇન્દ્રે માત્ર એક પ્રશસ્ત પોકારી અને એમાંથી સંગમનું સ્વમાન સળવળ્યું. ઇન્દ્રરાજને જૂઠા ઠેરવવા એ નીચે આવ્યો. એનો ધમધમાટ ને એનો પ્રચંડ ઈર્ષ્યાગ્નિ જોતા જ ઈન્દ્રને થયું: લાવ, આને વારૂં ! છતાં બીજી જ પળે, ઇન્દ્રને એક બીજો વિચાર આવ્યો : શું એથી એવી ગેરસમજ તો નહિ ફેલાયને કે–પ્રભુમાં બળ નથી, માટે આ એમનું બચાવનામું કરે છે. ને ઇન્દ્રરાજે સંગમને જવા દીધો.

સંગમ ધસમસતો નીચે આવ્યો. સહુ પહેલાં એણે પ્રચંડ આંધી ચગાવી. ધૂળના ગોટે–ગોટા ઉડયા. પ્રભુ એમાં દટાતા ચાલ્યા. આખું શરીર એમાં દટાઈ ગયું. હવે શ્વાસોશ્વાસની ક્રિયામાં પણ તકલીફ પડવા માંડી. પણ આ તો હતા પ્રભુ મહાવીર ! એઓ ધ્યાનથી ડગ્યા નહિ. સંગમ ભોંઠો પડયો.

ગમે તેટલાં ઉપસર્ગો કરીને પણ, પ્રભુને પામર જાહેર કરવાની સંગમની તૈયારી હતી. એણે હવે કીડીઓ, મચ્છરો, ભમરાઓ, વીંછીઓ, નોળિયાઓ ને ઉંદરો જેવા તીક્ષ્ણ–ડંખીલા જીવોના ઝુંડે–ઝુંડ પ્રભુના દેહ ભણી છોડયા. આ ડંખીલી–સૃષ્ટિ વચ્ચે પ્રભુનો દેહ દળી ઉઠયો. કોઇ જગાએથી લોહીની ધાર વહેવા માંડી, તો કયાંકથી માંસના લોચા બહાર આવ્યા, ઘાવના નિશાન તો સમગ્ર–દેહને ઘેરી વળ્યા. પણ પ્રભુ મહાવીર નામ કોનું ? એમનું ધ્યાન તો અણનમ ને અડીખમ જ રહ્યું. આ પછી અણિયાળી ચાંચોવાળી ઘીમેલોનો ઘેરો આવ્યો. પણ, એ ધ્યાન ન જ ડગ્યું.

હાર્યા જુગારી જેવો ઘાટ ઘડાતો ગયો. સંગમ હારતો ગયો, એમ એ બમણાં બળ–પાસા ફેંકતો ગયો. એકલા–અટૂલા ધ્યાનસ્થ પ્રભુની સામે–સિંહ, વાઘ, હાથી ને સાંઢ જેવી જીવલેણ ડંખીલી–પશુ–જાત ત્રાટકી પડી. પણ પ્રભુએ પીછેહઠ ન કરી. પિશાચોના અટ્ટહાસ્યના પડછંદાઓથી ધરતી ધ્રુજી ઉઠી. પણ વીરની ધીરજને રજ જેટલોય કંપ કેવો ? હવે શું ? ભયથી તો ભગવાન ભય ન પામ્યા.

સંગમે હવે સ્નેહની સેનાને સંગ્રામમાં ઉતારી. સીતમોમાં સમતોલ રહેવું સહેલ છે! સ્નેહનાં એકાદ સૈનિક વચ્ચે પણ સમતુલા સાચવવી અઘરી છે!

આત્મ–ધ્યાનમાં રહેલા પ્રભુની સામે દૂર–દૂરથી માત-પિતા ત્રિશલા–સિદ્ધાર્થનો વિરહ–વિલાપ કરૂણ–રીતે આવવા માંડયો. પણ આંખની પાંપણ ખોલવાનીય વાત કેવી! પળ પછી તો માત–પિતા છેક પાસે આવી ગયા. ધ્રુસકે–ધ્રુસકે રડી લઈને, એઓ બોલ્યાં:

"વહાલસોયા વર્ધમાન! તારા આ દુખિયારા મા–બાપની સામે જરા તો જો! અમે ઘરડાં થયા છીએ. નંદિવર્ધને તો નેહ પર છેહ દીધો છે. બેટા! તુંય આવો નાદાન થઈશ? ના, ના, તું તો કેવો વિનયી હતો! એક વાર આંખ ખોલ. એક મીઠો બોલ સંભળાવી દે. તો અમારા બધા ઘાવ રૂઝાઇ જશે."

પથ્થરને પીગળાવી દેતી આ વાણી પ્રભુના હૈયે કંઈ અસર ન પેદા કરી શકી. ધ્યાનનું ગાન અચલ રહ્યું. સંગમનો સીતમ હવે નિરવધિ બન્યો: રે! આ તો માણસ છે કે માટીનું પૂતળું! સ્નેહના સૈનિકથીય આ ન જીતાયો?

એક અનાડી–વ્યકિત આવી. ખીર રાંધવા માટે એણે બે–ત્રણ પથરાની શોધનો ડોળ કરી બતાવ્યો. શોધ સફળ ન થઈ. અંતે પ્રભુના પગ વચ્ચે ભડભડતો અગ્નિ પેટાવીને એણે એની પર ખીર રાંધવી શરૂ કરી.

ઉપસર્ગની આ તો છેલ્લી હદ હતી. ભડભડતી જવાળાઓમાં સુવર્ણ શી પ્રભુની કાયા કાળી પડી ગઈ. પણ અંતરમાં પૂરબહાર ખીલી ઉઠેલી ધ્યાનની અજવાળી પૂનમ પર જરાય કાળપ ન ચઢી.

સંગમે એક વેગવાન ઝંઝાવાત વહેતો કર્યો. પણ. મેરૂ ચળે તો મહાવીર ચળે! પછી પાષાણની વૃષ્ટિ શરૂ થઈ. પણ એ લોખંડી–ધ્યાન તો અડીખમ જ રહ્યું.

દેવલોકના નાચ–ગાન અટકી ગયા હતા. ઇન્દ્રરાજને પોતાની એ પ્રશંસા અત્યારે શલ્યની જેમ ખૂંચી રહી હતી. એમને થયું : મેં કરેલી અવિચારી–પ્રશંસાથી જ પ્રભુને આવા–આવા જીવલેણ–ઉપસર્ગો સહવા પડે છે ને ! ધિક્કાર હો મને ! ને એમણે વ્યગ્ર–ચિત્તે બધું જોવા માંડયું. નાચ–ગાન ને સ્વર–સંગીતને અટકી જવાનો આદેશ અપાઇ ગયો. દેવલોકમાં ગમગીની ને શોક છાયા પથરાઇ ગઈ.

સંગમની કારી ન ફાવી. આટ–આટલા પ્રચંડ–પ્રયત્ન પછી ય વીરની વીરતા ધીર જ રહી. સંગમ મનોમન બોલ્યો : રે ! હું જો હારીને જાઉં, તો દેવલોકમાં મને બધા ધુત્કારે ! સ્વમાનની ખાતર પણ મારે હવે કડક–કદમ ભરી દેવા જોઇએ ને એણે કાળ–ચક્ર વહેતું મૂક્યું.

કાળચક્ર ! સાક્ષાત–જમદેવ ! ચોમેર જ્વાળાઓના લબકાર ! ભીષણ અણીદાર ખૂણિયા ! હજાર–ભાર લોઢાનું એનું વગદાર વજન ! સંગમે આંગળી પર આવા કાળચક્રને ઘર....ર ઘ....ર....ર ઘૂમાવ્યું. પછી ક્રોધ–ઓકતી આંખે એ કાળચક્ર એણે પ્રભુના દેહ ભણી છોડયું. કાળચક્ર એટલે મોતનું ચક્ર ! પ્રભુ જેવા પ્રભુનો અતુલ–બળી દેહ એના–ભારથી ધરતીમાં ઘૂંટણ સુધી ખૂંચી ગયો. પણ એ ધ્યાન તો અડોલ જ રહ્યું.

સંગમની ધીરજનો હવે છેડો આવી ગયો. એણે છેલ્લું–છેલ્લું કામાસ્ત્ર છોડવાનો નિર્ણય લીધો : કામદેવનું બાણ ! કામદેવના કામણગારાં કટાક્ષ–સમી સોહાગ સ્વર્ગ–સુંદરીઓના પાયલ ઝણુગણી ઉઠ્યા. ગીતમાં માદકતા હતી. સ્વરમાં સંતને શેતાન બનાવતી માયા-ભરી માધુરી હતી. પણ કામવિજેતાને મન તો આ બધાં ખેલ કઠ–પૂતળીઓના જ હતા.

સંગમના હૈયામાં જો કઠોરતાનો છેલ્લામાં છેલ્લો છેડો હતો, તો પ્રભુના અંગઅંગમાં કરૂણાની છેલ્લામાં છેલ્લી સીમા હતી.

રાત પૂરી થઇ. પ્રભાતના કિરણો ફેલાયા. પ્રભુએ ધ્યાન સમાપ્ત કર્યું. એઓ અન્યત્ર જવા ચાલી નીકળ્યા. સંગમે એમનો પીછો પકડયો. પ્રભુ ભિક્ષાર્થે જાય-ત્યાં સંગમ અદૃષ્ટ-રીતે કાં કાચું પાણી ઢોળી દે! કાં પ્રભુ પર શંકાઓ ઉપજે-એવી વિકૃતિઓ એ ઉભી કરી દે!

પ્રભુને છ–છ મહિનાના ઉપવાસ થયા. સંગમ હવે ધીરજ ન ધરી શકયો. જ્ઞાનથી એણે જોયું, તો આ વીરની ધીરતાને ડગવનાર શક્તિ હજી કોઈ જન્મી ન હતી અને જન્મનાર પણ ન હતી. એ પ્રભુની પાસે આવ્યો. સ્વરૂપ ખુલ્લુ કરીને એણે કહ્યું:

"પ્રભો! હું સંગમ! ભ્રષ્ટ–પ્રતિષ્ઠ સંગમ! મને ગર્વ હતો: માનવ જેવો કીટ. દેવના બળની સામે બિચારો છો ઇન્દ્રની પ્રશંસા મારામાં વિપરીત–અસર પેદા કરી ગઈ. ને છ–છ મહિના સુધી મેં આપને ઉપસર્ગો ને ઉપદ્રવો કર્યા. પણ આપનું ધ્યાન અણનમ રહ્યું. મને ક્ષમા મળશે, પ્રભુ!"

કરૂણાર્દ્ર–દિલની અનુપમ–કથા ગાતા બે આંસુઓ પ્રભુની આંખમાંથી સરી ગયા. એ આંસુની લિપીનો અર્થ શ્રી હેમચંદ્રસૂરિજીએ એવો કર્યો કે, ત્રિભુવનને તારવાની ઈચ્છાવાળો હું (મહાવીર દેવ) આના સંસારનું ગાઢ–કારણ બની ગયો. આ ઉપસર્ગો દ્વારા બિચારા આ જીવને ભવિષ્યમાં કેવા–કેવા દુખો વેઠવા પડશે?

સંગમ શરમ સાથે ઇદ્રસભામાં આવ્યો. ઇદ્રે ભ્રકુટિ ચડાવી. ડાબા પગના પ્રહારથી એમણે ક્રોધ વ્યક્ત કર્યો. ને સંગમ દેશ-નિકાલની સજા કારમાપરાભવ સાથે પામ્યો. શેષ આયુષ્ય વીતાવવા, દેવલોક છોડીને મેરુપર્વત પર ચાલ્યા જવાની એને આજ્ઞા થઈ.

## પટ નંબર ૩૭ :

દધિવાહન અને શતાનીક વચ્ચેના એ સંગ્રામમાં ચંપાનગરીનો રાજવી દધિવાહન જ્યારે હાર્યો, ત્યારે એની રાણી ધારિણી અને

રાજપુત્રી વસુમતીએ શીલની શાન જાળવવા જંગલ ભણી દોટ મૂકી. પણ એક સૈનિકે એમનો પીછો પકડયો. મા–દીકરીના શીલ પર વિકારના વાદળા તોળાઇ ઉઠયા. સૈનિક નફફટ બનીને બોલ્યો : આ ધારિણીને તો હું મારી પત્ની બનાવીશ.

આ સાંભળતા જ ધારિણીનુ હૈયું ધ્રુજી ઉઠયુ : રે ! આ શું ? મારા ધર્મ પર ધાડ ! શીલની શાન જળવાતી હોય, તો શરીર ભલે સડે–પડે ! ને દાંત વચ્ચે જીભ કચડીને એણે મરણને આવકાર્યું !

વસુમતી, પોતાની માના મોતથી બેબાકળી બની ઉઠી. શીલ–ધર્મ કાજેની શૌર્યભરી આ જાન ફેસાનીએ સૈનિકની આંખો ખોલી નાખી. પોતાની જાત પર એને ધિક્કાર છુટયો. રાજપુત્રીને સાંત્વન આપતા એણે કહ્યું : રાજકુમારી ! મારી બીક ન રાખતા. હું તમને બેટી તરીકે રાખીશ.

સહુ કૌશાંબી આવ્યા. વસુમતીને ભર–બજારે વેચવા માટે ઉભી રાખેલી જોતા જ ધનાવહ શેઠની કરૂણા જાગી ઉઠી. એમણે વાત્સલ્ય-ભરી આંખે વસુમતીને વેચાણમાં લઈ લીધી. આ બાળામાં રહેલું રૂપ ને એનામાં ઝગકતાં સંસ્કાર જોતા એમને થયું કે, ફરજંદ કોઈ ઉચ્ચ–કુળનું હોવું જોઇએ !

દિવસો વીતતા વસુમતી ઘરમાં સ્વભાવથી પ્રિય થઇ પડી. બધાંએ એનું નામ ચંદનબાળા રાખ્યું : ચંદન જેવી શીતળ !

એક દિવસે, એવો પ્રસંગ બની ગયો કે, શેઠાણી મૂલાનાં ઈર્ષ્યાના ઈંધણ વચ્ચે ચંદનબાળાને તાપ સહવા પડયા: ધનાવહ શેઠ બહારથી આવ્યા હતા. એમના પગ ધોવા ચંદના દોડી આવી. પગ ધોતાં–ધોતાં એની કેશ–લટ નીચે રગદોળાવા માંડી. શેઠે એને ઉંચકીને ખભા પર ગોઠવી દીધી.

બરાબર આ ટાણે જ ત્યાં રહેલી મૂલા–શેઠાણી આ દૃશ્ય જોઈ ગઈ. એને થયું : નક્કી મારા પતિ ચંદનાના પ્રેમમાં છે. મારા પ્રેમમાં આની ભાગીદારી ! ને વેર લેવાની એણે ગાંઠ વાળી.

તક જલદી જ મળી ગઇ. શેઠ બહાર ગયા હતા. શેઠાણીએ તક ઝડપી લીધી. એક હજામને બોલાવીને એણે ચંદનાનું માથું મૂંડાવ્યું. એના હાથ-પગમાં એણે લોખંડી બેડી નંખાવી. અને એક ગુપ્ત-ભોંયરામાં એને પૂરીને શેઠાણી બહાર-ગામ જતા રહ્યા.

આ અણધારી-આફત પાછળની કડી ચંદનાને જડી ગઇ. કેશ લટનો એ પ્રસંગ એની સામે તરવરી ઉઠયો. અઠ્ઠમનું પચ્ચખાણ લઈને એ પ્રભુ-મહાવીરના ધ્યાનમાં બેસી ગઈ!

ત્રીજે દિવસે શેઠ આવ્યા. ઘરમાં ચંદના ન હતી. એમના હૈયે ફાળ પડી, શેઠાણી પણ બેપત્તા હતા. ઘણી પૂછ-પરછને અંતે ખબર મળી કે, ચંદના તો આફતમાં છે. એને ભોંયરામાં ધકેલવામાં આવી છે!

શેઠ ભોંયરામાં આવ્યા. ચંદના, પ્રસન્ન-વદને મહાવીરના ધ્યાનમાં બેઠી હતી. એના માથે મુંડન હતું. એના હાથ-પગ જંજિરથી જકડાયેલા હતા. શેઠની આંખમાં ઝળહળિયાં ધસી આવ્યા. એઓ મનોમન બોલી ઉઠયા કે ત્રણ-ત્રણ દિવસના ઉપવાસ, છતાં આટલી બધી પ્રસન્નતા!!

એક સુપડામાં બાફેલા અડદનાં બાકળા પડ્યા હતા. આ સિવાયની કોઈ ભોજન-સામગ્રી હાજર ન હતી. એ બાકળા ચંદનાને આપીને, શેઠ એ બેડીઓને તોડવાં, લુહારને બોલાવવા ચાલતા થયા.

ત્રણ-ત્રણ દિવસના ઉપવાસ પછી, આજે અડદના બાકળાનું ભોજન હાથમાં આવ્યું હતું. પણ ચંદનાના ચિત્તમાં તો કોઈ બીજી જ ભવ્ય-ભાવના ઉછળી રહી હતી: કોઈ અતિથિને ભોજન દઈને પછી જ જમવું મારે!

ચંદના દરવાજે આવી. એક પગ ઉંબરાની બહાર ને એક અંદર હતો. એ વાટ જોવા માંડી. ત્યાં તો દૂર-દૂરથી પ્રભુ મહાવીર આવતા જણાયા.

પાંચ મહિના ને ઉપર પચ્ચીસ દિવસથી પ્રભુ મહાવીર રોજ-રોજ ભિક્ષા માટે નીકળતા હતા. ને ભિક્ષા લીધા વિના જ એઓ પાછા ફરતા હતા. આખું કૌશાંબી આ બનાવથી ચિંતાતુર થઈ ગયું હતું.

પ્રભુ ચંદનાને દ્વારે આવ્યા. અભિગ્રહમાં એક તત્ત્વ ખૂટતું હતું. *આંસુ ન હતા. પ્રભુ પાછા ફર્યા. પ્રભુનો અભિગ્રહ ભીષ્મ હતો:* કોઈ રાજ-કુમારી, દાસીત્વ પામી હોય. માથે એ મૂંડી હોય. હાથ અને પગ એના બેડીથી જકડાયેલા હોય. ઉંબરાની અંદર-બહાર એના એક-એક પગ હોય અને આંસુ-ઝરતી આંખે, એ અડદના બાકળા વહોરાવે તો જ મારે પારણું કરવું !

આંસુ વિનાની આંખ, જોઇને પ્રભુ પાછા ફર્યા. આંગણે આવેલા અતિથિને ખાલી હાથે પાછા ફરેલાં જોઈને ચંદના રોઈ પડી. એ આંસુના આમંત્રણે પ્રભુ પાછા આવ્યા, ચંદનાને હાથે પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થયો. દેવોએ દુંદુભિ બજાવી. 'અહો દાનં-અહો દાનં'ની ઘોષણા સાથે બાર ક્રોડ સુવર્ણ-મુદ્રાઓની વૃષ્ટિ ત્યાં થઇ. ચંદનાને માથે કાળીભમ્મર કેશાવલિ ઉગી નીકળી. હાથ-પગની બેડીઓ તૂટી અને સર્વત્ર જયજયકાર રેલાઈ ઉઠ્યો.

પૈસાનો પ્રેમ કોને ન હોય ! સુવર્ણ-મુદ્રાઓને લેવા રાજા હાજર થયો. પણ આના માલિક તો ધનાવહ શેઠ જ હતા. ઇન્દ્રરાજે ચંદનાનો પરિચય આપ્યો. મુદ્રાઓની માલિકી શેઠની ઠરાવીને અંતે એમણે કહ્યું : શેઠ ! આ રાજકુમારીને ફૂલની જેમ જાળવજો. પ્રભુ-મહાવીરના શ્રમણી-સંઘનું નેતૃત્વ આ ચંદનાના ભાગ્યમાં છે.

કૌશાંબીની રાજરાણી મૃગાવતી આ ટાણે ત્યાં હાજર હતી. દેવ-પરિચય સાંભળીને એ બોલી ઉઠી : રે ! વિધિ કેવી વાંકી ! આ ચંદના તો મારી સગી ભાણી થાય. ચંપાપુરીની રાજરાણી ધારિણી મારી સગી બહેન. એની દીકરી આ ચંદના. બધો ભેદ ખુલ્લો થયો. રાજપરિવારમાં આનંદ છવાઈ ગયો. ધનાવહ શેઠ ધનથી માલ-માલ થઈ ગયા.

પટ નંબર ૩૮ :

બાર-બાર વર્ષનું શ્રમણ-જીવન વીતવા આવ્યું. દીક્ષા પછી બે ઉપવાસ (છઠ્ઠ)થી ઓછી તપશ્ચર્યા નહિ. કેવલજ્ઞાન સુધીના-૧૨ વર્ષ ને સાડા છ મહિના સુધીના-આ દિવસોમાં પ્રભુએ ફક્ત ૩૪૯ પારણા કર્યા.

વૈશાખની અજવાળી ૧૦ મ હતી. ઋજુ-વાલિકા નદીનો વેણુતટ હતો. ત્યાં શામકના ખેતરમાં શાલનું ઝાડ હતું-અહીં પ્રભુ ગોદોહિક-આસને ધ્યાનમાં ખડા હતા. સૂર્ય મધ્યાન્હે હતો. શુકલ ધ્યાનમાં રહેલાં પ્રભુને આ ટાણે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ. પ્રભુ સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

કેવળજ્ઞાન-કલ્યાણકની ઉજવણી કરવા દેવો આવ્યા. સમવસરણ રચાયું પણ સાંસારિક-સામર્થ્યમાં માનવથી હજાર-હજાર હાથ ઉંચા દેવોમાં, સર્વ વિરતિની સાધનાનું સામર્થ્ય કયાંથી હોય ? પોતાનો આચાર જાળવવા ખાતર જ દેવોને પહેલી દેશના સંભળાવીને, પ્રભુએ અપાપા-નગરી તરફ વિહાર કર્યો. પ્રવજ્યાના પરિણામ વિનાના આ પ્રથમ-પ્રવચનની નોંધ શાસ્ત્રે 'અફળ-દેશના' તરીકેની લીધી.

અપાપાને આંગણે મહાસેન-ઉદ્યાન હતું. અહીં સમવસરણની દેવ-રચના થઈ. આ જ ટાણે, આ જ અપાપામાં ઈન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણો, પોતાના ૪૪૦૦ વિપ્ર-શિષ્યોના પરિવાર સાથે યજ્ઞ-યાગ કરાવી રહ્યા હતા.

પટ નંબર ૩૯

વેદ-પાઠી બ્રાહ્મણો વાદિવિજેતા હતા. જ્ઞાનનો એમનો ગર્વ ખોટો ન હતો. યજ્ઞ આરંભાયો. મહાસેન-વન ભણી જતા જન-પ્રવાહને જોતા જ એમને થયું કે 'અહો ! કેવું આ અજ્ઞાન ! યજ્ઞ જેવા યજ્ઞને છાંડી દઇને, આ બધા પેલા મહાવીરની ઇન્દ્રજાળ પાછળ દોડયા જાય છે, ત્યાં તો એમની આંખ આકાશ ભણી મંડાઇ. ત્યાંય દેવોની

દોડધામ મચી હતી. એમને થયું : માણસ ભલે મુંઝાય કે મોહાય! પણ આ દેવો તો નહિ જ ભૂલે. પણ આ ભ્રમણા વળતી જ પળે ધૂતારી નીવડી. દેવોનો એ પ્રવાહ પણ યજ્ઞ-ભોમને છાંડી દઇને મહાસેન-વન ને મહાવીર ભણી ચાલ્યો જતો જણાયો.

ઈન્દ્રભૂતિના આશ્ચર્યને આક્રોશ ઘેરી વળ્યો. પગ પછાડીને એ બોલ્યા : રે! આજે આ શો પ્રલય થવા બેઠો છે! માણસ તો જાણે ઠીક, પરંતુ આ દેવો પણ ઘેલાં બનીને મહાવીરના ભકત બનવા માટે ચાલી નીકળ્યા છે કે શું? એમની હાકે એમના ભાઈ અગ્નિભૂતિજી તૈયાર થઈ ગયા. એમણે કહ્યું : ભાઇ! આટલો બધો ક્રોધ! ઘણા ઘણા દાણા પીસાઈ ગયા, પછી એકાદ દાણો આખો રહી જાય એને ચૂરવા તો હું જઉં તોય ચાલે. આપ ધીરજ ધરો! હું હમણાં જ મહાવીરને મહાત કરીને આવ્યો સમજો.

ઈન્દ્રભૂતિજી ઝાલ્યા ન રહ્યા. પોતાના પરિવાર સાથે એમણે મહાસેન-વનની વાટ પકડી. પણ, સમવસરણ અને પ્રભુ મહાવીરના પહેલા દર્શને જ એમનું અભિમાન નરમ થયું. માનનો એ હિમાલય પીગળી ઉઠયો. ત્યાં તો પ્રભુએ મીઠી-મધુરી વાણીથી ઈન્દ્રભૂતિજીને સંબોધ્યા. બીજી પળે એમના મનમાં ખૂંચતું શંકા-શલ્ય પ્રભુએ પ્રગટ કરીને ખેંચી કાઢયું ને એઓ પ્રભુના શિષ્ય બનીને બેસી ગયા.

આ વાત અગ્નિભૂતિ પાસે આવી. એઓય ભાઈને પાછો વાળવા આવ્યા. પણ એમનેય ત્યાંના વાતાવરણે શિષ્ય બનાવી દીધા. આમ ક્રમશઃ વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા આદિ વેદ-પાઠી બ્રાહ્મણો આવતા ગયા ને દીક્ષિત થતા ગયા. પ્રભુની એ પહેલી દેશનામાં અગિયાર ગણધરો અને સંઘની સ્થાપના થઈ. ૪૪૦૦ બ્રાહ્મણો શ્રમણ-વેશમાં શોભી ઉઠયા.

<u>પટ નંબર : ૪૦</u>

શ્રમણ-પ્રધાન ચતુર્વિધ-સંઘની સ્થાપના થતા, સંસાર-સાગ-

રમાં એક એવી તારક-નાવ પુન: વહેતી થઇ કે-જેનો સહારો પામીને કેઇ આત્માઓ મુક્તિકિનારો પામી શકે!

૩૦ વર્ષનો ગૃહ-વાસ! ૧૨ વર્ષનો છદ્મસ્થ શ્રમણકાળ! ૩૦ વર્ષનો તીર્થંકર કાળ-આમ ૭૨ વર્ષના આ જીવનકાળમાં પ્રભુ મહાવીરે કેઇ પતિતોને પાવન કરીને પ્રભુ બનાવ્યા. ગૌતમ ને ગોશાળા જેવા પ્રેમી-પ્રચંડી શિષ્યોનો ઈતિહાસ આ દરમિયાન સરજાયો. શાલિભદ્ર શૂલપાણિ જેવી વ્યક્તિઓ પર પ્રભુની રહેલી સમદૃષ્ટિ ક્ષમાનું ગીત બની ગઈ. સુદર્શન શિષ્ય-ભાવે આવ્યો. સંગમ ધસમસતો આવ્યો. પણ પ્રભુની કરૂણાપૂત આંખોમાં લેશ-માત્ર ફેરફાર ન થયો. ખૂની દૃઢ પ્રહારી, પ્રભુનો પારસ-સ્પર્શ પામી મુનિ બની ગયા. ઋષભદત્ત ને દેવાનંદા આવ્યા. પ્રભુની પાવન-વાણી એમને સ્પર્શી ગઈ. ને એઓ સંયમી બનીને મોક્ષે ગયા. અનિચ્છાએ સંભળાઇ ગયેલું પ્રભુનું એક-વચન રોહિણેય-ચોરને શિરમોર બનાવી ગયું. હત્યારો અર્જુનમાળી આવ્યો પ્રભુનું દર્શન-એને માટે ભવ-સાગરથી તરવાની નૌકા બની ગયું. ફૂંફાટ-ભર્યો ડંખ દેનારો ચંડ કૌશિક! એને પણ પ્રભુએ કરૂણા-નજરે નીહાળ્યો ને એ સ્વર્ગનો અધિકારી બન્યો.

આમ, શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવ ૩૦ વર્ષ સુધી પ્રકાશનો પથગામ ફેલાવતા-ફેલાવતા અપાપાનગરીમાં ચાતુર્માસ માટે પધાર્યા આ ચાતુર્માસ અંતિમ હતું. અધિકાંશે મુક્ત બનેલો આત્મા, બધા બંધનો ફંગોળી દઈને-અહીં પૂર્ણમુક્ત બનવાનો હતો.

કાર્તિક વદ-આસો વદ ૧૩નો દિવસ હતો. અપાપામાં ૯ મલ્લી-રાજાઓને ૯ લિચ્છવી-રાજાઓ એકઠા થયા હતા. અંતિમ-દેશના રૂપે પ્રભુએ ૧૬ પ્રહર (૪૮ કલાક)ની ધર્મ-દેશના આપી. અમાવાસ્યાની મધરાત થઈ. અપાપાનું આંગણ દેવદેવીઓથી થનથની ઉઠયું. પ્રભુ આજની મધરાતે વિદેહ બનવાના હતા અને સિદ્ધશિલાની જયોતમાં એમની જયોત મળી જવાની હતી.

મધરાત થઇ ને પ્રભુ મહાવીર મહાનિર્વાણ પામ્યા. આનંદ-આક્રન્દનનો આવો દ્વિભેટો કદિ નહિ રચાયો હોય! પ્રભુ નિર્વાણ પામ્યા! અનંત-અનંત ઉપકાર-કરનારી કરૂણામૂર્તિ વિદેહ થઈ ગઈ! સહુ પોશ-પોશ રડી ઉઠયા. કોણ-કોને છાનું રાખે? કોણ કોના આંસુ લોહે? ખુદ ગણધર-ગૌતમ-સ્વામી જ્યાં છાતીફાટ રૂદન કરી રહ્યા હોય. ત્યાં બીજાનું ગજુ શું કે, એ આંસુ લૂછી શકે? પંખીને ઉડવાનું વળી માણસ શી રીતે શીખવાડે!

અંધારી-રાત 'પ્રકાશ-પુરૂષ'ના નિર્વાણથી વધુ અંધાર-ઘેરી થઇ! પ્રભુ મહાવીર મહાનિર્વાણ પામતા, ભાવ-જ્યોત બુઝાઈ. સહુએ એના શોકને દૂર કરવા, દીવા પેટાવ્યા. ત્યારથી દિવાળી શરૂ થઈ.

પ્રભુના આ નિર્વાણ-કલ્યાણકની ઉજવણી કરવા દેવરાજો નીચે આવ્યા. એમના આગમને ધરતી ને આકાશ ઝળુંભી ઉઠ્યા. ભવ્ય-શિબિકા તૈયાર થઈ. પ્રભુ મહાવીરનો નિશ્ચેતન દેહ એમાં ઢમકી ઉઠયો. ચંદનની ચિતાઓ જલી ઉઠી. આંસુની અંજલિઓ સાથે સહુએ પ્રભુને નિરખી લીધા ને શિબિકા અગ્નિમાં પધરાવાઈ ગઈ.

કાર્તિક-સુદ એકમની નવલી પ્રભાતે ગણધર-ગૌતમ સ્વામીને કૈવલ્ય-જ્ઞાનની પ્રાપ્તિ થઇ. પ્રભુ-મહાવીરના શાસનનું સુકાન હવે એમના હાથમાં આવ્યું. ગઈકાલના વિરહને જાણે ક્ષણ માટે વિસરી જઈને સહુએ ઉલ્લાસ-ધ્વનિ પોકાર્યો કે-જય હો ગણધર-શ્રી ગૌતમ સ્વામિનો!



# —: ઉપદેશક ઉપસંહાર :—

સંસારના અનંત-અનંત અંધારમાંથી નીકળીને, સિદ્ધ-શિલાની જ્યોતિ-મંચ-ભોમનું સ્વામીત્વ મેળવવા સુધીના વચ-ગાળામાં- કેવી-કેવી તેજી-મંદીઓ ખાબકી પડે છે! વિનાશના ઘૂમતા ચક્રો, ક્યારેક વિકાસ તરફ કેવો અણધાર્યો વળાંક લઇ લે છે, તો વિકાસના એ ચક્રોની પ્રગતિ કદિક અચાનક જ વિનાશી-ગતિમાં કેવી રીતે પલોટાઈ જાય છે—એનો હૂબહૂ ચિતાર પ્રભુ મહાવીરના કોઇ એકાદ-પ્રસંગમાંથી જ મળી જાય, એવો છે.

નયસારના જીવનમાં સમ્યક્-દર્શનની પરોઢ ખીલી. આ પરોઢમાંથી મરિચિના જીવનમાં પ્રભાત પ્રકાશી ઉઠી. આ પ્રભાતને કદિક રાત ઘેરી વળી, તો કદિક ઝંઝાવાત વચ્ચે એના પ્રકાશકિરણો રૂંધાયા!

આમ, રાત-પ્રભાતના કેઇ પ્રવાસો વેઠતો-વેઠતો એ જીવ, પ્રભુ મહાવીર તરીકેના સત્તાવીસમાં ભવે, શિવના દ્વારે આવી ઊભો. મહાભિનિષ્ક્રમણના માંડવા નીચે, એણે અમર-યૌવના સિદ્ધિ-સુંદરી સાથે પ્રીતના કોલ-કરાર કર્યા.

પ્રભુના આ જીવનને જોવાની દૃષ્ટિ જો લાધી જાય, તો દ્રષ્ટા એમાં પોતાના જીવનની તેજી-મંદીનો સ્પષ્ટ રણકાર જોઈ-જાણી શકે! જોતાં આવડે તો આ પ્રભુ જીવન અરીસો બને, ને દ્રષ્ટાને જાતનું જ દર્શન કરાવી જાય!

આ પ્રસંગોના સીમાડા બહાર પણ, પ્રભુનું પ્રેરણા-દાયી જીવન ચોમુખી-વિસ્તાર રોકીને ખડું છે. આ પાના પરના પ્રસંગો તો એ સિન્ધુના બિન્દુ પણ નથી. મરિચિના ભવમાં પનારે પડેલાં નીચ-ગોત્ર કર્મના કદમની હરણ-ફાળ તો જુઓ! કેડો પકડતું પક-ડતું-પકડતું એ છેક પ્રભુ-મહાવીરને છેલ્લા ભવમાંય પકડી પાડે છે

–ને અનંત–કાળના કાનૂનનો ભંગ કરાવીનેય, પ્રભુને એ નીચગોત્રમાં અવતાર અપાવે છે.

ત્રિપૃષ્ઠના ભવમાં, શય્યાપાલકના કાનમાં નખાયેલું તપ્ત–સીસું, ચક્રવર્તી–વ્યાજ લીધા વિના જંપ્યું નથી. કેટલુ એનું ધરખમ વ્યાજ! કાનમાં ખીલા ભોંકાવીને પછી જ એણે સંતોષનો શ્વાસ લીધો.

શ્રેણિકનો અવિહડ પ્રભુ–પ્રેમ, અનાથીની સનાથ–કથા, મેઘ–કુમારના પલટાતા મનની મથામણ, દશાર્ણભદ્રની ગર્વ–કથા, અનુયાયીમાંથી આતતાયી બનેલો ગોશાલક, સુલસાનું સમ્યગ્–દર્શન અને અંબડ–પરિવ્રાજકની પરીક્ષા, પ્રભુ મહાવીરના સાથે સંકળાયેલી આ અને આના જેવી કેઇ વિભૂતિઓની મુલાકાત માટે હજી પ્રભુના વિશાળ જીવન–ખંડની વિરાટ–યાત્રા આવશ્યક ગણાય!

પ્રભુના જીવન ખંડમાં થતું આત્મ–લક્ષી અવલોકન કોઇ નવો જ અજવાળ પ્રેરે એવું છે: ગોશાળક ને ગૌતમ પરની એ સમાન–દૃષ્ટિ! શાલિભદ્ર ને શૂલપાણિને સમ–ભાવે પાવની બનાવતી એ કરૂણા! સંગમ ને સુદર્શનને સમ–નજરે નવડાવતું એ વાત્સલ્ય! અર્જુનમાળી ને અભયકુમારને સમ–કક્ષી કૃપા બક્ષતી કરૂણાનો એ અનુપમ ને અનુત્તર વિકાસ!

આ બધાંમાંથી ઉપસતું ભગવાન શ્રી મહાવીરદેવનું ચિત્ર, દૃષ્ટાને કોઈ અજોડ સાદ–સંદેશ દેતું રેશરેશ પકડતું લાગશે. આ સાદનો રણકાર એવો પ્રચંડ હશે કે–અનંત–અનંત–પ્રમાદને પણ જાગી જવું પડે. આપણે એ સાદના રણકારને જીવનમાં જીવી જાણીએ. એ જ આશા! એ જ અભિલાષા!

॥ નમો જિણપવયણસ્સ ॥

॥ અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥

પરમ શ્રુતોપાસક સિદ્ધાન્ત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની અનન્ય ઉપકારની સ્મૃતિમાં શ્રી રમણલાલ વજેચંદના સુપુત્રો અશોકભાઈ તથા હેમેન્દ્રભાઈના સહકારથી સંયોજિત

# સાત્ત્વિક સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા

પ્રકાશન નિધિ સંરક્ષક :

**રમણલાલ વજેચંદ શાહ, અમદાવાદ**

-: પ્રકાશન કાર્યાલય :-

**૧. ભરતકુમાર ચતુરદાસ સી. શાહ**

૯૬૮, કાળુશીનીપોળ, કાલુપુર, **અમદાવાદ**–૩૮૦૦૦૧.

**૨. સેવન્તીલાલ વી. જૈન**

૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ–૪૦૦૦૦૨.

પ્રેરણાદાતા : પ. પૂ. પ્રભાવક પ્રવચનકાર તપોનિધિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય **શ્રી રાજેન્દ્રવિજયજી** મહારાજ.

**ઉદ્દેશ** : આ ગ્રન્થમાળામાં પૂજ્ય આચાર્ય ભગવંતો, તેમજ પૂ. વિદ્વાન મુનિવર્યોના જિનાજ્ઞાનુસારી પ્રવચનો તથા વારંવાર મનનીય લેખોમાંથી, શાસ્ત્રના દોહનમાંથી તારવેલું ચિંતનીય હૃદયસ્પર્શી, સમાધિપ્રદ વચનામૃતો ધર્મકથા આદિ તાત્ત્વિક શુભસંગ્રહનો ગ્રન્થ દર વર્ષે એક એમ હાલ પાંચ વર્ષ પ્રકાશિત કરવાના અમારા મનોરથ છે.

**—: શ્રુત પ્રભાવના તથા સહાયક યોજના :—**

આ શ્રુત પ્રભાવનાના શુભ કાર્યમાં આર્થિક સહકાર તેમજ બનેલા શ્રુતોપાસક સભ્યોના ટેકાથી પ્રકાશિત પુસ્તકની કિંમત ઘટાડીને તથા પૂ. મુનિ ભગવંતોને તેમજ જૈન જ્ઞાનભંડારને ભેટ અપાશે.

**: નીચેની રકમ પાંચ વર્ષ માટેની જાણવી :**

રૂા. ૫૦૦/– આપનારને દર વર્ષે ૧૦ પુસ્તકો ભેટ મળશે.
રૂા. ૨૫૦/– આપનારને દર વર્ષે ૫ પુસ્તકો ભેટ મળશે
રૂા. ૧૦૦/– આપનારને દર વર્ષે ૩ પુસ્તકો ભેટ મળશે.
રૂા. ૫૦/– આપનારને દર વર્ષે ૨ પુસ્તકો ભેટ મળશે.

લિ.
સેવંતિલાલ વી. જૈન
**ભરતકુમાર ચતુરદાસ શાહ**
સાત્ત્વિક સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળાવતી

# સુસંસ્કાર-નિધિ-પ્રકાશન

-: પ્રેરક-માર્ગદર્શક :-

પૂજ્ય ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ

(૧) જૈન-દર્શનનું તત્ત્વજ્ઞાન મૂલ્ય રૂા. ૪-૦૦
(૧૬ ચિત્રોનો સંપૂટ : પ્લાસ્ટિક થેલીમાં)

(૨) ૨૨ અભક્ષ્યનું કેલેન્ડર રૂા. ૧-૦૦

(૩) તત્ત્વજ્ઞાનના સચિત્ર ૧૨ રેકઝીન-પટો રૂા. ૬૦૦-૦૦
(૧ મીટર × ૧ મીટર સાઈઝમાં,
સ્ક્રીન પ્રિન્ટમાં છાપેલા)

(૪ આહાર-શુદ્ધિ-પ્રકાશ રૂા. ૫-૦૦
૨૨ અભક્ષ્યનું વૈજ્ઞાનિક શૈલીથી રજૂઆત કરતું પુસ્તક. પ્રકાશક : વર્ધમાન સેવા કેન્દ્ર, ૬૮, ગુલાલ વાડી, ૩જે માળે, મુંબઇ-૪

(૫) શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના
૨૭ ભવનું જીવન-દર્શન રૂા.૨૦-૦૦
-સંપાદન : પૂ. ગણિવર્યશ્રી રાજેન્દ્રવિજયજી મહા.
-આલેખન : પૂ. મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહા.

(૬) જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલિ પ્રકાશ રૂા. ૭-૦૦
(૧૬ ચિત્રોનું ગુજરાતી વિવેચન)
પ્રકાશક : ભારતીય તત્ત્વ પ્રકાશન સમિતિ-પિંડવાડા
દિગ્દર્શક : પૂ. ગણિવર શ્રી રાજેન્દ્ર વિ. મહા.
વિવેચક : પૂ. મુ. શ્રી જયસુંદર વિ. મહા.

-: પ્રાપ્તિસ્થાન :-

સોહનલાલ મલુકચંદ
૧૩૮. બી, ચંદાવાડી ૨, જે માળે
સી. પી. ટેન્ક મુંબઇ ૪

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, ૧ લે માળે
ઝવેરી બજાર, મુંબઇ-૨